# श्रीमद् राजचंद्र प्रणीत मोक्षमाळा.

अंतर्गत,

सिंधु बिंदुरूप बालावबोध शिक्षापाठ.

“जेणे आत्माने जाण्यो तेणे सर्व जाण्युं”

निर्ग्रंथ प्रवचन.

प्रकटकर्त्ता,

परमश्रुत प्रभावक मंडल—मुंबई.

संवत् १९६२.

त्रीजी आवृत्ति.

सर्व हक स्वाधीन.

धी राइझींग स्टार प्रीन्टींग प्रेसमां,
व्यास कालीदास पीतांबरे छाप्युं—राजकोट.

# अनुक्रमणिका.


| पाठ. | | पृष्ठ. |
|---|---|---|
| १ | वांचनारने भलामण. | १ |
| २ | सर्वमान्य धर्म. | २ |
| ३ | कर्मना चमत्कार. | ४ |
| ४ | मानवदेह. | ५ |
| ५ | अनाथी मुनि भाग १ लो. | ७ |
| ६ | अनाथी मुनि भाग २ जो. | ९ |
| ७ | अनाथी मुनि भाग ३ जो. | १२ |
| ८ | सत्देव तत्त्व. | १४ |
| ९ | सत्धर्म तत्त्व. | १५ |
| १० | सद्गुरु तत्त्व भाग १ लो. | १७ |
| ११ | सद्गुरु तत्त्व भाग २ जो. | १९ |
| १२ | उत्तम गृहस्थ. | २० |
| १३ | जिनेश्वरनी भक्ति भाग १ लो. | २१ |
| १४ | जिनेश्वरनी भक्ति भाग २ जो. | २४ |
| १५ | भक्तिनो उपदेश. | २६ |
| १६ | खरी महत्ता. | २७ |
| १७ | बाहुबळ. | २९ |
| १८ | चार गति. | ३१ |
| १९ | संसारने चार उपमा भाग १ लो. | ३४ |
| २० | संसारने चार उपमा भाग २ जो. | ३६ |

| | | |
|---|---|---|
| २१ | बार भावना. | ३७ |
| २२ | कामदेव श्रावक. | ३९ |
| २३ | सत्य. | ४१ |
| २४ | सत्संग. | ४३ |
| २५ | परिग्रहने संकोचवो. | ४६ |
| २६ | तत्त्व समजवुं. | ४८ |
| २७ | यतना. | ५० |
| २८ | रात्रि भोजन. | ५२ |
| २९ | सर्व जीवनी रक्षा भाग १ लो. | ५३ |
| ३० | सर्व जीवनी रक्षा भाग २ जो. | ५५ |
| ३१ | प्रत्याख्यान. | ५७ |
| ३२ | विनयवडे तत्वनी सिद्धिछे. | ५९ |
| ३३ | सुदर्शन शेठ. | ६१ |
| ३४ | ब्रह्मचर्य विषे सुभाषित. | ६४ |
| ३५ | नमस्कार मंत्र. | ६५ |
| ३६ | अनुपूर्वी. | ६७ |
| ३७ | सामायिक विचार भाग १ लो. | ६९ |
| ३८ | ,, भाग २ जो. | ७१ |
| ३९ | ,, भाग ३ जो. | ७४ |
| ४० | प्रतिक्रमण विचार. | ७६ |
| ४१ | भिखारीनो खेद भाग १ लो. | ७८ |
| ४२ | ,, भाग २ जो. | ७९ |
| ४३ | अनुपम क्षमा. | ८२ |

| | | |
|---|---|---|
| ४४ | राग. | ८३ |
| ४५ | सामान्य मनोर्थ. | ८५ |
| ४६ | कपिल मुनि भाग १ लो. | ८६ |
| ४७ | ,, भाग २ जो. | ८८ |
| ४८ | ,, भाग ३ जो. | ८९ |
| ४९ | तृष्णानी विचित्रता. | ९२ |
| ५० | प्रमाद. | ९४ |
| ५१ | विवेक एटले शुं ? | ९६ |
| ५२ | ज्ञानीओए वैराग्य शा माटे बोध्यो. | ९८ |
| ५३ | महावीर शासन. | १०० |
| ५४ | अशुचि कोने कहेवी. | १०३ |
| ५५ | सामान्य नित्य नियम. | १०५ |
| ५६ | क्षमापना. | १०६ |
| ५७ | वैराग्य ए धर्मनुं स्वरुप छे. | १०८ |
| ५८ | धर्मना मत भेद भाग १ लो. | १०९ |
| ५९ | ,, भाग २ जो. | १११ |
| ६० | ,, भाग ३ जो. | ११३ |
| ६१ | सुखविषे विचार भाग १ लो. | ११६ |
| ६२ | ,, भाग २ जो. | ११८ |
| ६३ | ,, भाग ३ जो. | १२० |
| ६४ | ,, भाग ४ थो. | १२२ |
| ६५ | ,, भाग ५ मो. | १२४ |
| ६६ | ,, भाग ६ हो. | १२७ |

| | | |
|---|---|---|
| ६७ | अमूल्य तत्त्व विचार. | १२९ |
| ६८ | जितेंद्रियता. | १३० |
| ६९ | ब्रह्मचर्यनी नव वाड. | १३२ |
| ७० | सनतकुमार भाग १ लो. | १३५ |
| ७१ | ,, भाग २ जो. | १३७ |
| ७२ | बत्रिश योग. | १३८ |
| ७३ | मोक्ष सुख. | १४० |
| ७४ | धर्म ध्यान भाग १ लो. | १४३ |
| ७५ | ,, भाग २ जो. | १४६ |
| ७६ | ,, भाग ३ जो. | १४८ |
| ७७ | ज्ञान संबंधी वे बोल भाग १ लो. | १५० |
| ७८ | ,, भाग २ जो. | १५२ |
| ७९ | ,, भाग ३ जो. | १५३ |
| ८० | ,, भाग ४ थो. | १५५ |
| ८१ | पंचमकाळ. | १५६ |
| ८२ | तत्त्वावबोध भाग १ लो. | १५९ |
| ८३ | ,, भाग २ जो. | १६० |
| ८४ | ,, भाग ३ जो. | १६२ |
| ८५ | ,, भाग ४ थो. | १६३ |
| ८६ | ,, भाग ५ मो. | १६५ |
| ८७ | ,, भाग ६ ठो. | १६६ |
| ८८ | ,, भाग ७ मो. | १६८ |
| ८९ | ,, भाग ८ मो. | १६९ |

| | | |
|---|---|---|
| ૯૦ | ,, ભાગ ૯ મો. | ૧૭૦ |
| ૯૧ | ,, ભાગ ૧૦ મો. | ૧૭૨ |
| ૯૨ | ,, ભાગ ૧૧ મો. | ૧૭૪ |
| ૯૩ | ,, ભાગ ૧૨ મો. | ૧૭૬ |
| ૯૪ | ,, ભાગ ૧૩ મો. | ૧૭૭ |
| ૯૫ | ,, ભાગ ૧૪ મો. | ૧૭૮ |
| ૯૬ | ,, ભાગ ૧૫ મો. | ૧૭૯ |
| ૯૭ | ,, ભાગ ૧૬ મો. | ૧૮૧ |
| ૯૮ | ,, ભાગ ૧૭ મો. | ૧૮૨ |
| ૯૯ | સમાજની અગત્ય. | ૧૮૪ |
| ૧૦૦ | મનોનિગ્રહનાં વિઘ્ન. | ૧૮૫ |
| ૧૦૧ | સ્મૃતિમાં રાખવા યોગ્ય મહાવાક્યો. | ૧૮૬ |
| ૧૦૨ | વિવિધ પ્રશ્નો ભાગ ૧ લો. | ૧૮૭ |
| ૧૦૩ | ,, ભાગ ૨ જો. | ૧૮૯ |
| ૧૦૪ | ,, ભાગ ૩ જો. | ૧૯૦ |
| ૧૦૫ | ,, ભાગ ૪ થો. | ૧૯૨ |
| ૧૦૬ | ,, ભાગ ૫ મો. | ૧૯૩ |
| ૧૦૭ | જિનેશ્વરની વાણી. | ૧૯૪ |
| ૧૦૮ | પૂર્ણ માલિકા મંગળ. | ૧૯૫ |

# पहेली आवृत्तिनी प्रस्तावना.

## शिक्षण पद्धति अने मुख मुद्रा.

आ एक स्याद्वाद तत्वाव बोध वृक्षनुं बीज छे. आ ग्रंथ तत्व पामवानी जीज्ञासा उत्पन्न करी शके एवुं एमां कंइ अंशे पण दैवत रह्युं छे ए सम्भात्रथी कहुं छउं.

पाठक अने वांचक वर्गने मुख्य भलामण ए छे के शिक्षापाठ पाठे करवा करतां जेम बने तेम मनन करवा, तेनां तात्पर्य अनुभववा, जेमनी समजणमां न आवता होय तेमणे ज्ञाता शिक्षक के मुनियोथी समजवा, अने ए योग-वाइ न होय तो पांच सात वखत ते पाठो वांची जवा एक पाठ वांची गया पछी अर्ध घडी ते पर विचार करी अंतःकरणने पूछवुं के शुं तात्पर्य मळ्युं? ते तात्पर्यमांथी हेय ज्ञेय अने उपादेय शुं छे? एम करवाथी आखो ग्रंथ समजी शकाशे, हृदय कोमळ थशे; विचार शक्ति खीलशे; अने जैन तत्वपर रुडी श्रद्धा थशे. आ ग्रंथ कंइ पठन करवा रुप नथी; पण मनन करवा रुप छे. अर्थरुप केळवणी एमां योजी छे ते योजना बालावबोध रुप छे. विवेचन अने प्रज्ञानबोध भाग भिन्न छे आ एमांनो एक ककडो छे; छतां सामान्य तत्वरुप छे.

स्वभाषा संबंधी जेने सारुं ज्ञान छे, अने नवतत्व तेमज सामान्य प्रकरण ग्रंथो जे समजी शकेछे; तेवाओने आ ग्रंथ विशेष बोध दायक थशे. आटली तो अवश्य भलामण छे के

नाना बाळकने आ शिक्षापाठोनुं तात्पर्य समजण रुपे सविधि आपवुं.

ज्ञानशाळाना विद्यार्थिओने शिक्षापाठ मुखपाठे करावबाने वारंवार समजाववा, जे जे ग्रंथोनी ए माटे सहाय लेवी घटे ते लेवी एक बे वार पुस्तक पूर्ण शीखी रह्या पछी अवळेथी चलाववुं.

आ पुस्तक भणी हुं धारुं छउंके मुज्ञ वर्ग कटाक्ष दृष्टिथी नहीं जोशे बहु उंडा उतरतां आ मोक्षमाळा मोक्षना कारणरुप थइ पडशे! मध्यस्थताथी एमां तत्वज्ञान अने शील बोधवानो उद्देश छे.

आ पुस्तक प्रसिद्ध करवानो मुख्य हेतु उछरता बाळयुवानो अविवेकी विद्या पामी आत्मसिद्धिथी भ्रष्ट थायछे ते भ्रष्टता अटकाववानो पण छे

मनमानतुं उत्तेजन नहीं होवाथी लोकोनी मान्यता केवी थशे ए विचार्या वगर आ साहस कर्युं छे, पण हुं धारुं छउं के ते फळदायक थशे. शाळामां पाठकोने भेट दाखल आपवा उमंगी थवा अने जैनशाळामां उपयोग करवा मारी भलामण छे, तोज पारमार्थिक हेतु पार पडशे.

## बीजी आवृत्तिनी प्रस्तावना.

१ आ ग्रंथ एक स्याद्वाद तत्वावबोध वृक्षनुं बीज छे. तत्व जीज्ञासा उत्पन्न करी शके एवुं एमां कंइ अंशे दैवत रहुंछे, ए संभावथी कहेवा योग्य छे.

मुज्ञ जीवो मध्यस्थताथी पठन–मनन करशे, तो तेओने आ ग्रंथ बहु लाभकारी थशे. बहु उंडा उतरतां आ मोक्ष-माळा मोक्षनां कारण रुप थइ पडशे. मध्यस्थताथी एमां तत्वज्ञान अने शिल बोधवानो उद्देश छे.

वांचनारने अने भणनारने मुख्य भलामण ए छे के आ शिक्षापाठ एकला पाठे करवा करतां जेम बने तेम मनन करवा अने तेना तात्पर्य अनुभववां. जे न समजे तेणे जाणनार पासेथी विनय पूर्वक समजवानो उद्यम करवो. एवी योगवाइ न मळे तो ए पाठो पांच सातवार शांति पूर्वक वांची जवा. एक पाठ वांची गया पछी अर्ध घडी ए उपर विचार करी मनने पूछवुं के शुं समजायुं? जे समजायुं तेमां हेय (छांडवा योग्य,) ज्ञेय (जाणवा योग्य) अने उपादेय (आदरवा योग्य) शुं छे? आम करवाथी आखो ग्रंथ समजी शकाशे; हृदय कोमळ थशे, विचार शक्ति खीलशे; अने विनराग मार्ग उपर रुडी श्रद्धा थशे.

आ ग्रंथ एकलो वांची जवानो नथी. एमां मनन करवानी जरुर छे. अर्थरुपी केळवणी एमां योजीछे. ए योजना बालाववोध छे; जे तत्व जीज्ञासु बाळ विवेकियोने बहु उपयोगी छे, विवेचन अने प्रज्ञाववोध भाग भिन्नछे, आ पुस्तक एमांनो एक खंडछे; छतां सामान्य तत्वरुप छे. गुजराती भाषानुं जेने सारुं ज्ञानछे अने नवतत्वादि सामान्य प्रकरणो जे समजी शकेछे एओने आ ग्रंथ विशेष बोध दायक थशे. आ ग्रंथनी योजनानो एक हेतु उछरता युवा-

नोने आत्म-हित भणी लक्ष करावववानो छे. तेमज आत्मार्थी पुरुषो आवी बीजी स्वपर हितकारी माळा गुंथी प्रसिद्धिमां लावे एवो पण एक हेतुछे. आ मोक्षमाळानां चार पुस्तको थवानी योजना हती एमांनुं आ बीजुं पुस्तक छे.

अगाउ कह्युं तेम आ पुस्तक बालावबोध छे. विवेचन अने प्रज्ञानबोध त्रीजा अने चोथा पुस्तकमां आववानी योजना हती. पहेलां पुस्तकनो उद्देश पांचमा पारिग्राफथी सूचित थायछे. आ ग्रंथना कर्त्ता पुरुष ए बाकीनां पुस्तको गुंथे ए पहेलां तेओ श्रीनो देहोत्सर्ग थयोछे; जेना करतां बीजुं कंइ संताप जनक होइ शके नहीं. त्रीजा अने चोथा पुस्तकनी संकलना दरेक माळाना १०८ शिक्षापाठ रुप मणकावडे संक्षेपमां अल्प वखतमां एओए प्रकाशी छे. कोइ विवेकी, मध्यस्थभावी जीव ज्ञानी पुरुषनुं आलंबन लइ ए संकलना प्रमाणे माळा गुंथवा पुरुषार्थ करे तो ते महा भागने स्वपरहित सुलभ छे. तथास्तु!

२ आ ग्रंथनी आ बीजी आवृत्ति प्रगट थायछे. "वितराग मार्ग प्रवेशिका" एवुं उपनाम आ ग्रंथने योग्य छे. वितराग कथित मार्गनुं स्वरुप आ ग्रंथमां दर्शाव्युं छे ज्ञानादि विकसाववानी, विशुद्ध करवानी आमां कुंची रहेली छे. कर्त्ता पुरुषे प्रकाश्युं छे केः—बहु उंडा उतरतां आ मोक्षमाळा मोक्षनां कारणरुप थइ पडशे. (कारणके) मध्यस्थताथी एमां तत्वज्ञान अने शिल बोधवानो उद्देश छे."

आ मोक्षमाळा मोक्षवधु माटेनी वरमाळा थाय ए सहज सिद्ध थायछे. तत्वज्ञान अने सत्शील, अथवा ज्ञान अने क्रिया, अथवा श्रुत अने चारित्र धर्मनी आराधना, अथवा सम्यग्ज्ञान, सम्यग्दर्शन करीने सम्यक्चारित्र सरळभापामां सत्य जाणपणुं अने ते प्रमाणे सत्य वर्तन आ मोक्ष प्राप्तिनां साधन छे; अने ए साधनोनो आ ग्रंथमां बोधछे.

तो ते यथार्थ वांची-विचारी ते प्रमाणे प्रवर्तनारने मोक्ष केम सुलभ न होय ? अर्थात् तत्व समजवानो प्रयास करी, ते समजी सीधी रीते वर्त्ते तो तेने मोक्ष दूर नथी. आम तत्वज्ञान पामवानो, सत्शील सेववानो, अने परिणामे मोक्ष मेळववानो आखा ग्रंथमां बोधछे. तत्व जीज्ञासा जागृत करे, अने सद्वर्तनमां प्रेरे एवो स्थळे स्थळे उपदेश छे. अज्ञान अने मतमतांतर टाळवानो, मध्यस्थताथी तत्व उपर आववानो, एवी रुची उपजाववानो प्रयास स्थळे स्थळे छे, जे मोक्षनां कारणरुप छे. शिक्षापाठ मात्र मनन करवा योग्य छे. एटले प्रत्येकनुं प्रथक् अवलोकन न करतां ए वांचनारने शीर राखवुं योग्य छे. वांचनारने भलामणना पाठमां दर्शाव्या प्रमाणे विवेक पूर्वक, मनन पूर्वक, आ माळा कंठे धरवाथी प्रांते बहु हित थशे माटे सर्व सुज्ञ भाइओ, व्हेनोए विवेक पूर्वक, मध्यस्थताथी, ममत्व दूर करी बहुमान अने विनय पूर्वक आ ग्रंथनुं पठन-मनन करवुं, जेथी मोक्षनां कारणरुप थइ पडवानो आ माळानो हेतु सहज सिद्ध थाय. तथास्तु !

# त्रीजी आवृत्तिनी प्रस्तावना.

श्री मोक्षमाळानी आ त्रीजी आवृत्ति लोक सेवामां रजु करतां अमने घणो आनंद थायछे. तत्त्वजीज्ञासुओने सामान्यपणे तत्त्वावबोधनां निमित्तरुप आ माळा केवळ जैनियो माटे अथवा एक अमुक संप्रदाय माटे रचवामां नथी आवी.—ए एनी अंदरना शिक्षापाठोथी खात्री थाय एमछे.

प्रकरण ग्रंथोना ज्ञानकांड अने क्रियाकांड एवा बे विभाग पाडिये तो आ ग्रंथ प्रथम भागमां आवेछे. जेम संप्रदाय जुदो, तेम क्रिया पण जुदी, अर्थात् संप्रदाय भेदे क्रियाभेद पण होय आ वात स्वाभाविक छे; अने एकांत क्रियाने उद्देशी आ मोक्षमाळा लखवामां आवी हत तो एने अमुक एक संप्रदायनो पक्ष लेवो पडत; अने एम थतां सामान्य वांचनाराओमां, जैनना जुदा जुदा संप्रदायमां एणे जे जिज्ञासाबोध जागृति आणीछे, एजे आदर सत्कार पामीछे, तेमां मोटी खामी आवत. जेम जेम क्रियाओ जुदी तेम तेम संप्रदाय पण जुदा; अने जेम जेम संप्रदाय जुदा तेम तेम क्रियाओ पण जुदी, आ एक बीजाने आधारे रहेलां लांबा काळथी चाली आवेलां सत्यछे. देश—काळादि भेदे क्रियादि भेद पडेछे; क्रियादि भेदे संप्रदाय पंथभेद पडेछे; पण ते सर्वमां ज्ञानभाग तो सामान्यज रहेछे; तत्त्वज्ञानमां फेर पडतो नथी.

" लिंग अने भेदो जे वृत्तनां रे,
"द्रव्य देश काळादि भेद—मूळ मारग सांभळो जीननो रे,

"पण ज्ञानादिनी जे न्यूनता रे,
"तेतो त्रण्ये काळेज अभेद–मूळ०

कर्त्ता पुरुष श्रीमद् राजचंद्र.

रुपियो राखवानी कोथळी काळक्रमे घसाइ जीर्ण थइ नाश पामे, तेने साटे नवी कोथळी आवे, पण एनी अंदर रहेल रुपियो तो तेनो तेज, तेम काळक्रमे नवा नवा संप्रदाय थाय, एक संप्रदाय लोप थइ तेनी जगोए बीजो उत्पन्न थाय, क्रियामां फेरफार–रुपांतर थाय, पण ते बधानो आधार, सामान्य अवलंबन तो परापूर्वथी चाल्यो आवतो ज्ञानमार्ग, अनादि काळथी सत्पुरुषोथी, महात्माओथी उत्तरोत्तर उतरी आवतुं तत्त्वज्ञान,–तेनुं गर्भित गूढ रहस्य जे ज्ञान ते तो एकज.

आ ग्रंथनुं तत्त्व पण रुपियो छे, अर्थात् ए ज्ञान मुख्य छे, एनो गर्भ ज्ञानछे; अने तेथी ते गमे ते देशकाळमां ते ते देशकाळनी भाषामां तत्त्वजिज्ञासुओने तत्त्वावबोधनां कारणरुप थशे. श्रीमन् कर्त्ता पुरुषे प्रथमावृत्तिनी प्रस्तावनामां, तेनी मुखमुद्राना मथाळेज पूर्ण विचार करी आ भविष्य भाखेलुं छे. जैनोमां जुदा जुदा संप्रदाय, गच्छभेद छतां आ मोक्षमाळा सामान्य बोधनुं कारण थयेल छे, ए ए संभावनाने विचारपूर्वक भविष्य भाणीने सत्य ठरावे छे.

पहेली आवृत्ति संवत् १९४३–४४मां बहार पडी हती. बीजी आवृत्ति संवत् १९५७मां प्रगट थइ; अने त्यार पछी आ त्रीजी आवृत्ति लोक सेवामां रजु थायछे, ए आ ग्रंथनी

लोकमां वधेली जीज्ञासा सूचवे छे. घणी सारी पाठशाळाओमां आ ग्रंथ धर्म–नीति–तत्त्वज्ञानना शिक्षण अर्थे मुकरर करवामां आव्यो छे; तेथी पण एनी मागणी विशेष जोवामां आवेछे. आथी आनी चोथी आवृत्तिनो खप पण टुंक मुदतमां जागशे, एम अमने लागेछे. हिंदी भाषामां आनुं भाषांतर पण थयेल छे, मराठीमां थवानुं छे ए जे हेतु ए आ ग्रंथ योजायलो छे, तेनी सिद्धि साधकता अने तेनी उत्तमताना पुरावारुप छे.

आ ग्रंथ जीज्ञासानी वृद्धि करशे, एवी आशा आम जोतां सफळ थइ छे, छतां आ ग्रंथना पहेला, त्रीजा अने चोथा भागो रची तैयार करी प्रगट करवा कोइ वीरपुरुष वहार नथी आव्यो ए खेद जनक छे. संपूर्ण तत्त्वज्ञाननी टोचे पहोंचवुं तो रह्युं, पण सामान्य बोधनीए ए मंदता सूचवे छे; जे खरेखर खेद युक्त छे. आ कार्य कोइ सुज्ञ तत्त्वजिज्ञासु माथे लइ पार पाडशे, एवी अमे बीजी आवृत्तिनी प्रस्तावनामां आशा प्रगट करी हती, पण ए वातने पांच वरस थइ गयांछे; मूळ कर्त्ता पुरुषे पोतानी अंत अवस्थाए प्रकाशेल अनुक्रमणिका माटे पण कोइनी मागणी थइ नथी! पण आथी अमे निराश नथी थता. हजी कोइने कोइ सत्वशाळी महानुभाव दर्शन देशेज, केमके बहु–रत्ना वसुंधरा अने एने आ अनुक्रमणिका उपयोगी थशे.

श्रीमद् राजचंद्रना विचारादि संग्रहनो एक म्होटो ग्रंथ क्यारनो लोक सेवामां रजु थयोछे, तेमां पण आ मोक्षमा-

त्माना तत्वमुख शिक्षापाठो दाखल करेला छे.

श्री मोक्षमाळानी बीजी तथा आ त्रीजी आवृत्तिना अंगे अमे वांचक वर्गनी क्षमा चाहिये छिये, के अनिवार्य कारणोने लइ, मुफशुधारणानी खामीने लइ बीजी आवृति बहु दोषवाळी रही हती; पहेली आवृति करतां पण वधारे दोषवाळी हती; अने आ त्रीजी आवृति पण दोष रहित थइ शकी नथी. शुद्धि पत्रक आ साथे टांकेलुं छे, पण हवे पछीनी आवृत्तिमां आ के आवा दोषो न आवे, न रहे, एम थवा करवा आशा राखिये छिये.

घणीवार लोको जे वात (साची के खोटी) पोते मानी बेठा होय तेने अणसमजथी ग्रंथनी वात साथे सेळभेळ करी देछे. साची वातनी तो हरकत नहि, पण खोटी वातना सेळभेळथी ग्रंथने बहु हानि पहोंचे छे; विचक्षण जनो पण आ भुलावो खाय छे, तो सामान्य जनोनुं तो कहेवुं ज शुं ? ग्रंथमां रहेलो आशय ते ग्रंथना वांचनारा के सांभळनारा समजफेर रुपे ग्रहण करे. तेथी वांचनारा के सांभळनारा पोताने तो सत्यनो लाभ नथी थतो, पण उलटुं ग्रंथने तेना वस्तु-विचार-विषयने, तेना कर्त्ताने अन्याय थायछे अने तेथी थवाना भविष्यना लाभने जबरो धक्को पहोंचे छे, आ ग्रंथने अंगे पण एकाद बे बाबतमां कांइक असंमजस भावे समजफेर थयेलो अमारे काने आव्यो छे. आखो ग्रंथ मध्यस्थभावे, केवळ पक्षपात रहित, मतभेदने कोरे मूकी, तत्त्व बोधने अवलंबी तेना प्रचार अर्थे लखायलो छे; आ खाते

ग्रंथनुं मननपूर्वक, युक्तिपूर्वक, मध्यस्थभावे अवलोकन करतां तेना निष्पक्षपातपणानी खात्री थाय एम छे. छतां उपर जणाव्युं तेम अज्ञान जन्य समज फेर थयेल छे. जे जोके कोइ रीते ग्रंथना गौरवने घटाडे एम नथी, अथवा तो तेना विषयने, के कर्त्ताने के भाविलाभने उपर कह्या मुजब हानि रुप नथी; केमके सुवर्ण सदाकाळ सुवर्ण रुपे स्थित रहेशे; कोइ एने समज फेर पीतळ कहे, गणे, ग्रहे, तेथी तेना सुवर्णपणामां कांइ बाध आवे एम नथी. हानि मात्र समज फेरने लइ एना लाभथी अंतराय पामनारने छे. जे वे स्थळोए समज फेर करवामां आवेछे ते आ प्रमाणे छे.

१—सर्व मान्य धर्मना बीजा शिक्षापाठमां

"पुष्प पांखडी ज्यां दुभाय, जिनवरनी त्यां नहि आज्ञाय"

२—नमस्कारना पाठमां मथाळे पंचपरमेष्टि वांचक पांचज पद आप्यां छे; ते—

"पुष्प पांखडी ज्यां दुभाय छे." सर्वमान्य अहिंसाना बोध पाठमां कहेवामां आवेल छे. एमां कहेलुं छे के सर्व जीवनी रक्षा, सर्व जीवनी मन-वाणी-कर्मे करी दया ए परमधर्म छे; अने आवी संपूर्ण दयानो कोइ दर्शन बोध करतुं होय तो ते श्री जैन दर्शन छे; तेनी दया एटली सूक्ष्म छे के फुलनी पांखडी जेवो सूक्ष्ममां सूक्ष्म जीव दुभाववो एमां पण श्री जिनवर देवनी आज्ञा न होय. दया धर्मनी सूक्ष्मतानो ख्याल आपवा आ एक वचन कह्युं, के पुष्प जेवा क्षीणा क्षुद्र जंतुनी दया जेणे स्वीकारी छे, तेवा

झीणा जीवने पण कोइ रीते दुभाववो नहि, एवी जेनी आज्ञाछे, ए श्री वीतराग महावीर देवनोज परम दयामय अविरोधी धर्मछे. आम दयाना सूक्ष्म प्रकारना दृष्टांत रुपे "पुष्प पांखडी ज्यां दुभाय इ." सापेक्ष वचनो नीकळेला छे. तेने कोइ कोइ भाइओए केवा अणसमज रुप अन्य आशयमां सेळभेळ करी दीधेल छे, ते जोतां ग्लानि उपजे छे. वर्त्तमानमां एक पक्ष एम कहेछे, के श्रीजिनवर देवनी पूजामां पुष्प न वापरवां, केमके एथी हिंसा थायछे; बीजो सामो पक्ष एम कहेछे के हिंसाना परिणामे पुष्पनो श्रीजिनेंद्र पूजामां उपयोग थतो नथी, पण त्रिलोक पूज्य, त्रण लोकना नाथ एवा वीतराग परमात्मानी जगत्मां रम्य मनोरम आल्हादक गणाता द्रव्ये करी भावपूर्वक पूजा रुपे पुष्पनो उपयोग थायछे, अने एथी उलटुं हिंसाना बदले भक्ति उल्लासना फळरुप महापूण्य उपार्जन थायछे, अने परिणामे निर्जरा थायछे. आम बे पक्ष जे पुष्प पूजाना विधि-निषेधमां पडेला छे तेनो आशय आ वाक्यने आरोपी दीधो; पण ए शुरु थायछे. "पुष्प पांखडी ज्यां दुभाय इ." ने आ तकरार साथे कांइ लेवा देवा नथी. दयानो सूक्ष्म प्रकार बताववाना हेतुए ए शब्दो काव्यमां आवेला छे; आम ए सापेक्ष छे; ए संबंधी आशयांतर कर्त्तव्य नथी.

२. श्री पंचपरमेष्ठिनां तो नव पदछे. एम एक पक्ष-माने छे, अने अने तो पांच पदज मुकेलां छे! अहिंया पण पोतानी मानिनताने लइ आशय फेर असंमजस भावे थयो

ण श्री नमस्कारना शिक्षापाठमां मथाळे पंचपरमेष्ठि वाचक पांच पद मुकतां ए पद मुकनार महाशयने कांइ पांच पद वाळा साथे के नव पदवाळा साथे लेवादेवा नहोतुं. विश्व-माननीय, पूजनीय पंच उत्कृष्ट वस्तुओ कइ कइ? तो के श्री अरिहंतादि पंचपरमेष्ठि, आ बताववा रुपेज ए पंचपरमेष्ठि नमस्कार श्री पाठना मथाळे मुकायां छे. नव पद माननाराए आथी आशय फेर कर्त्तव्य नथी. बीजां चार पद ए पंच पदना महीमाना स्तोत्र रुपेछे, अने आ शिक्षापाठ पण भाषा फेरे ए पंच परमोत्कृष्ट वस्तुओना गुणना गानरुप छे. माटे असमजस भावे कोइ भाइए कांइ विकल्प करवो योग्य नथी.

आवा समजफेर घणा बनवा योग्य छे, अने ते अलक्ष करवा घटेछे; पण समजफेरथी ग्रहण करनारे बहु संभाळी विचारी चालवुं योग्य छे, आशयने उलटाववाथी पोताने लाभांतराय थायछे; बीजाने पण ए अंतरायनुं पोते निमित थायछे. जेथी आम अणसमजने लइ बेवडा अंतरायनो पोते भागी थायछे माटे आत्महितैषी जिज्ञासु भाइओ—ब्हेनोने अमे बीजी आवृत्तिनी प्रस्तावना जोइ ते मुजब मनन पूर्वक, मध्यस्थ दृष्टिए आ ग्रंथ फरी फरी वांचवा—विचारवा विनवियें छिए. इतिशं०

| | |
|---|---|
| मुंबइ—मांडवी<br>संवत् १९६२ना अशाढ<br>शुकल २ | ली॰ क्षमा श्रमण चरण सेवक<br>मनसुख वि॰ कीरत्चंद<br>महेता. |

ॐ

श्रीमद् राजचंद्र प्रणीत

# मोक्षमाळा.

## पुस्तक बीजुं.

---

### शिक्षापाठ १. वांचनारने भलामण.

वांचनार! आ पुस्तक आजे तमारा हस्तकमळमां आवे छे. तेने लक्षपूर्वक वांचजो, तेमां कहेला विषयोने विवेकथी विचारजो, अने परमार्थने हृदयमां धारण करजो. एम करशो तो तमे नीति, विवेक, ध्यान, ज्ञान, सद्गुण अने आत्मशांति पामी शकशो.

तमे जाणता हशो के, केटलाक अज्ञान मनुष्यो नहीं वांचवायोग्य पुस्तको वांचीने अमूल्य वखत वृथा खोइ दे छे; जेथी तेओ अवळे रस्ते चढी जाय छे, आ लोकमां अपकीर्ति पामे छे; अने परलोकमां नीच गतिए जाय छे.

भाषाज्ञानना पुस्तकोनी पेठे आ पुस्तक पठन करवानुं नथी, पण मनन करवानुं छे. तेथी आ भव अने परभव

बन्नेमां तमारुं हित थशे. भगवाननां कहेलां वचनोनो एमां उपदेश कर्यो छे.

तमे आ पुस्तकनो विनय अने विवेकथी उपयोग करजो. विनय अने विवेक ए धर्मना मूळ हेतुओ छे.

तमने बीजी एक आ पण भलामण छे के, जेओने वांचतां आवडतुं न होय, अने तेओनी इच्छा होय तो आ पुस्तक अनुक्रमे तमने वांची संभळाववुं.

तमने आ पुस्तकमांथी जे कंइ न समजाय ते सुविचक्षण पुरुष पासेथी समजी लेवुं योग्य छे.

तमारा आत्मानुं आथी हित थाय; तमने ज्ञान, शांति अने आनंद मळे; तमे परोपकारी, दयाळु, क्षमावान, विवेकी अने बुद्धिशाळी थाओ; एवी शुभ याचना अर्हत भगवान् पासे करी आ पाठ पूर्ण करुं छउं.

---

## शिक्षापाठ २. सर्वमान्य धर्म.

चोपाइ.

धर्मतत्त्व जो पूछयुं मने,
तो संभळावुं स्नेहे तने;
जे सिद्धांत सकळनो सार,
सर्व मान्य सहुने हितकार. १.

भाख्युं भापणमां भगवान,
धर्म न बीजो दया समान;
अभयदान साथे संतोष,
द्यो प्राणीने, दळवा दोष. २.

सत्य, शील ने सघळां दान,
दया होइने रह्यां प्रमाण;
दया नहीं तो ए नहीं एक,
विना सूर्य किरण नहीं देख. ३.

पुष्पपांखडी ज्यां दूभाय,
जिनवरनी त्यां नहीं आज्ञाय;
सर्व जीवनुं ईच्छो सुख,
महावीरनी शिक्षा मुख्य. ४.

सर्व दर्शने ए उपदेश;
ए एकांते—नहीं विशेप;
सर्व प्रकारे जिननो बोध,
दया दया निर्मळ अविरोध! ९.

ए भवतारक सुंदर राह,
धरिये तरिये करी उत्साह;
धर्म सकळनुं ए शुभ मूळ,
ए वण धर्म सदा प्रतिकूळ. ६.

तत्त्वरुपथी ए ओळखे,
ते जन प्होचें शाश्वत सुखे;

शांतिनाथ भगवान प्रसिद्ध,
राजचंद्र करुणाए सिद्ध. ७.

---

## शिक्षापाठ ३. कर्मना चमत्कार.

हुं तमने केटलीक सामान्य विचित्रताओ कही जउं छउं; ए उपर विचार करशो, तो तमने परभवनी श्रद्धा दृढ थशे.

एक जीव सुंदर पलंगे पुष्पशय्यामां शयन करे छे, एकने फाटल गोदडी पण मळती नथी. एक भात भातनां भोजनोथी तृप्त रहे छे, एकने काळी जारना पण सांशा पडेछे. एक अगणित लक्ष्मीनो उपभोग ले छे, एक फूटी बदाम माटे थइने घेर घेर भटके छे. एक मधुरां वचनोथी मनुष्यनां मन हरे छे, एक अवाचक जेवो थइने रहे छे. एक सुंदर वस्त्रालंकारथी विभूषित थइ फरे छे, एकने खरा शियाळामां फाटेलुं कपडुं पण ओढवाने मळ्तुं नथी. एक रोगी छे, एक प्रबळ छे. एक बुद्धिशाळी छे, एक जडभरत छे. एक मनोहर नयनवाळो छे, एक अंध छे. एक लूलो, के पांगळो छे, एकना पग ने हाथ रमणीय छे. एक कीर्तिमान छे, एक अपयश भोगवे छे. एक लाखो अनुचरो पर हुकम चलावे छे, अने एक तेटलाना ज टुंबा सहन करे छे. एकने जोइने आनंद उपजे छे, एकने जोतां वमन थाय छे. एक संपूर्ण इंद्रियोवाळो छे, अने एक अपूर्ण इंद्रियोवाळो छे. एकने दिन दुनियानुं लेशभान नथी, ने एकनां दुःखनो किनारो पण नथी.

एक गर्भाधानमां आवतां ज मरण पामे छे. एक जन्म्यो के तरत मरण पामे छे. एक मुवेलो अवतरे छे; अने एक सो वर्षनो वृद्ध थइने मरे छे.

कोइनां मुख, भाषा अने स्थिति सरखां नथी. मूर्ख राज्यगादी पर खमा खमाथी वधावाय छे, अने समर्थ विद्वानो धक्का खाय छे!

आम आखा जगत्‌नी विचित्रता भिन्न भिन्न प्रकारे तमे जुओ छो; ए उपरथी तमने कंइ विचार आवे छे? में कह्युं छे ते उपरथी तमने विचार आवतो होय तो कहो के, ते शा वडे थाय छे?

पोतानां बांधेलां शुभाशुभ कर्मवडे. कर्मवडे आखो संसार भमवो पडेछे. परभव नहीं माननार पोते ए विचारो शावडे करे छे ते उपर यथार्थ विचार करे, तो ते पण आ सिद्धांत मान्य राखे.

---

## शिक्षापाठ ४. मानवदेह.

आगळ कह्युं छे ते प्रमाणे विद्वानो मानवदेहने बीजा सघळा देह करतां उत्तम कहे छे. उत्तम कहेवानां केटलांक कारणो अत्रे कहीशुं.

आ संसार बहु दुःखथी भरेलो छे. एमांथी ज्ञानीओ तरीने पार पामवा प्रयोजन करे छे. मोक्षने साधी तेओ

अनंत सुखमां विराजमान थाय छे. ए मोक्ष बीजा कोइ देहथी मळतो नथी. देव, तिर्यंच के नरक ए एके गतिथी मोक्ष नथी; मात्र मानवदेहथी मोक्ष छे.

त्यारे तमे कहेशो के, सघळां मानवियोनो मोक्ष केम थतो नथी ? तेनो उत्तरः जेओ मानवपणुं समजे छे, तेओ संसारशोकने तरी जायछे. जेनामां विवेकबुध्धि उदय पामी होय, अने ते वडे सत्यासत्यनो निणर्य समजी, परम तत्त्वज्ञान तथा उत्तम चारित्ररूप सद्धर्मनुं सेवन करी जेओ अनुपम मोक्षने पामे छे, तेना देहधारीपणाने विद्वानो मानवपणुं कहे छे. मनुष्यना शरीरना देखाव उपरथी विद्वानो तेने मनुष्य कहेता नथी; परंतु तेना विवेकने लइने कहे छे. बे हाथ, बे पग, बे आंख, बे कान, एक मुख, बे होठ अने एक नाक ए जेने होय तेने मनुष्य कहेवो एम आपणे समजवुं नहीं. जो एम समजीए तो पछी वांदराने पण मनुष्य गणवो जोइए. एणे पण ए प्रमाणे सघळुं प्राप्त कर्युं छे. विशेषमां एक पूंछडुं पण छे; त्यारे शुं एने महा मनुष्य कहेवो ? ना, नहीं. मानवपणुं समजे ते ज मानव कहेवाय.

ज्ञानीओ कहे छे के, ए भव बहु दुर्लभ छे; अति पुण्यना प्रभावथी ए देह सांपडे छे; माटे एथी उतावळे आत्मसार्थक करी लेवुं. अयमंतकुमार, गजसुकुमार जेवां नानां बाळको पण मानवपणाने समजवाथी मोक्षने पाम्यां. मनुष्यमां जे शक्ति वधारे छे, ते शक्तिवडे करीने मदोन्मत्त हाथी जेवां प्राणीने पण वश करी ले छे; ए शक्तिवडे जो तेओ पोतानां

मनरुपी हाथीने वश करी ले, तो केटलुं कल्याण थाय!

कोइ पण अन्य देहमां पूर्ण सद्विवेकनो उदय थतो नथी, अने मोक्षना राजमार्गमां प्रवेश थइ शकतो नथी. एथी आपणने मळेलो आ बहु दुर्लभ मानवदेह सफळ करी लेवो ए अवश्यनुं छे. केटलाक मूर्खो दुराचारमां, अज्ञानमां, विषयमां, अने अनेक प्रकारना मदमां आवो मानवदेह वृथा गुमावे छे. अमूल्य कौस्तुभ हारी बेसे छे. आ नामना मानव गणाय, बाकी तो वानररुप ज छे.

मोतनी पळ, निश्चय, आपणे जाणी शकता नथी, माटे जेम बने तेम धर्ममां त्वराथी सावधान थवुं.

---

## शिक्षापाठ ५. अनाथी मुनि भाग १.

अनेक प्रकारनी रिध्धिवाळो मगधदेशनो श्रेणिक नामे राजा अश्वक्रिडाने माटे मंडिकुक्ष नामनां वनमां नीकळी पड्यो. वननी विचित्रता मनोहारिणी हती. नाना प्रकारनां वृक्षो त्यां आवी रह्यां हतां; नाना प्रकारनी कोमळ वेलीओ घटाटोप थइ रही हती; नाना प्रकारनां पंखीओ आनंदथी तेनुं सेवन करतां हतां; नाना प्रकारनां पक्षियोनां मधुरां गायन त्यां संभळातां हतां; नाना प्रकारनां फूलथी ते वन छवाइ रहुं हतुं; नाना प्रकारनां जळनां झरण त्यां वहेतां हतां. टुंकामां ए वन नंदनवन जेवुं लागतुं हतुं. ते वनमां एक झाड तळे महा समाधिवंत पण सुकुमार अने सुखोचित मुनिने ते श्रेणिके

वेठेलो दीठो. एनुं रूप जोइने ते राजा अत्यंत आनंद पाम्यो. उपमारहित रूपथी विस्मित थइने मनमां तेनी प्रशंसा करवा लाग्यो. आ मुनिनो केवो अद्भुत वर्ण छे! एनुं केवुं मनोहर रूप छे! एनी केवी अद्भुत सौम्यता छे! आ केवी विस्मय-कारक क्षमानो धरनार छे! आना अंगथी वैराग्यनो केवो उत्तम प्रकाश छे! आनी केवी निर्लोभता जणाय छे! आ संय-ति केवुं निर्भय नम्रपणुं धरावे छे! ए भोगथी केवो विरक्त छे! एम चिंतवतो चिंतवतो, मुदित थतो थतो, स्तुति करतो करतो, धीमेथी चालतो चालतो, प्रदक्षिणा दइ ते मुनिने वंदन करी अति समीप नहीं तेम अति दूर नहीं, एम ते श्रेणिक वेटो. पछी वे हाथनी अंजलि करीने विनयथी तेणे ते मुनिने पूछयुं: "हे आर्य! तमे प्रशंसा करवायोग्य एवा तरुण छो! भोगविला-सने माटे तमारुं वय अनुकूळ छे; संसारमां नाना प्रकारनां सुख रह्यांछे. ऋतु ऋतुना कामभोग, जळ संवंधीना विलास, तेम ज मनोहारिणी स्त्रीओनां मुखवचननुं मधुरुं श्रवण छतां ए सघळानो त्याग करीने मुनित्वमां तमे महा उद्यम करो छो एनुं शुं कारण? ते मने अनुग्रहथी कहो." राजानां आवां वचन सांभळीने मुनिए कह्युं: "हे राजा! हुं अनाथ हतो. मने अपूर्व वस्तुनो प्राप्त करावनार, तथा योग्य क्षेमनो करनार, मारापर अनुकंपा आणनार, करुणाथी करीने परम सुखनो देनार एवो मारो कोइ मित्र थयो नहीं. ए कारण मारा अनाथी-पणानुं हतुं."

# शिक्षापाठ ६. अनाथी मुनि भाग २.

श्रेणिक, मुनिनां भाषणथी स्मित हसीने बोल्यो: "तमारे महा रिद्धिवंतने नाथ केम न होय? जो कोइ नाथ नथी, तो हुं थउं छउं. हे भयत्राण! तमे भोग भोगवो. हे संयति! मित्र, ज्ञातिए करीने दुर्लभ एवो आ तमारो मनुष्यभव सुलभ करो." अनाथीए कह्युं: "अरे श्रेणिक राजा! पण तुं पोते अनाथ छो तो मारो नाथ शुं थइश? निर्धन ते धनाढ्य क्यांथी बनावे? अबुध ते बुद्धिदान क्यांथी आपे? अज्ञ ते विद्वता क्यांथी दे? वंध्या ते संतान क्यांथी आपे? ज्यारे तुं पोते अनाथ छे; त्यारे मारो नाथ क्यांथी थइश?" मुनिनां वचनथी राजा अति आकुळ अने अति विस्मित थयो. कोइ काळे जे वचननुं श्रवण थयुं नथी ते वचननुं यतिमुखथी श्रवण थयुं एथी ते शंकित थयो, अने बोल्यो: "हुं अनेक प्रकारना अश्वनो भोगी छउं; अनेक प्रकारना मदोन्मत्त हाथीओनो धणी छउं; अनेक प्रकारनी सेन्या मने आधीन छे; नगर, ग्राम, अंतःपुर अने चतुष्पादनी मारे कंइ न्यूनता नथी; मनुष्य संबंधी सघळा प्रकारना भोग हुं पाम्यो छउं; अनुचरो मारी आज्ञाने रुडी रीते आराधे छे; एम राजाने छाजती सर्व प्रकारनी संपत्ति मारे घेर छे; अनेक मनवांछित वस्तुओ मारी समीपे रहे छे. आवो हुं महान् छतां अनाथ केम होउं? रखे हे भगवन्! तमे मृषा बोलता हो." मुनिए कह्युं: "राजा! मारुं कहेवुं तुं न्यायपूर्वक समज्यो नथी. हवे हुं जेम अनाथ थयो; अने जेम

में संसार त्याग्यो तेम तने कहुं छउं; ते एकाग्र अने सावधान चित्तथी सांभळ; सांभळीने पछी तारी शंकानो सत्यासत्य निर्णय करजेः—

"कौशांबी नामे अति जीर्ण अने विविध प्रकारनी भव्यताथी भरेली एक सुंदर नगरी छे; त्यां रिद्धिथी परिपूर्ण धनसंचय नामनो मारो पिता रहेतो हतो. हे महाराजा ! यौवनवयना प्रथम भागमां मारी आंखो अति वेदनाथी घेराइ; आखे शरीरे अग्नि बळवा मंड्यो. शस्त्रथी पण अतिशय तीक्ष्ण ते रोग वैरीनी पेठे मारापर कोपायमान थयो. मारुं मस्तक ते आंखनी असह्य वेदनाथी दुःखवा लाग्युं. वज्रना प्रहार जेवी, बीजाने पण रौद्र भय उपजावनारी एवी ते दारुण वेदनाथी हुं अत्यंत शोकमां हतो. संख्याबंध वैद्यकशास्त्रनिपुण वैद्यराजो मारी ते वेदनानो नाश करवा माटे आव्या, अने तेमणे अनेक औषध उपचार कर्या पण ते वृथा गया. ए महा निपुण गणाता वैद्यराजो मने ते दरदथी मुक्त करी शक्या नहीं, ए ज हे राजा ! मारुं अनाथपणुं हतुं. मारी आंखनी वेदना टाळवाने माटे मारा पिताए सर्व धन आपवा मांड्युं पण तेथी करीने मारी ते वेदना टळी नहीं, हे राजा ! ए ज मारुं अनाथपणुं हतुं. मारी माता पुत्रने शोके करीने अति दुःखार्त्त थइ, परंतु ते पण मने दरदथी मूकावी शकी नहीं, ए ज हे राजा ! मारुं अनाथपणुं हतुं. एक पेटथी जन्मेला मारा ज्येष्ठ अने कनिष्ठ भाइओ पोताथी बनतो परिश्रम करी चूक्या पण मारी ते वेदना टळी नहीं, हे राजा ! ए ज मारुं

अनाथपणुं हतुं. एट पेटथी जन्मेली मारी ज्येष्ठ अने कनिष्ठ भगिनीओथी मारुं दुःख टल्युं नहीं, हे महाराजा! ए ज मारुं अनाथपणुं हतुं. मारी स्त्री के पतिव्रता, मारा पर अनुरक्त अने प्रेमवंती हती, ते आंसु भरी मारुं हैयुं पलाळती हती तेणे अन्न पाणी आप्या छतां, अने नाना प्रकारनां अंघोलण, चुवादिक सुगंधी पदार्थ, तेम ज अनेक प्रकारनां फुल चंदनादिकनां जाणितां अजाणितां विलेपन कर्यां छतां, हुं ते विलेपनथी मारो रोग शमावी न शक्यो; क्षण पण अळगी रहेती नहोती एवी ते स्त्री पण मारा रोगने टाळी न शकी, ए ज हे महाराजा! मारुं अनाथपणुं हतुं. एम कोइना प्रेमथी, कोइनां औषधथी, कोइना विलापथी के कोइना परिश्रमथी ए रोग उपशम्यो नहीं. ए वेळा पुनः पुनः में अत्यंत वेदना भोगवी; पछी हुं प्रपंची संसारथी खेद पाम्यो. एकवार जो आ महा विटंबनामय वेदनाथी मुक्त थउं तो खंती, दंती अने निरारंभी प्रवर्ज्याने धारण करुं एम चिंतवीने शयन करी गयो. ज्यारे रात्रि व्यतिक्रमी गइ त्यारे हे महाराजा! मारी ते वेदना क्षय थइ गइ; अने हुं निरोगी थयो. मात, तात स्वजन बंधवादिकने पूछीने प्रभाते में महा क्षमावंत इंद्रियने निग्रह करवावाळुं, अने आरंभोपाधिथी रहित एवुं अणगारत्व धारण कर्युं.

## शिक्षापाठ ७. अनाथी मुनि भाग ३.

हे श्रेणिक राजा! त्यार पछी हुं आत्मा परात्मानो नाथ थयो. हवे हुं सर्व प्रकारना जीवनो नाथ छउं. तुं जे शंका पाम्यो हतो ते हवे टळी गइ हशे. एम आखुं जगत्–चक्रवर्त्ती पर्यंत अशरण अने अनाथ छे. ज्यां उपाधि छे त्यां अनाथता छे; माटे हुं कहुं छउं ते कथन तुं मनन करी जजे. निश्चय मानजे के, आपणो आत्मा ज दुःखनी भरेली वैतरणीनो करनार छे; आपणो आत्मा ज क्रूर सालमलि वृक्षनां दुःखनो उपजावनार छे; आपणो आत्मा ज वंछित वस्तुरूपी दुधनी देवावाळी कामधेनु सुखनो उपजावनार छे; आपणो आत्मा ज नंदनवननी पेठे आनंदकारी छे; आपणो आत्मा ज कर्मनो करनार छे; आपणो आत्मा ज ते कर्मनो टाळनार छे; आपणो आत्मा ज दुःखोपार्जन करनार छे, अने आपणो आत्मा ज सुखोपार्जन करनार छे; आपणो आत्मा ज मित्र, ने आपणो आत्मा ज वैरी छे; आपणो आत्मा कनिष्ठ आचारे स्थित, अने आपणो आत्मा ज निर्मळ आचारे स्थित रहे छे.

एम आत्मप्रकाशक बोध श्रेणिकने ते अनाथी मुनिए आप्यो. श्रेणिकराजा बहु संतोष पाम्यो. बे हाथनी अंजलि करीने ते एम बोल्यो: "हे भगवन्! तमे मने भली रीते उपदेश्यो; तमे जेम हतुं तेम अनाथपणुं कही बताव्युं. महर्षि! तमे सनाथ, तमे सबंधव अने तमे सधर्म छो. तमे सर्व अनाथना नाथ छो. हे पवित्र संयति! हुं तमने क्षमावुंछुं. तमारी ज्ञानी शिक्षाथी

लाभ पाम्यो छुं. धर्मध्यानमां विघ्न करवावाळुं भोग भोगववा संबंधीनुं में तमने हे महा भाग्यवंत ! जे आमंत्रण दीधुं ते संबंधीनो मारो अपराध मस्तक नमावीने क्षमावुंछुं." एवा प्रकारथी स्तुति उच्चारीने राजपुरुष केशरी श्रेणिक विनयथी प्रदक्षिणा करी स्वस्थानके गयो.

महा तपोधन, महा मुनि, महा प्रज्ञावंत, महा यशवंत, महा निर्ग्रंथ अने महा श्रुत अनाथी मुनिए मगध देशना श्रेणिक राजाने पोतानां वितक चरित्रथी जे बोध आप्यो छे ते खरे ! अशरणभावना सिद्ध करे छे. महा मुनि अनाथीए भोगवेली वेदना जेवी, के एथी अति विशेष वेदना अनंत आत्माओने भोगवता जोइए छीए ए केवुं विचारवा लायक छे ! संसारमां अशरणता अने अनंत अनाथता छवाइ रही छे. तेनो त्याग उत्तम तत्त्वज्ञान अने परम शीलने सेववाथीज थाय छे. ए ज मुक्तिनां कारणरूप छे. जेम संसारमां रह्या अनाथी अनाथ हता तेम प्रत्येक आत्मा तत्त्वज्ञाननी प्राप्ति विना सदैव अनाथ ज छे. सनाथ थवा सद्देव, सद्धर्म अने सद्गुरुने जाणवा अने ओळखवा ए अवश्यनुं छे.

## शिक्षापाठ ८. सद्देवतत्त्व.

त्रण तत्त्वो आपणे अवश्य जाणवां जोइए. ज्यांसुधी ते तत्त्वो संबंधी अज्ञानता होय छे त्यांसुधी आत्महित नथी. ए त्रण तत्त्वो सद्देव, सद्धर्म अने सद्गुरु छे. आ पाठमां सद्देवनुं स्वरुप संक्षेपमां कहीशुं.

चक्रवर्त्ती राजाधिराज के राजपुत्र छतां जेओ संसारने एकांत अनंत शोकनुं कारण मानीने तेनो त्याग करे छे; पूर्ण दया, शांति, क्षमा, निरागीत्व अने आत्मसमृद्धिथी त्रिविध तापनो लय करे छे; महा उग्र तपोपध्यानवडे विशोधन करीने जेओ कर्मना समूहने बाळी नांखेछे; चंद्र तथा शंखथी अत्यंत उज्ज्वळ एवुं शुक्ल ध्यान जेओने प्राप्त थाय छे; सर्व प्रकारनी निद्रानो जेओ क्षय करे छे; संसारमां मुख्यता भोगवतां ज्ञानावरणीय, दर्शनावरणीय, मोहनीय अने अंतराय ए चार कर्म भस्मीभूत करी जेओ केवलज्ञान केवलदर्शनसहित स्वस्वरुपथी विहार करे छे; जेओ चार अघाति कर्म रह्यां सुधी यथाख्यात चारित्ररूप उत्तम शीलनुं सेवन करे छे; कर्मग्रीष्मथी अकळाता पामर प्राणीओने परम शांति मळवा जेओ शुद्ध बोधबीजनो निष्कारण करुणाथी मेघधारावाणीवडे उपदेश करे छे; कोइ पण समये किंचित् मात्र पण संसारी वैभवविलासनो स्वप्नांश पण जेने रह्यो नथी; घनघाति कर्म क्षय कर्या पहेलां, पोतानी छद्मस्थता गणी जेओ श्रीमुखवाणीथी उपदेश करता नथी; पांच प्रकारना अंतराय,

हास्य, रति, अरति, भय, जुगुप्सा, शोक, मिथ्यात्व, अज्ञान, अप्रत्याख्यान, राग, द्वेष, निद्रा अने काम ए अढार दूषणथी जे रहित छे; सच्चिदानंद स्वरूपथी विराजमान छे, महा उद्योत कर बार गुणो जेओने प्रगटे छे; जन्म, मरण अने अनंत संसार जेनो गयो छे तेने निर्ग्रंथना आगममां सद्देव कह्या छे. ए दोषरहित शुद्ध आत्मस्वरुपने पामेला होवाथी पूजनीय परमेश्वर कहेवायोग्य छे. उपर कह्या ते अढार दोषमांनो एक पण दोष होय त्यां सद्देवनुं स्वरुप घटतुं नथी. आ परम तत्त्व महत्पुरुषोथी विशेष जाणवुं अवश्यनुं छे.

---

## शिक्षापाठ ९. सद्धर्मतत्त्व.

अनादि काळथी कर्मजाळनां बंधनथी आ आत्मा संसारमां रखडया करे छे. समय मात्र पण तेने खरुं सुख नथी. अधोगतिने ए सेव्या करे छे; अने अधोगतिमां पडता आत्माने धरी राखनार सद्गति आपनार वस्तु तेनुं नाम 'धर्म' कहेवाय छे, अने ए ज सत्य सुखनो उपाय छे. ते धर्मतत्त्वना सर्वज्ञ भगवाने भिन्न भिन्न भेद कह्या छे. तेमांना मुख्य बे छेः १. व्यवहारधर्म. २. निश्चयधर्म.

व्यवहारधर्ममां दया मुख्य छे. सत्यादि बाकीनां चार महाव्रतो ते पण दयानी रक्षा वास्ते छे. दयाना आठ भेद छेः १. द्रव्यदया २. भावदया ३. स्वदया ४. परदया ५. स्वरूपदया ६. अनुबंधदया ७. व्यवहारदया ८. निश्चयदया.

प्रथम द्रव्यदया—कोइ पण काम करवुं ते यत्नापूर्वक जीवरक्षा करीने करवुं ते 'द्रव्यदया.'

बीजी भावदया—बीजा जीवने दुर्गति जतो देखीने अनुकंपाबुद्धिथी उपदेश आपवो ते 'भावदया.'

त्रीजी स्वदया—आ आत्मा अनादि काळथी मिथ्यात्वथी ग्रहायोछे, तत्त्व पामतो नथी, जिनाज्ञा पाळी शकतो नथी, एम चिंतवी धर्ममां प्रवेश करवो ते 'स्वदया.'

चोथी परदया—छकाय जीवनी रक्षा करवी ते 'परदया.'

पांचमी स्वरूपदया—सूक्ष्म विवेकथी स्वरूपविचारणा करवी ते 'स्वरूपदया.'

छट्ठी अनुबंधदया—सद्गुरु, के सुशिक्षक शिष्यने कडवां कथनथी उपदेश आपे ए देखवामां तो अयोग्य लागे छे; परंतु परिणामे करुणानुं कारण छे—आनुं नाम 'अनुबंधदया'

सातमी व्यवहारदया—उपयोगपूर्वक तथा विधिपूर्वक जे दया पाळवी तेनुं नाम 'व्यवहारदया.'

आठमी निश्चयदया—शुद्ध साध्य उपयोगमां एकता भाव, अने अभेद उपयोग ते 'निश्चयदया.'

ए आठ प्रकारनी दयावडे करीने व्यवहारधर्म भगवाने कह्यो छे. एमां सर्व जीवनुं सुख, संतोष, अभयदान ए सघळां विचारपूर्वक जोतां आवी जायछे.

बीजो निश्चयधर्म–पोताना स्वरूपनी भ्रमणा टाळवी, आत्माने आत्मभावे ओळखवो ; 'आ संसार ते मारो नथी, हुं एथी भिन्न, परम असंग सिद्धसदृश्य शुद्ध आत्मा छुं', एवी आत्मस्वभाववर्त्तना ते 'निश्चयधर्म' छे.

जेमां कोइ प्राणीनुं दुःख, अहित के असंतोष रह्यां छे त्यां दया नथी; अने दया नथी त्यां धर्म नथी. अर्हत् भगवाननां कहेलां धर्मतत्त्वथी सर्व प्राणी अभय थाय छे.

---

## शिक्षापाठ १०. सद्गुरुतत्त्व भाग १.

पिता–पुत्र, तुं जे शाळामां अभ्यास करवा जाय छे ते शाळानो शिक्षक कोण छे ?

पुत्र–पिताजी, एक विद्वान अने समजु ब्राह्मण छे.

पिता–तेनी वाणी, चालचलगत वगेरे केवां छे ?

पुत्र–एनी वाणी बहु मधुरी छे. ए कोइने अविवेकथी बोलावता नथी, अने बहु गंभीर छे; बोले छे त्यारे जाणे मुखमांथी फुल झरे छे. कोइनुं अपमान करता नथी; अने अमने योग्य नीति समजाय तेवी शिक्षा आपे छे.

पिता–तुं त्यां शा कारणे जाय छे ते मने कहे जोइए.

पुत्र–आप एम केम कहो छो, पिताजी ! संसारमां विच-

क्षण थवाने माटे पद्धतिओ समजुं, व्यवहारनी नीति शीखुं एटला माटे थइने आप मने त्यां मोकलो छो.

पिता–तारा ए शिक्षक दुराचारी के एवा होत तो ?

पुत्र–तो तो वहु माठुं थात; अमने अविवेक अने कुवचन वोलतां आवडत; व्यवहारनीति तो पछी शीखवे पण कोण ?

पिता–जो पुत्र ए उपरथी हुं हवे तने एक उत्तम शिक्षा कहुंः जेम संसारमा पडवा माटे व्यवहारनीति शीखवानुं प्रयोजन छे, तेम धर्मतत्त्व अने धर्मनीतिमां प्रवेश करवानुं परभवने माटे प्रयोजन छे. जेम ते व्यवहारनीति सदाचारी शिक्षकथी उत्तम मळी शके छे; तेम परभवश्रेयस्कर धर्मनीति उत्तम गुरुथी मळी शके छे. व्यवहारनीतिना शिक्षक अने धर्मनीतिना शिक्षकमां वहु भेद छे. वीलोरीना कटका जेम व्यवहारशिक्षक अने अमूल्य कौस्तुभ जेम आत्मधर्म शिक्षक छे.

पुत्र–शीरछत्र ! आपनुं कहेवुं व्याजवी छे. धर्मना शिक्षकनी संपूर्ण अवश्य छे. आपे वारंवार संसारनां अनंत दुःख संवंधी मने कह्युं छे; एथी पार पामवा धर्मज सहायभूत छे; त्यारे धर्म केवा गुरुथी पामीए तो श्रेयस्कर नीवडे ते मने कृपा करीने कहो.

# शिक्षापाठ ११. सद्गुरुतत्त्व भाग २.

पिता-पुत्र ! गुरु त्रण प्रकारना कहेवाय छे: १. काष्ठस्वरूप. २. कागळस्वरूप. ३. पथ्थरस्वरूप. काष्ठस्वरूप गुरु सर्वोत्तम छे; कारण संसाररूपी समुद्रने १. काष्ठस्वरूपी गुरु ज तरे छे, अने तारी शके छे. २. कागळस्वरूप गुरु ए मध्यम छे. ते संसारसमुद्रने पोते तरी शके नहीं; परंतु कंइ पुण्य उपार्जन करी शके. ए बीजाने तारी शके नहीं. ३. पथ्थरस्वरूप ते पोते बुडे अने परने पण बुडाडे. काष्ठस्वरुप गुरु मात्र जिनेश्वर भगवानना शासनमां छे. बाकी बे प्रकारना जे गुरु रह्या ते कर्मावरणनी वृद्धि करनार छे. आपणे बधा उत्तम वस्तुने चाहीए छीए; अने उत्तमथी उत्तम मळी शके छे. गुरु जो उत्तम होय तो ते भवसमुद्रमां नाविकरुप थई सद्धर्म नावमां बेसाडी पार पमाडे. तत्त्वज्ञानना भेद, स्वस्वरूपभेद, लोकालोकविचार, संसारस्वरुप ए सघळुं उत्तम गुरु विना मळी शके नहीं; त्यारे तने प्रश्न करवानी इच्छा थशे के एवा गुरुनां लक्षण कयां कयां ? ते कहुं छुं. जिनेश्वर भगवाननी भाखेली आज्ञा जाणे, तेने यथातथ्य पाळे, अने बीजाने बोधे, कंचन, कामिनीथी सर्व भावथी त्यागी होय, विशुद्ध आहारजळ लेता होय, बावीश प्रकारना परिषह सहन करता होय, क्षांत, दांत, निरारंभी अने जितेंद्रिय होय, सिद्धांतिक ज्ञानमां निमग्न होय, धर्म माटे थइने मात्र शरीरनो निर्वाह करता होय, निर्गंथपंथ पाळतां कायर न होय, सळी मात्र पण अदत्त लेता न होय, सर्व प्रकारना आहार रात्रिए त्या-

ग्या होय, समभावि होय, अने निरोगतार्थी सत्योपदेशक होय. टुंकामां तेओने काष्टस्वरुप सद्गुरु जाणवा. पुत्र! गुरुना आचार, ज्ञान ए सम्बंधी आगममां बहु विवेकपूर्वक वर्णन कर्युं छे. जेम तुं आगळ विचार करतां शीखतो जइश, तेम पछी हुं तने ए विशेप तत्त्वो बोधतो जइश.

पुत्र–पिताजी, आपे मने टुंकामां पण बहु उपयोगी, अने कल्याणमय कह्युंः हुं निरंतर ते मनन करतो रहीश.

---

## शिक्षापाठ १२. उत्तम गृहस्थ.

संसारमां रह्या छतां पण उत्तम श्रावको गृहाश्रमथी आत्मसाधनने साधे छे; तेओनो गृहाश्रम पण वखणाय छे.

ते उत्तम पुरुष, सामायिक, क्षमापना, चोविहारप्रत्याख्यान इ० यम नियमने सेवे छे.

परपत्नि भणी मा बहेननी द्रष्टि राखे छे.

सत्पात्रे यथाशक्ति दान दे छे.

शांत, मधुरी अने कोमळ भाषा बोले छे.

सत्शास्त्रनुं मनन करे छे.

बने त्यांसुधी उपजीविकामां पण माया, कपट, इ० करतो नथी.

स्त्री, पुत्र, मात, तात, मुनि अने गुरु ए सघळाने यथायोग्य सन्मान आपे छे.

मावापने धर्मनो वोध आपे छे.

यत्नथी घरनी स्वच्छता, रांधवुं, सींधवुं, शयन इ० रखावे छे.

पोते विचक्षणताथी वर्त्ती स्त्री, पुत्रने विनयी अने धर्मी करे छे.

कुटुंबमां संपनी वृद्धि करे छे.

आवेला अतिथिनुं यथायोग्य सन्मान करे छे.

याचकने क्षुधातुर राखतो नथी.

सत्पुरुषोनो समागम, अने तेओनो वोध धारण करे छे.

समर्याद अने संतोषयुक्त निरंतर वर्त्ते छे.

जे यथाशक्ति शास्त्रसंचय घरमां राखे छे.

अल्प आरंभथी जे व्यवहार चलावे छे.

आवो गृहस्थावास उत्तम गतिनुं कारण थाय, एम ज्ञानीओ कहे छे.

---

## शिक्षापाठ १३. जिनेश्वरनी भक्ति भाग १.

जिज्ञासु—विचक्षण सत्य! कोइ शंकरनी, कोइ ब्रह्मानी, कोइ विष्णुनी, कोइ सूर्यनी, कोइ अग्निनी, कोइ भवानीनी, कोइ पेगम्बरनी अने कोइ क्राइस्टनी भक्ति करे छे. एओ भक्ति करीने शुं आशा राखता हशे?

सत्य–प्रिय जिज्ञासु, ते भाविक मोक्ष मेळववानी परम आशाथी ए देवोने भजे छे.

जिज्ञासु–कहो त्यारे, एथी तेओ उत्तम गति पामे एम तमारूं मत छे?

सत्य–एओनी भक्तिवडे तेओ मोक्ष पामे एम हुं कही शकतो नथी. जेओने ते परमेश्वर कहे छे तेओ कंई मोक्षने पाम्या नथी; तो पछी उपासकने ए मोक्ष क्यांथी आपे? शंकर वगेरे कर्मक्षय करी शक्या नथी अने दूषणसहित छे एथी ते पूजवायोग्य नथी.

जिज्ञासु–ए दूषणो कयां कयां ते कहो?

सत्य–अज्ञान, निद्रा, मिथ्यात्व, राग, द्वेष, अविरति, भय, शोक, जुगुप्सा दानांतराय, लाभांतराय, वीर्यांतराय अने उपभोगांतराय, काम, हास्य, रति, अने अरति ए अढार दूषणमांनुं एक दूषण होय तोपण ते अपूज्य छे. एक समर्थ पंडिते पण कह्युं छे के, 'परमेश्वर छउं' एम मिथ्या रीते मनावनारा पुरुषो पोते पोताने ठगे छे, कारण पडखामां स्त्री होवाथी तेओ विषयी ठरे छे; शस्त्र धारण करेलां होवाथी द्वेषी ठरे छे. जपमाळा धारण कर्याथी तेओनुं चित्त व्यग्र छे एम सूचवे छे, 'मारे शरणे आव, हुं सर्व पाप हरी लउं' एम कहेनारा अभिमानी अने नास्तिक ठरे छे. आम छे तो पछी

बीजाने तेओ केम तारी शके? वळी केटलाक अवतार लेवा-रूपे परमेश्वर कहेवरावे छे तो त्यां तेओने अमुक कर्मनुं भोगववुं बाकी छे एम सिद्ध थाय छे.

जिज्ञासु—भाई, त्यारे पूज्य कोण? अने भक्ति कोनी करवी के जेवडे आत्मा स्वशक्तिनो प्रकाश करे.

सत्य–शुद्ध सच्चिदानंदस्वरूप जीवनसिद्ध भगवान् तेम ज सर्व दूषणरहित, कर्ममलहीन, मुक्त, वीतराग सकळ भयरहित, सर्वज्ञ, सर्वदर्शी जिनेश्वर भगवाननी भक्तिथी आत्मशक्ति प्रकाश पामे छे.

जिज्ञासु–एओनी भक्ति करवाथी आपणने तेओ मोक्ष आपे छे एम मानवुं खरूं?

सत्य–भाइ जिज्ञासु, ते अनंतज्ञानी भगवान् तो निरागी अने निर्विकार छे. एने स्तुति निंदानुं आपणने कंइ फळ आपवानुं प्रयोजन नथी. आपणो आत्मा अज्ञानी अने मोहांध थइने जे कर्मदळथी घेरायेलो छे ते कर्मदळ टाळवा अनुपम पुरुषार्थनुं अवश्य छे. सर्व कर्मदळ क्षय करी अनंत ज्ञान, अनंत दर्शन, अनंत चारित्र, अनंत वीर्य, अने स्वस्वरूपमय थया एवा जिनेश्वरोनुं स्वरूप आत्मानी निश्चयनये रिद्धि होवाथी ते भगवाननुं स्मरण, चिंतवन, ध्यान अने भक्ति ए पुरुषार्थता आपे छे. विकारथी आत्मा विरक्त करे छे. शांति अने निर्जरा आपे छे. जेम तरवार हाथमां लेवाथी शौर्यवृत्ति अने

भांग पीवाथी निशो उत्पन्न, तेम ए गुणचिंतवनथी आत्मा स्वस्वरूपानंदनी श्रेणिए चढतो जाय छे. दर्पण जोतां जेम मुखाकृतिनुं भान थाय छे तेम, सिद्ध के जिनेश्वरस्वरूपनां चिंतवनरूप दर्पणथी आत्मस्वरूपनुं भान थाय छे.

---

## शिक्षापाठ १४. जिनेश्वरनी भक्ति भाग २.

जिज्ञासु—आर्य सत्य! सिद्धस्वरूप पामेला ते जिनेश्वरो तो सघळा पूज्य छे; त्यारे नामथी भक्ति करवानी कंइ जरुर छे?

सत्य—हा, अवश्य छे. अनंत सिद्धस्वरूपने ध्याता जे शुद्ध स्वरूपना विचार थाय ते तो कार्य; परंतु ए जेवडे ते स्वरूपने पाम्या ते कारण कयुं? ए विचारतां उग्र तप, महान् वैराग्य, अनंत दया, महान् ध्यान ए सघळानुं स्मरण थशे; एओनां अर्हत् तीर्थंकरपदमां जे नामथी तेओ विहार करता हता ते नामथी तेओना पवित्र आचार अने पवित्र चरित्रो अंतःकरणमां उदय पामशे. जे उदय परिणामे महा लाभदायक छे. जेम महावीरनुं पवित्र नाम स्मरण करवाथी तेओ कोण? क्यारे? केवा प्रकारे सिद्धि पाम्या? ए आदि चरित्रोनी स्मृति थशे; अने एथी आपणे वैराग्य, विवेक इत्यादिकनो उदय पामीए.

जिज्ञासु—पण लोगस्समां तो चोवीश जिनेश्वरनां नामोनुं सूचवन कर्युं छे? एनो हेतु शुं छे ते मने समजावो.

सत्य—आ काळमां आ क्षेत्रमां जे चोवीश जिनेश्वरो थया एमनां नामोनुं अने चरित्रोनुं स्मरण करवाथी शुद्ध तत्त्वनो लाभ थाय. वैरागीनुं चरित्र वैराग्य बोधे छे. अनंत चोवीशीनां अनंत नाम सिद्धस्वरूपमां समग्रे आवी जाय छे. वर्त्तमानकाळना चोवीश तीर्थंकरनां नाम आ काळे लेवाथी काळनी स्थितिनुं बहु सूक्ष्मज्ञान पण सांभरी आवेछे. जेम एओनां नाम आ काळमां लेवाय छे, तेम चोवीशी चोवीशीनां नाम काळ अने चोवीशी फरतां लेवातां जाय छे; एटले अमुक नाम लेवां एम कंइ हेतु नथी. परंतु तेओना गुणना पुरुषार्थनी स्मृति माटे वर्त्तती चोवीशीनी स्मृति करवी एम तत्त्व रह्युं छे. तेओना जन्म, विहार, उपदेश ए सघळुं नामनिक्षेपे जाणी शकायछे. ए वडे आपणो आत्मा प्रकाश पामे छे. सर्प जेम मोरलीना नादथी जागृत थाय छे, तेम आत्मा पोतानी सत्य रिद्धि सांभळतां ते मोहनिद्राथी जागृत थाय छे.

जिज्ञासु—मने तमे जिनेश्वरनी भक्ति संबंधी बहु उत्तम कारण कह्युं. जिनेश्वरनी भक्ति कंइ फळदायक नथी एम आधुनिक केळवणीथी मने आस्था थइ हती ते नाश पामी

छे. जिनेश्वर भगवाननी भक्ति अवश्य करवी जोइए ए हुं मान्य राखुं छउं.

सत्य—जिनेश्वर भगवाननी भक्तिथी अनुपम लाभ छे, एनां कारणो महान् छे; तेमना परम उपकारने लीधे पण तेओनी भक्ति अवश्य करवी जोइए. वळी तेओना पुरूषार्थनुं स्मरण थतां पण शुभ वृत्तिओनो उदय थाय छे. जेम जेम श्री जिनना स्वरूपमां वृत्ति लय पामे छे, तेम तेम परम शांति प्रवहे छे. एम जिनभक्तिनां कारणो अत्र संक्षेपमां कह्यांछे ते आत्मार्थीओए विशेषपणे मनन करवायोग्य छे.

---

## शिक्षापाठ १५. भक्तिनो उपदेश.

तोटक छंद.

शुभ शीतळतामय छांय रही,
मनवांछित ज्यां फळपंक्ति कही;
जिन भक्ति ग्रहो तरु कल्प अहो,
भजिने भगवंत भवंत लहो. १

निज आत्मस्वरूप मुदा प्रगटे,
मन ताप उताप तमाम मटे;
अति निर्जरता वणदाम ग्रहो,
भजिने भगवंत भवंत लहो. २.

समभावि सदा परिणाम थशे,
जडमंद अधोगति जन्म जशे;
शुभ मंगळ आ परिपूर्ण चहो,
भजिने भगवंत भवंत लहो. ३.

शुभ भाववडे मन शुद्ध करो,
नवकार महा पदने समरो;
नहि एह समान सुमंत्र कहो,
भजिने भगवंत भवंत लहो. ४.

करशो क्षय केवळ राग कथा,
धरशो शुभ तत्त्वस्वरूप यथा;
नृपचंद्र प्रपंच अनंत दहो,
भजिने भगवंत भवंत लहो. ५.

---

## शिक्षापाठ १६. खरी महत्ता.

केटलाक लक्ष्मीथी करीने महत्ता मळे छे एम माने छे; केटलाक महान् कुटुंबथी महत्ता मळे छे एम माने छे; केटलाक पुत्र वडे करीने महत्ता मळे छे एम माने छे; केटलाक अधिकारथी महत्ता मळे छे एम माने छे; पण ए एमनुं मानवुं विवेकथी जोतां मिथ्या छे. एओ जेमां महत्ता ठरावे छे तेमां महत्ता नथी, पण लघुता छे. लक्ष्मीथी संसारमां खान, पान, मान, अनुचरो पर आज्ञा, वैभव ए सघळुं मळे छे, अने ए

महत्ता छे, एम तमे मानता हशो; पण एटलेथी एने महत्ता मानवी जोइती नथी. लक्ष्मी अनेक पाप वडे करीने पेदा थाय छे. आव्या पछी अभिमान, बेभानता, अने मूढता आपे छे. कुटुंबसमुदायनी महत्ता मेळववा माटे तेनुं पालण-पोषण करवुं पडे छे. ते वडे पाप अने दुःख सहन करवां पडे छे. आपणे उपाधिथी पाप करी एनुं उदर भरवुं पडे छे. पुत्रथी कंइ शाश्वत नाम रहेतुं नथी; एने माटे पण अनेक प्रकारनां पाप अने उपाधि वेठवी पडे छे; छतां एथी आपणुं मंगळ शुं थाय छे? अधिकारथी परतंत्रता के अमलमद आवे छे, अने एथी जुलम, अनीति, लांच तेम ज अन्याय करवा पडे छे; के थाय छे. कहो त्यारे एमां महत्ता शानी छे? मात्र पापजन्य कर्मनी. पापी कर्म वडे करी आत्मानी नीच गति थाय छे; नीच गति छे त्यां महत्ता नथी पण लघुता छे.

आत्मानी महत्ता तो सत्य वचन, दया, क्षमा, परोपकार अने समतामां रही छे. लक्ष्मी इ० तो कर्ममहत्ता छे. आम छतां लक्ष्मीथी शाणा पुरुषो दान दे छे, उत्तम विद्याशाळाओ स्थापी परदुःखभंजन थाय छे. एक परणेली स्त्रीमां ज मात्र वृत्ति रोकी परस्त्री तरफ पुत्रीभावथी जुए छे. कुटुंब वडे करीने अमुक समुदायनुं हित काम करे छे. पुत्र वडे तेने संसारमां भार आपी पोते धर्ममार्गमां प्रवेश करे छे. अधिकारथी डहापण वडे आचरण करी राजा, प्रजा बन्नेनुं हित करी, धर्मनीतिनो प्रकाश करे छे; एम करवाथी केटलीक महत्ता पमाय खरी. छतां ए महत्ता चोकस नथी, मरणभय माथे

रह्यो छे; धारणा धरी रहे छे. योजेली योजना के विवेक वखते हृदयमांथी जतां रहे एवो संसारमोह छे. एथी आपणे एम निःसंशय समजवुं के, सत्य वचन, दया, क्षमा, ब्रह्मचर्य अने समता जेवी आत्ममहत्ता कोइ स्थळे नथी. शुद्ध पंच-महाव्रतधारी भिक्षुके जे रिद्धि अने महत्ता मेळवी छे, ते ब्रह्मदत्त जेवा चक्रवर्त्तीए लक्ष्मी, कुटुंब, पुत्र के अधिकारथी मेळवी नथी, एम मारुं मानवुं छे!

---

## शिक्षापाठ १७. बाहुबळ.

बाहुबळ एटले पोतानी भूजानुं बळ एम अहीं अर्थ करवानो नथी, कारण के, बाहुबळ नामना महापुरुषनुं आ एक नानुं पण अद्भुत चरित्र छे.

सर्व संग परित्याग करी, भगवान् ऋषभदेवजी भरत अने बाहुबळ नामना पोताना बे पुत्रोने राज्य सोंपी विहार करता हता त्यारे, भरतेश्वर चक्रवर्त्ती थयो. आयुधशाळामां चक्रनी उत्पत्ति थया पछी प्रत्येक राज्यपर तेणे पोतानी आम्नाय बेसाडी, अने छखंडनी प्रभुता मेळवी. मात्र बाहुबळे ज ए प्रभुता अंगीकार न करी. आथी परिणाममां भरतेश्वर अने बाहुबळने युद्ध मंडायुं. घणा वखत सुधी भरतेश्वर, के बाहुबळ ए बन्नेमांथी एके हठ्या नहीं, त्यारे क्रोधावेशमां आवी जइ भरतेश्वरे बाहुबळपर चक्र मूक्युं. एक वीर्यथी उत्पन्न थयेला भाइपर चक्र प्रभाव न करी शके. आ निय-

मने लीधे ते चक्र फरीने पाछुं भरतेश्वरना हाथमां आव्युं. भरते चक्र मूकवाथी बाहुबळने बहु क्रोध आव्यो. तेणे महा बळवत्तर मुष्टि उपाडी. तत्काळ त्यां तेनी भावनानुं स्वरूप फर्युं. ते विचारी गयो के, हुं आ बहु निंदनीय करुं छउं; आनुं परिणाम केवुं दुःखदायक छे! भले भरतेश्वर राज्य भोगवो. मिथ्या, परस्परनो नाश शा माटे करवो? आ मुष्टि मारवी योग्य नथी; तेम उगामी ते हवे पाछी वाळवी पण योग्य नथी. एम विचारी तेणे पंच मुष्टि केश लुंचन कर्युं; अने त्यांथी मुनिभावे चाली नीकळ्या. भगवान् आदीश्वर ज्यां अठाणु दिक्षित पुत्रोथी तेम ज आर्य, आर्याथी विहार करता हता त्यां जवा इच्छा करी; पण मनमां मान आव्युं के त्यां हुं जइश तो माराथी नाना अठाणु भाइने वंदन करवुं पडशे; माटे त्यां तो जवुं योग्य नथी. एम मानवृत्तिथी वनमां ते एकाग्र ध्याने रह्या. हळवे हळवे बार मास थइ गया. महा तपथी काया हाडकानो माळो थइ गइ; ते सुकां झाड जेवा देखावा लाग्या; परंतु ज्यांसुधी माननो अंकुर तेनां अंतःकरणथी खस्यो नहोतो त्यांसुधी ते सिद्धि न पाम्या. ब्राह्मी अने सुंदरीए आवीने तेने उपदेश कर्यो. "आर्य वीर! हवे मदोन्मत्त हाथीपरथी उतरो, एनाथी तो बहु शोष्युं. एओनां आ वचनोथी बाहुबळ विचारमां पड्या. विचारतां विचारतां तेने भान थयुं के सत्य छे, हुं मानरूपी मदोन्मत्त हाथीपरथी हजु क्यां उतर्यो छउं? हवे एथी उतरवुं ए ज मंगळकारक छे;" आम विचारी तेणे वंदन कर-

वाने माटे पगलुं भर्युं के ते अनुपम दिव्य कैवल्य कमळाने पाम्या.

वांचनार, जुओ, मान ए केवी दुरित वस्तु छे!!

---

## शिक्षापाठ १८. चार गति.

जीव शातावेदनीय, अशातावेदनीय वेदतो शुभाशुभ कर्मनां फळ भोगववा आ संसारवनमां चार गतिने विषे भम्या करेछे; तो ए चार गति खचित जाणवी जोइए:

१. नरकगति–महारंभ, मदिरापान, मांसभक्षण, ईत्यादिक तीव्र हिंसाना करनार जीवो अघोर नरकमां पडे छे. त्यां लेश पण शाता, विश्राम के सुख नथी. महा अंधकार व्याप्त छे. अंगछेदन सहन करवुं पडे छे, अग्निमां बळवुं पडे छे, अने छरपलानी धार जेवुं जळ पीवुं पडे छे. अनंत दुःखथी करीने ज्यां प्राणीभूते सांकड, अशाता अने विलविलाट सहन करवा पडे छे. आवा जे दुःख तेने केवलज्ञानीओ पण कही शकता नथी. अहोहो!! ते दुःख अनंतिवार आ आत्माए भोगव्यांछे.

२. तिर्यंचगति–छल, जूठ प्रपंच ईत्यादिक करीने जीव सिंह, वाघ, हाथी, मृग, गाय, भेंस, बळद ईत्यादिक तिर्यंचना शरीर धारण करे छे. ते तिर्यंचगतिमां भूख, तरश,

ताप, वध, बंधन, ताडन, भारवहन ईत्यादिनां दुःखने सहन करे छे.

३. मनुष्यगति–खाद्य, अखाद्य विषे विवेकराहित छे; लज्जाहीन, माता पुत्री साथे कामगमन करवामां जेने पापापापनुं भान नथी; निरंतर मांसभक्षण, चोरी, परस्त्रीगमन वगेरे महा पातक कर्या करे छे; ए तो जाणे अनार्य देशनां अनार्य मनुष्य छे. आर्य देशमां पण क्षत्री, ब्राह्मण, वैश्य प्रमुख मतिहीन, दरिद्रि, अज्ञान अने रोगथी पीडित मनुष्य छे, मान, अपमान ईत्यादि अनेक प्रकारनां दुःख तेओ भोगवी रह्यां छे.

४. देवगति–परस्पर वेर, झेर, क्लेश, शोक, मत्सर, काम, मद, क्षुधा आदिथी देवताओ पण आयुष् व्यतीत करी रह्याछे; ए देवगति.

एम चार गति सामान्य रूपे कही. आ चारे गतिगां मनुष्यगति सौथी श्रेष्ठ अने दुर्लभ छे, आत्मानुं परमहित–मोक्ष ए हेतुथी पमाय छे; ए मनुष्यगतिमां पण केटलाक दुःख अने आत्मसाधनमां अंतरायो छे.

एक तरुण सुकुमारने रोमे रोमे लालचोळ सुया घोंचवाथी जे असह्य वेदना उपजे छे ते करतां आठगुणी वेदना गर्भस्थानमां जीव ज्यारे रहे छे त्यारे पामे छे. लगभग नव महिना मळ, मूत्र, लोही, परु आदिमां अहोरात्र मूर्छागत स्थितिमां वेदना भोगवी भोगवीने जन्म पामेछे. गर्भस्था-

ननी वेदनाथी अनंतगुणी वेदना जन्मसमये उत्पन्न थाय छे. त्यार पछी बाळावस्था पमाय छे. मळ, मूत्र, धूळ अने नग्नावस्थामां अणसमजथी रझळी रडीने ते बाळावस्था पूर्ण थाय छे; अने युवावस्था आवे छे. धन उपार्जन करवा माटे नाना प्रकारनां पापमां पडवुं पडे छे. ज्यांथी उत्पन्न थयो छे त्यां एटले विषय विकारमां वृत्ति जाय छे. उन्माद, आळस, अभिमान, निंद्यदृष्टि, संयोग, वियोग एम घटमाळमां युवावय चाल्युं जाय छे; त्यां वृद्धावस्था आवे छे, शरीर कंपे छे, मुखे लाळ झरे छे. त्वचापर करोचली पडी जाय छे. सुंघवुं, सांभळवुं अने देखवुं ए शक्तिओ केवळ मंद थइ जाय छे. केश धवळ थइ खरवा मंडे छे; चालवानी आय रहेती नथी. हाथमां लाकडी लइ लडथडीआं खातां चालवुं पडे छे. कां तो जीवन पर्यंत खाटले पड्यां रहेवुं पडे छे. श्वास, खांसी इत्यादिक रोग आवीने वळगे छे; अने थोडा काळमां काळ आवीने कोळीओ करी जाय छे. आ देहमांथी जीव चाली नीकळे छे. काया हती नहती थइ जाय छे. मरणसमये पण केटली बधी वेदना छे? चतुर्गतिनां दुःखमां जे मनुष्यदेह श्रेष्ठ तेमां पण केटलां बधां दुःख रह्यां छे! तेम छतां उपर जणाव्या प्रमाणे अनुक्रमे काळ आवे छे एम पण नथी. गमे ते वखते ते आवीने लइ जाय छे. माटे ज विचक्षण पुरुषो प्रमाद विना आत्मकल्याणने आराधे छे.

---

# शिक्षापाठ १९. संसारने चार उपमा

## भाग १.

१. संसारने तत्त्वज्ञानीओ एक महासमुद्रनी उपमा पण आपे छे. संसाररूपी समुद्र अनंत अने अपार छे. अहो लोको! एनो पार पामवा पुरुषार्थनो उपयोग करो! उपयोग करो!! आम एमनां स्थळे स्थळे वचनो छे. संसारने समुद्रनी उपमा छाजती पण छे. समुद्रमां जेम मोजांनी छोळो उछळ्या करे छे, तेम संसारमां विषयरूपी अनेक मोजांओ उछळे छे. जळनो उपरथी जेम सपाट देखाव छे तेम, संसार पण सरळ देखाव दे छे. समुद्र जेम क्यांक बहु उंडो छे, अने क्यांक भमरीओ खवरावे छे तेम, संसार कामविषय प्रपंचादिकमां बहु उंडो छे. ते मोहरूपी भमरीओ खवरावे छे. थोडुं जळ छतां समुद्रमां जेम उभा रेहवाथी कादवमां गुची जइए छीए तेम, संसारना लेश प्रसंगमां ते तृष्णारूपी कादवमां गुंचवी दे छे. समुद्र जेम नाना प्रकारना खरावा, अने तोफानथी नाव के वहाणने जोखम पहोंचाडे छे, तेम स्त्रीओरूपी खरावा अने कामरूपी तोफानथी संसार आत्माने जोखम पहोंचाडे छे. समुद्र जेम अगाध जळथी शीतळ देखातो छतां वडवानळ नामना अग्निनो तेमां वास छे तेम संसारमां मायारूपी अग्नि बळ्या ज करे छे. समुद्र जेम चोमासामां वधारे जळ पामीने उंडो

उतरे छे तेम पापरूपी जळ पामीने संसार उंडो उतरे छे. एटले मजवुत पाया करतो जाय छे.

२. संसारने बीजी उपमा अग्निनी छाजे छे. अग्निथी करीने जेम महा तापनी उत्पत्ति छे, तेम संसारथी पण त्रिविध तापनी उत्पत्ति छे. अग्निथी बळेलो जीव जेम महा विलविलाट करे छे, तेम संसारथी बळेलो जीव अनंत दुःखरूप नरकथी असह्य विलविलाट करे छे. अग्नि जेम सर्व वस्तुनो भक्ष करी जाय छे, तेम संसारना मुखमां पडेलांनो ते भक्ष करी जाय छे. अग्निमां जेम जेम घी अने इंधन होमाय छे, तेम तेम ते वृद्धि पामे छे; तेवी ज रीते संसाररूप अग्निमां तीव्र मोहरूप घी, अने विषयरूप इंधन होमातां ते वृद्धि पामे छे.

३. संसारने त्रीजी उपमा अंधकारनी छाजे छे. अंधकारमां जेम सींदरी, सर्पनुं भान करावे छे, तेम संसार सत्यने असत्यरूप बतावे छे; अंधकारमां जेम प्राणीओ आम तेम भटकी विपत्ति भोगवे छे, तेम संसारमां वेभान थइने अनंत आत्माओ चतुर्गतिमां आम तेम भटके छे. अंधकारमां जेम काच अने हीरानुं ज्ञान थतुं नथी, तेम संसाररूपी अंधकारमां विवेक अविवेकनुं ज्ञान थतुं नथी. जेम अंधकारमां प्राणीओ छती आंखे अंध बनी जाय छे, तेम छती शक्तिए संसारमां तेओ मोहांध बनी जाय छे. अंधकारमां जेम घुवड इत्यादिकनो उपद्रव वधे छे, तेम संसारमां लोभ, मायादिकनो उपद्रव वधे छे. एम अनेक भेदे जोतां संसार ते अंधकाररूप ज जणाय छे,

# शिक्षापाठ २०. संसारने चार उपमा भाग २.

४. संसारने चोथी उपमा शकटचक्रनी एटले गाडांना पैडांनी छाजे छे. चालतां, शकटचक्र जेम फरतुं रहे छे, तेम संसारमां प्रवेश करतां ते फरवारूपे रहे छे. शकटचक्र जेम धरीविना चाली शकतुं नथी, तेम संसार मिथ्यात्वरूपी धरी विना चाली शकतो नथी. शकटचक्र जेम आरावडे करीने रह्युं छे, तेम संसार शंकट प्रमादादिक आराथी टक्यो छे. एम अनेक प्रकारथी शकटचक्रनी उपमा पण संसारने लागी शके छे.

एवी रीते संसारने जेटली अधोपमा आपो एटली थोडी छे. मुख्यपणे ए चार उपमा आपणे जाणी. हवे एमांथी तत्त्व लेवुं योग्य छेः—

१. सागर जेम मजबुत नाव अने माहितगार नाविकथी तरीने पार पमाय छे, तेम सद्धर्मरूपी नाव, अने सद्गुरुरूपी नाविकथी संसारसागर पार पामी शकाय छे. सागरमां जेम डाह्या पुरुषोए निर्विघ्न रस्तो शोधी काढ्यो होय छे, तेम जिनेश्वर भगवाने तत्त्वज्ञानरूप निर्विघ्न उत्तम राह बताव्यो छे.

२. अग्नि जेम सर्वने भक्ष करी जाय छे, परंतु पाणीथी बुझाइ जाय छे; तेम वैराग्यजळथी संसारअग्नि बुझवी शकाय छे.

३. अंधकारमां जेम दीवो लइ जवाथी प्रकाश थतां, जोइ शकाय छे; तेम तत्त्वज्ञानरूपी निर्बुज दीवो संसाररूपी अंधकारमां प्रकाश करी सत्य वस्तु वतावे छे.

४. शकटचक्र जेम वळद विना चाली शकतुं नथी, तेम संसारचक्र राग द्वेषविना चाली शकतुं नथी.

एम ए संसारदरदनुं निवारण उपमावडे अनुपानादि प्रतिकार साथे कह्युं. ते आत्महितैषीए निरंतर मनन करवुं; अने वीजाने वोधवुं.

---

## शिक्षापाठ २१. वार भावना.

वैराग्यनी, अने तेवा आत्महितैपि विपयोनी सुद्रढता थवा माटे वार भावना चिंतववानुं तत्त्वज्ञानीओ कहे छे.

१. शरीर, वैभव, लक्ष्मी, कुटुंव परिवारादिक सर्व विनाशी छे. जीवनो मूळ धर्म अविनाशी छे; एम चिंतववुं ते पहेली 'अनित्यभावना.'

२. संसारमां मरणसमये जीवने शरण राखनार कोई नथी, मात्र एक शुभ धर्मनुं ज शरण सत्य छे; एम चिंतववुं ते वीजी 'अशरणभावना.'

३. "आ आत्माए संसारसमुद्रमां पर्यटन करतां करतां सर्व भव कीधा छे, ए संसारजंजीरथी हुं क्यारे छुटीश?

ए संसार मारो नथी, हुं मोक्षमयी छुं;" एम चिंतववुं ते त्रीजी 'संसारभावना.'

४. "आ मारो आत्मा एकलो छे; ते एकलो आव्यो छे, एकलो जशे; पोतानां करेलां कर्म एकलो भोगवशे" एम चिंतववुं ते चोथी 'एकत्वभावना.'

५. आ संसारमां कोइ कोइनुं नथी एम चिंतववुं ते पांचमी 'अन्यत्वभावना.'

६. "आ शरीर अपवित्र छे, मळमूत्रनी खाण छे, रोग जराने रहेवानुं धाम छे, ए शरीरथी हुं न्यारो छउं" एम चिंतववुं ते छट्ठी 'अशुचिभावना.'

७. राग, द्वेष, अज्ञान, मिथ्यात्व इत्यादिक सर्व आश्रव छे एम चिंतववुं ते सातमी 'आश्रवभावना.'

८. ज्ञान, ध्यानमां जीव प्रवर्त्तमान थइने नवां कर्म बांधे नहीं एवी चिंतवना करवी ते आठमी 'सम्वरभावना.'

९. ज्ञानसहित क्रिया करवी ते निर्जरानुं कारण छे एम चिंतववुं ते नवमी 'निर्जराभावना.'

१०. लोकस्वरुपनुं उत्पत्ति स्थिति विनाशस्वरुप विचारवुं ते दशमी 'लोकस्वरुपभावना.'

११. संसारमां भमतां आत्माने सम्यग्ज्ञाननी प्रसादी प्राप्त थवी दुर्लभ छे; वा सम्यग्ज्ञान पाम्यो, तो चारित्र

सर्व विरतिपरिणामरूप धर्म पामवो दुर्लभ छे; एवी चिंतवना ते अग्यारमी 'बोधदुर्लभभावना.'

१२. धर्मना उपदेशक तथा शुद्ध शास्त्रना बोधक एवा गुरु अने एनुं श्रवण मळवुं दुर्लभ छे एवी चिंतवना ते बारमी 'धर्मदुर्लभभावना.'

आ बार भावनाओ मननपूर्वक निरंतर विचारवाथी सत्पुरुषो उत्तम पदने पाम्या छे, पामे छे, अने पामशे.

---

## शिक्षापाठ २२. कामदेव श्रावक.

महावीर भगवान्ना समयमां द्वादशव्रतने विमळ भावथी धारण करनार, विवेकी अने निर्ग्रंथवचनानुरक्त कामदेव नामना एक श्रावक तेओना शिष्य हता. सुधर्मा सभामां इंद्रे एक वेळा कामदेवनी धर्मअचळतानी प्रशंसा करी. एवामां त्यां एक तुच्छ बुद्धिवान देव बेठो हतो तेणे एवी सुदृढतानो अविश्वास बताव्यो, अने कह्युं के ज्यांसुधी परिषह पड्या न होय त्यांसुधी बधाय सहनशील अने धर्मदृढ जणाय. आ मारी वात हुं एने चळावी आपीने सत्य करी देखाडुं, धर्मदृढ कामदेव ते वेळा कायोत्सर्गमां लीन हता. देवताए प्रथम हाथीनुं रूप वैक्रिय कर्युं; अने पछी कामदेवने खुब गुंद्या तोपण ते अचळ रह्या, एटले मुशळ

जेवुं अंग करीने काळावर्णनो सर्प थइने भयंकर फुंकार कर्या तोय कामदेव कायोत्सर्गथी लेश चळ्या नहीं; पछी अट्ट-हास्य करता राक्षसनो देह धारण करीने अनेक प्रकारना परिषह कर्या, तोपण कामदेव कायोत्सर्गथी चळ्या नहीं. सिंह वगेरेनां अनेक भयंकर रुप कर्यां तोपण कायोत्सर्गमां लेश हीनता कामदेवे आणी नहीं. एम रात्रिना चारे पहोर देवताए कर्या कर्युं; पण ते पोतानी धारणामां फाव्यो नहीं. पछी ते देवे अवधिज्ञानना उपयोगवडे जोयुं तो कामदेवने मेरुना शिखरनी पेरे अडोल रह्या दीठा. कामदेवनी अद्भुत निश्चलता जाणी तेने विनयभावथी प्रणाम करी पोतानो दोष क्षमावीने ते देवता स्वस्थानके गयो.

कामदेव श्रावकनी धर्मदृढता एवो बोध करे छे के, सत्यधर्म अने सत्य प्रतिज्ञामां परम दृढ रहेवुं; अने कायोत्सर्ग आदि जेम बने तेम एकाग्र चित्तथी अने सुदृढताथी निर्दोष करवां. चलविचल भावथी कायोत्सर्गादि बहु दोषयुक्त थायछे. पाई जेवा द्रव्यलाभ माटे धर्मशास्त्र काढनारथी धर्ममां दृढता क्यांथी रही शके? अने रही शके तो केवी रहे! ए विचारतां खेद थाय छे.

---

# शिक्षापाठ २३. सत्य.

सामान्य कथनमां पण कहेवाय छे के, सत्य ए आ जगत्नुं धारण छे; अथवा सत्यने आधारे आ जगत् रह्युं छे. ए कथनमांथी एवी शिक्षा मळे छे के, धर्म, नीति, राज, अने व्यवहार ए सत्यवडे प्रवर्त्तन करी रह्यां छे; अने ए चारे नहोय तो जगत्नुं रूप केवुं भयंकर होय? ए माटे सत्य ए जगत्नुं धारण छे एम कहेवुं ए कंइ अतिशयोक्ति जेवुं, के नहीं मानवा जेवुं नथी.

वसुराजानुं एक शब्दनुं असत्य बोलवुं केटलुं दुःखदायक थयुं हतुं ते प्रसंग विचार करवा माटे अहीं कहीशुं:

वसुराजा, नारद अने पर्वत ए त्रणे एक गुरु पासेथी विद्या भण्या हता. पर्वत अध्यापकनो पुत्र हतो; अध्यापके काळ कर्यो. एथी पर्वत तेनी मा सहित वसुराजाना दरबारमां आवी रह्यो हतो. एक रात्रे तेनी मा पासे बेठी छे; अने पर्वत तथा नारद शास्त्राभ्यास करे छे. एमां एक वचन पर्वत एवुं बोल्यो के, 'अजाहोतव्यं.' त्यारे नारदे पूछयुं: "अज ते शुं पर्वत?" पर्वते कह्युं: "अज ते बोकडो." नारद बोल्यो: "आपणे त्रणे जण तारा पिता कने भणता हता त्यारे, तारा पिताए तो 'अज' ते त्रण वर्षनी 'व्रीहि' कही छे; अने तुं अवळुं शा माटे कहे छे? एम परस्पर वचनविवाद वध्यो. त्यारे पर्वते कह्युं: "आपणने वसुराजा कहे ते खरुं." ए वातनी नारदे हा कही; अने जीते तेने माटे अमुक सरत करी. पर्व-

तनी मा जे पासे बेठी हती तेणे आ सांभळ्युं. 'अज' एटले 'व्रीहि' एम तेने पण याद हतुं; सरतमां पोतानो पुत्र हारशे एवा भयथी पर्वतनी मा रात्रे राजा पासे गइ अने पूछ्युं: "राजा, 'अज' एटले शुं?" वसुराजाए संबंधपूर्वक कह्युं: "अज एटले 'व्रीहि.'" त्यारे पर्वतनी माए राजाने कह्युं: "मारा पुत्रथी 'बोकडो' कहेवायो छे माटे, तेनो पक्ष करवो पडशे; तमने पूछवा माटे तेओ आवशे." वसुराजा बोल्यो: "हुं असत्य केम कहुं? माराथी ए बनी शके नहीं." पर्वतनी माए कह्युं: "पण जो तमे मारा पुत्रनो पक्ष नहीं करो तो तमने हुं हत्या आपीश." राजा विचारमां पडी गयो के, सत्यवडे करीने हुं मणिमय सिंहासनपर अद्धर बेसुं छउं. लोकसमुदायने न्याय आपु छउं. लोक पण एम जाणेछे के, राजा सत्यगुणे करीने सिंहासनपर अंतरिक्ष बेसेछे. हवे केम करवुं? जो पर्वतनो पक्ष न करुं तो ब्राह्मणी मरे छे; ए वळी मारा गुरुनी स्त्री छे. न चालतां छेवटे राजाए ब्राह्मणीने कह्युं: "तमे भले जाओ, हुं पर्वतनो पक्ष करीश." आवो निश्चय करावीने पर्वतनी मा घेर आवी. प्रभाते नारद, पर्वत अने तेनी मा विवाद करतां राजा पासे आव्यां. राजा अजाण थई पूछवा लाग्यो के शुं छे पर्वत? पर्वते कह्युं: "राजाधिराज! अज ते शुं? ते कहो." राजाए नारदने पुछ्युं: "तमे शुं कहो छो?" नारदे कह्युं: 'अज' ते त्रण वर्षनी 'व्रीहि' तमने क्यां नथी सांभरतुं? वसुराजा बोल्यो: 'अज' एटले 'बोकडो,' पण 'व्रीहि' नहीं. ते ज

वेळा देवताए सिंहासनथी उछाळी हेठो नांख्यो; वसु काळ परिणाम पामी नरके गयो.

आ उपरथी सामान्य मनुष्योए सत्य, तेम ज राजाए न्यायमां अपक्षपात, अने सत्य वन्ने ग्रहण करवा योग्य छे ए मुख्य बोध मळे छे.

जे पांच महाव्रत भगवाने प्रणीत कर्यां छे; तेमांनां प्रथम महाव्रतनी रक्षाने माटे बाकीनां चार व्रत वाडरूपे छे; अने तेमां पण पहेली वाड ते सत्य महाव्रत छे. ए सत्यना अनेक भेद सिद्धांतथी श्रुत करवा अवश्यना छे.

---

## शिक्षापाठ २४. सत्संग.

सत्संग ए सर्व सुखनुं मूळ छे; सत्संगनो लाभ मळ्यो के तेना प्रभाववडे वांछित सिद्धि थइ ज पडी छे. गमे तेवा पवित्र थवाने माटे सत्संग श्रेष्ठ साधन छे; सत्संगनी एक घडी जे लाभ दे छे ते कुसंगनां एक कोटयाविधि वर्ष पण लाभ न दई शकतां अधोगतिमय महा पापो करावे छे, तेम ज आत्माने मलिन करे छे. सत्संगनो सामान्य अर्थ एटलो छे के, उत्तमनो सहवास. ज्यां सारी हवा नथी आवती त्यां रोगनी वृद्धि थाय छे; तेम ज्यां सत्संग नथी त्यां आत्मरोग वधे छे. दुर्गंधथी कंटाळीने जेम नाके वस्त्र आडुं दइए छीए, तेम कुसंगथी सहवास वंध करवानुं अवश्यनुं

छे; संसार ए पण एक प्रकारनो संग छे; अने ते अनंत कुसंगरूप तेम ज दुःखदायक होवाथी त्यागवायोग्य छे. गमे ते जातनो सहवास होय परंतु जेवडे आत्मसिद्धि नथी ते सत्संग नथी. आत्माने सत्य रंग चढावे ते सत्संग. मोक्षनो मार्ग बतावे ते मैत्रि. उत्तम शास्त्रमां निरंतर एकाग्र रहेवुं ते पण सत्संग छेः सत्पुरुषोनो समागम ए पण सत्संग छे. मलीन वस्त्रने जेम साबु तथा जळ स्वच्छ करे छे तेम शास्त्र बोध अने सत्पुरुषोनो समागम, आत्मानी मलीनता टाळीने शुद्धता आपे छे. जेनाथी हमेशनो परिचय रही राग, रंग, गान, तान, अने स्वादिष्ट भोजन सेवातां होय ते तमने गमे तेवो प्रिय होय तोपण निश्चय मानजो के, ते सत्संग नथी, पण कुसंग छे. सत्संगथी प्राप्त थयेलुं एक वचन अमुल्य लाभ आपे छे. तत्त्वज्ञानीओए मुख्य बोध एवो कर्यो छे के, सर्व संग परित्याग करी, अंतरमां रहेला सर्व विकारथी पण विरक्त रही एकांतनुं सेवन करो. तेमां सत्संगनी स्तुति आवी जाय छे. केवळ एकांत ते तो ध्यानमां रहेवुं के योगाभ्यासमां रहेवुं ए छे, परंतु समस्वभाविनो समागम जेमांथी एक ज प्रकारनी वर्त्तनतानो प्रवाह नीकळे छे ते, भावे एक ज रूप होवाथी घणां माणसो छतां, अने परस्परनो सहवास छतां ते एकांतरूप ज छे; अने तेवी एकांत मात्र संतसमागममां रही छे. कदापि कोइ एम विचारशे के, विषयीमंडळ मळे छे त्यां समभाव अने सरखीवृत्ति होवाथी एकांत कां न केहेवी ? तेनुं समाधान तत्काळ छे के, तेओ

एक स्वभावी होता नथी. तेमां परस्पर स्वार्थबुद्धि अने मायानुं अनुसंधान होय छे; अने ज्यां ए बे कारणथी समागम छे त्यां एकस्वभाव के निर्दोषता होती नथी. निर्दोष अने समस्वभावी समागम तो परस्परथी शांत मुनीश्वरोनो छे; तेम ज धर्मध्यान प्रशस्त अल्पारंभी पुरुषनो पण केटलेक अंशे छे. ज्यां स्वार्थ अने माया कपट ज छे त्यां समस्वभावता नथी; अने ते सत्संग पण नथी. सत्संगथी जे सुख अने आनंद मळे छे ते अति स्तुतिपात्र छे. ज्यां शास्त्रोनां सुंदर प्रश्नो थाय, ज्यां उत्तम ज्ञान, ध्याननी सुकथा थाय, ज्यां सत्पुरुषोनां चरित्रपर विचार बंधाय, ज्यां तत्त्वज्ञानना तरंगनी लहरियो छूटे, ज्यां सरळस्वभावथी सिद्धांतविचार चर्चाय, ज्यां मोक्षजन्य कथनपर पुष्कळ विवेचन थाय एवो सत्संग ते महा दुर्लभ छे. कोइ एम कहे के, सत्संगमंडळमां कोइ मायावि नहि होय ? तो तेनुं समाधान आ छेः ज्यां माया अने स्वार्थ होय छे त्यां, सत्संग ज होतो नथी. राजहंसनी सभानो काग देखावे कदापि न कळाय तो अवश्य रागे कळाशे; मौन रह्यो तो मुखमुद्राए कळाशे. पण ते अंधकारमां जाय नहीं. तेम ज मायावियो सत्संगमां स्वार्थे जइने शुं करे ? त्यां पेट भर्यानी वात तो होय नहीं. बे घडी त्यां जइ ते विश्रांति लेतो होय तो भले ले के, जेथी रंग लागे नहीं तो बीजीवार तेनुं आगमन होय नहीं; जेम पृथ्वीपर तराय नहीं, तेम सत्संगथी बूडाय नहीं; आवी सत्संगमां चमत्कृति छे. निरंतर एवा निर्दोष समागममां

माया लइने आवे पण कोण ? कोइज दुर्भागी; अने ते पण असंभवित छे.

सत्संग ए आत्मानुं परम हितकारि औषध छे.

---

## शिक्षापाठ २५. परिग्रहने संकोचवो.

जे प्राणीने परिग्रहनी मर्यादा नथी, ते प्राणी सुखी नथीः तेने जे मळ्युं ते ओछुं छे. कारण जेटलुं जाय तेटलाथी विशेष प्राप्त करवा तेनी इच्छा थाय छे. परिग्रहनी प्रबळतामां जे कंइ मळ्युं होय तेनुं सुख तो भोगवातुं नथी परंतु होय ते पण वखते जाय छे. परिग्रहथी निरंतर चळविचळ परिणाम अने पापभावना रहे छे; अकस्मात् योगथी एवी पापभावनामां आयुष्य पूर्ण थाय तो बहुधा अधोगतिनुं कारण थइ पडे. केवळ परिग्रह तो मुनीश्वरो त्यागी शके; पण गृहस्थो एनी अमुक मर्यादा करी शके. मर्यादा थवाथी उपरांत परिग्रहनी उत्पत्ति नथी; अने एथी करीने विशेष भावना पण बहुधा थती नथी; अने वळी जे मळ्युं छे तेम संतोष राखवानी प्रथा पडे छे; एथी सुखमां काळ जायछे. कोण जाणे लक्ष्मीआदिकमां केवीए विचित्रता रहीछे के जेम जेम लाभ थतो जायछे तेम तेम लोभनी वृद्धि थती जाय छे; धर्म संबंधी केटलुं ज्ञान छतां, धर्मनी दृढता छतां पण परिग्रहना पाशमां पडेलो पुरुष कोइक ज छूटी शके छे; वृत्ति एमांज लटकी रहेछे; परंतु ए वृत्ति कोइ काळे सुख-

दायक के आत्महितैषी थइ नथी. जेणे एनी टुंकी मर्यादा करी नहीं, ते वहोळा दुःखना भागी थया छे.

छ खंड साधी आज्ञा मनावनार राजाधिराज, चक्रवर्त्ती कहेवाय छे. ए समर्थ चक्रवर्त्तीमां सुभुम नामे एक चक्रवर्त्ती थइ गयो छे. एणे छ खंड साधी लीधा एटले चक्रवर्त्ती-पदथी ते मनायो; पण एटलेथी एनी मनोवांच्छा तृप्त न थइ; हजु ते तरस्यो रह्यो. एटले धातकी खंडना छ खंड साधवा एणे निश्चय कर्यो. बधा चक्रवर्त्ती छ खंड साधे छे; अने हुं पण एटला ज साधु तेमां महत्ता शानी? बार खंड साधवाथी चिरंकाळ हुं नामांकित थइश; समर्थ आज्ञा जीवनपर्यंत ए खंडोपर मनावी शकीश; एवा विचारथी समुद्रमां चर्मरत्न मूक्युं; ते उपर सर्व सैन्यादिकनो आधार रह्यो हतो. चर्मरत्नना एक हजार देवता सेवक कहेवाय छे; तेमां प्रथम एके विचार्युं के कोण जाणे केटलांय वर्षे आमांथी छूटको थशे? माटे देवांगनाने तो मळी आवुं एम धारी ते चाल्यो गयो; एवा ज विचारे बीजो गयो; पछी त्रीजो गयो; अने एम करतां करतां हजारे चाल्या गया; त्यारे चर्मरत्न बूड्युं; अश्व, गज अने सर्व सैन्यसहित सुभुम नामनो ते चक्रवर्त्ती बूड्यो; पापभावनामां ने पापभावनामां मरीने ते अनंत दुःखथी भरेली सातमी तमतमप्रभा नर्कने विषे जइने पड्यो. जुओ! छ खंडनुं आधिपत्य तो भोगववुं रह्युं; परंतु अकस्मात् अने भयंकर रीते परिग्रहनी प्रीतिथी ए चक्रवर्त्तीनुं मृत्यु थयुं, तो पछी बीजा माटे तो

कहेवुं ज शुं ? परिग्रह ए पापनुं मूळ छे; पापनो पिता छे; अने एकादशव्रतने महा दोष दे एवो एनो स्वभाव छे. ए माटे थइने आत्महितैषिए जेम बने तेम तेनो त्याग करी मर्यादा पूर्वक वर्त्तन करवुं.

---

## शिक्षापाठ २६. तत्त्व समजवुं.

शास्त्रोनां शास्त्रो मुख पाठे होय एवा पुरुषो घणा मळी शके; परंतु जेणे थोडां वचनोपर प्रौढ अने विवेकपूर्वक विचार करी शास्त्र जेटलुं ज्ञान हृदयगत कर्युं होय तेवा मळवा दुर्लभ छे. तत्त्वने पहोंची जवुं ए कंइ नानी वात नथी. कूदीने दरियो ओळंगी जवो छे.

अर्थ एटले लक्ष्मी, अर्थ एटले तत्त्व अने अर्थ एटले शब्दनुं बीजुं नाम. आवा अर्थशब्दना घणा अर्थ थाय छे. पण 'अर्थ' एटले 'तत्त्व' ए विषयपर अहीं आगळ कहेवानुं छे. जेओ निर्ग्रंथप्रवचनमां आवेलां पवित्र वचनो मुखपाठे करे छे, ते तेओनां उत्साहबळे सत्फळ उपार्जन करे छे; परंतु जो तेनो मर्म पाम्या होय तो एथी ए सुख, आनंद, विवेक अने परिणामे महद्भूत फळ पामे छे. अभणपुरुष सुंदर अक्षर अने ताणेला मिथ्या लीटा ए बेना भेदने जेटलुं जाणे छे, तेटलुं ज मुखपाठी अन्य ग्रंथ विचार अने निर्ग्रंथप्रवचनने भेद रूप माने छे, कारण तेणे अर्थ पूर्वक निर्ग्रंथ वचनामृतो

धार्यां नथी; तेम ते पर यथार्थ तत्त्वविचार कर्यो नथी. जो के तत्त्वविचार करवामां समर्थ बुद्धिप्रभाव जोइए छीए; तोपण कंइ विचार करी शके; पथ्थर पीगळे नहीं तोपण पाणीथी पलळे. तेम ज जे वचनामृतो मुखपाठे कर्यां होय ते अर्थ सहित होय तो बहु उपयोगी थई पडे; नहीं तो पोपटवाळुं राम नाम. पोपटने कोई परिचये रामनाम कहेतां शीखडावे; परंतु पोपटनी बला जाणे के राम ते दाडम के द्राक्ष. सामान्यार्थ समज्या वगर एवुं थाय छे. कच्छी वैश्योनुं द्रष्टांत एक कहेवाय छे ते कंईक हास्ययुक्त छे खरुं, परंतु एमांथी उत्तम शिक्षा मळी शके तेम छे; एटले अहीं कही जउं छउं. कच्छना कोई गाममां श्रावकधर्म पाळता रायशी, देवशी अने खेतशी एम त्रण नामधारी ओशवाळ रहेता हता. नियमित रीते तेओ संध्याकाळे, अने परोढिये प्रतिक्रमण करता हता. परोढिये रायशी अने संध्याकाळे देवशी प्रतिक्रमण करावता हता. रात्रि संबंधी पतिक्रमण रायशी करावतो; एने संबंधे 'रायशी पडिक्कमणुं ठायंमि, एम तेने बोलावतुं पडतुं; तेम ज देवशीने 'देवशी पडिक्कमणुं ठायंमि' एम संबंध होवाथी बोलाववुं पडतुं. योगानुयोगे घणाना आग्रहथी एक दिवस संध्याकाळे खेतशीने बोलाववा बेसार्यो. खेतशीए ज्यां 'देवशी पडिक्कमणुं ठायंमि' एम आव्युं, त्यां 'खेतशी पडिक्कमणुं ठायंमि, ए वाक्यो लगावी दीधां! ए सांभळी बधा हास्यग्रस्त थया अने पूछयुं आम कां? खेतशी बोल्योः बळी आम ते केम? त्यां उत्तर मळयो के, 'खेतशी

पडिक्कमणुं ठायंमि' एम तमे केम बोलो छो ? खेतशीए कह्युं, हुं गरीब छउं एटले मारुं नाम आव्युं त्यां पाधरी तकरार लइ बेठा, पण रायशी अने देवशी माटे तो कोइ दिवस कोइ बोलता पण नथी. ए बन्ने केम 'रायशी पडिक्कमणुं ठायंमि' अने 'देवशी पडिक्कमणुं ठायंमि' एम कहे छे ? तो पछी हुं 'खेतशी पडिक्कमणुं ठायंमि' एम कां न कहुं ? एनी भद्रिकताए तो बधाने विनोद उपजाव्यो; पछी अर्थनी कारण सहित समजण पाडी एटले खेतशी पोताना मुखपाठी प्रतिक्रमणथी शरमायो.

आ तो एक सामान्य वात छे; परंतु अर्थनी खुबी न्यारी छे. तत्त्वज्ञ तेपर बहु विचार करी शके. बाकी तो गोळ गळ्यो ज लागे तेम निर्ग्रंथवचनामृतो पण सत्फळ ज आपे. अहो ! पण मर्म पामवानी वातनी तो बलहारी ज छे !

---

## शिक्षापाठ २७. यतना.

जेम विवेक ए धर्मनुं मूळतत्व छे, तेम यतना ए धर्मनुं उपतत्त्व छे. विवेकथी धर्म तत्त्व ग्रहण कराय छे; तथा यतनाथी ते तत्त्व शुद्ध राखी शकाय छे, अने ते प्रमाणे प्रवर्त्तन करी शकाय छे. पांच समितिरुप यतना तो बहु श्रेष्ठ छे; परंतु ग्रहाश्रमीथी ते सर्व भावे पाळी शकाती नथी; छतां जेटला भावांशे पाळी शकाय तेटला भावांशे पण

सावधानीथी पाळी शकता नथी. जिनेश्वर भगवंते बोधेली स्थूळ अने सूक्ष्म दया प्रत्ये ज्यां बेदरकारी छे, त्यां ते बहु दोषथी पाळी शकाय छे. ए यतनानी न्यूनताने लीधे छे. उतावळी अने वेगभरी चाल, पाणी गळी तेनो संखाळो राखवानी अपूर्ण विधि, काष्ठादिक इंधनने वगर खंचेर्ये, वगर जोये उपयोग; अनाजमां रहेला सूक्ष्म जंतुओनी अपूर्ण तपास, पुंज्या प्रमार्ज्या वगर रहेवां दीधेलां ठाम, अस्वच्छ राखेला ओरडा, आंगणामां पाणीनुं ढोळवुं, एठनुं राखी मूकवुं, पाटला वगर धखधखती थाळी नीचे मूकवी, एथी पोताने आ लोकमां अस्वच्छता, अगवड, अनारोग्यता इत्यादिक फळरूप थाय छे; अने परलोकमां दुःखदायि महापापनां कारण पण थइ पडे छे, ए माटे थइने कहेवानो बोध के चालवामां, बेसवामां, उठवामां, जमवामां अने बीजा हरेक प्रकारमां यतनानो उपयोग करवो. एथी द्रव्ये अने भावे बन्ने प्रकारे लाभ छे. चाल धीमी अने गंभिर राखवी, घर स्वच्छ राखवां, पाणी विधिसहित गळाववुं, काष्ठादिक इंधन खंखेरी वापरवां ए कंइ आपणने अगवड पडतुं काम नथी; तेम तेमां विशेष वखत जतो नथी. एवा नियमो दाखल करी दीधा पछी पाळवा मुश्केल नथी. एथी बिचारा असंख्यात निरपराधी जंतुओ बचे छे.

प्रत्येक काम यतना पूर्वक ज करवुं ए विवेकी श्रावकनुं कर्त्तव्य छे.

---

# शिक्षापाठ २८. रात्रिभोजन.

अहिंसादिक पंचमहाव्रत्त जेवुं भगवाने रात्रिभोजनत्यागव्रत्त कह्युं छे. रात्रिमां जे चार प्रकारना आहार छे ते अभक्षरूप छे. जे जातिनो आहारनो रंग होय छे ते जातिना तमस्काय नामना जीव ते आहारमां उत्पन्न थाय छे. रात्रिभोजनमां ए शिवाय पण अनेक दोष रह्या छे. रात्रे जमनारने रसोइने माटे अग्नि सळगाववो पडे छे; त्यारे समीपनी भींतपर रहेला निरपराधी सूक्ष्म जंतुओ नाश पामे छे. इंधनने माटे आणेलां काष्ठादिकमां रहेला जतुंओ रात्रिए नहीं देखावाथी नाश पामे छे; तेमज सर्पना झेरनो, करोळियानी लाळनो अने मच्छरादिक सूक्ष्म जंतुनो पण भय रहे छे; वखते ए कुटुंवादिकने भयंकर रोगनुं कारण पण थइ पडे छे.

रात्रिभोजननो पुराणादिक मतमां पण सामान्य आचारने खातर त्याग कर्यो छे, छतां तेओमां परंपरानी रुढिये करीने रात्रिभोजन पेसी गयुं छे. पण ए निषेधक तो छे ज.

शरीरनी अंदर वे प्रकारनां कमळ छे. ते सूर्यना अस्तथी संकोच पामी जाय छे; एथी करीने रात्रिभोजनमां सूक्ष्म जीव भक्षणरुप अहित थाय छे; जे महा रोगनुं कारण छे. एवो केटलेक स्थळे आयुर्वेदनो पण मत छे.

सत्पुरुषो तो बे घडी दिवस रहे त्यारे वाळु करे; अने बे घडी दिवस चढ्यां पहेलां गमे ते जातनो आहार

करे नहीं. रात्रिभोजनने माटे विशेष विचार मुनिसमागमथी के शास्त्रथी जाणवो. ए संबंधी बहु सूक्ष्म भेदो जाणवा अवश्यना छे.

चारे प्रकारना आहार रात्रिने विषे त्यागवाथी महद्फळ छे. आ जिन वचन छे.

---

## शिक्षापाठ २९. सर्व जीवनी रक्षा भाग १.

दया जेवो एके धर्म नथी. दया ए ज धर्मनुं स्वरूप छे. ज्यां दया नथी त्यां धर्म नथी. जगतितळमां एवा अनर्थकारक धर्ममतो पड्या छे के, जेओ एम कहे छे के जीवने हणतां लेश पाप थतुं नथी; बहु तो मनुष्यदेहनी रक्षा करो. तेम ए धर्ममतवाळा झनुनी, अने मदांध छे, अने दयानुं लेश स्वरूप पण जाणता नथी. एओ जो पोतानुं हृदयपट प्रकाशमां मूकीने विचारे तो अवश्य तेमने जणाशे के एक सूक्ष्ममां सूक्ष्म जंतुने हणवामां पण महा पाप छे. जेवो मने मारो आत्मा प्रियछे तेवो तेने पण तेनो आत्मा प्रिय छे. हुं मारा लेश व्यसन खातर के लाभ खातर एवा असंख्याता जीवोने बेधडक हणुं छउं. ए मने केटलुं बधुं अनंत दुःखनुं कारण थइ पडशे ? तेओमां बुद्धिनुं बीज पण नहीं होवाथी तेओ आवो सात्विक विचार करी शकता नथी. पापमां ने पापमां

निशदिन मग्न छे. वेद, अने वैष्णवादि पंथोमां पण सूक्ष्म दया संबंधी कंइ विचार जोवामां आवतो नथी. तोपण एओ केवळ दयाने नहीं समजनार करतां घणा उत्तम छे. स्थूळ जीवोनी रक्षामां ए ठीक समज्या छे; परंतु ए सघळा करतां आपणे केवा भाग्यशाळी के ज्यां एक पुष्पपांखडी दूभाय त्यां पाप छे ए खरुं तत्त्व समज्या अने यज्ञयागादिक हिंसाथी तो केवळ विरक्त रह्या छीए! बनता प्रयत्नथी जीव बचावीए छीए, वळी चाहिने जीव हणवानी आपणी लेश इच्छा नथी. अनंतकाय अभक्ष्यथी बहु करी आपणे विरक्त ज छीए. आ काळे ए सघळो पुण्यप्रताप सिद्धार्थ भूपाळना पुत्र महावीरना कहेला परमतत्त्वबोधना योगबळथी वध्यो छे. मनुष्यो रीद्धि पामे छे, सुंदर स्त्री पामे छे, आज्ञांकित पुत्र पामे छे, बहोळो कुटुंबपरिवार पामे छे, मानप्रतिष्ठा तेम ज अधिकार पामे छे, अने ते पामवां कंइ दुर्लभ नथी; परंतु खरुं धर्मतत्त्व के तेनी श्रद्धा के तेनो थोडो अंश पण पामवो महा दुर्लभ छे. ए रीद्धि इत्यादिक अविवेकथी पापनुं कारण थई अनंत दुःखमां लई जाय छे; परंतु आ थोडी श्रद्धा-भावना पण उत्तम पद्विए पहोंचाडे छे. आम दयानुं सत्परिणाम छे, आपणे धर्मतत्त्वयुक्त कुळमां जन्म पाम्या छीए तो हवे जेम बने तेम विमळदयामय वर्त्तनमां आववुं. वारंवार लक्षमां राखवुं के, सर्व जीवनी रक्षा करवी. बीजाने पण एवो ज युक्तिप्रयुक्तिथी बोध आपवो. सर्व जीवनी रक्षा करवा माटे एक बोधदायक उत्तम युक्ति बुद्धिशाळा अभय-

कुमारे करी हती ते आवता पाठमां हुं कहुं छउं ; एमज तत्त्वबोधने माटे यौक्तिक न्यायथी अनार्य जेवा धर्ममतवादीओने शिक्षा आपवानो वखत मळे तो आपणे केवा भाग्यशाळी!

---

# शिक्षापाठ ३०.सर्व जीवनी रक्षा भाग २.

मगध देशनी राजगृही नगरीनो अधिराज श्रेणिक एक वखते सभा भरीने बेठो हतो. प्रसंगोपात वातचितना प्रसंगमां मांसलुब्ध सामंतो हता ते बोल्या के, हमणा मांसनी विशेष सस्ताई छे. आ वात अभयकुमारे सांभळी. ए उपरथी ए हिंसक सामंतोने बोध देवानो तेणे निश्चय कर्यो. सांजे सभा विसर्जन थई अने राजा अंतःपुरमां गया. त्यार पछी क्रयविक्रय माटे जेणे जेणे मांसनी वात उच्चारी हती तेने तेने घेर अभयकुमार गया. जेने घेर जाय त्यां सत्कार कर्या पछी तेओ पूछवा लाग्या के, आपनुं परिश्रम लई अमारे घेर केम पधारवुं थयुं छे? अभयकुमारे कह्युंः "महाराजा श्रेणिकने अकस्मात् महा रोग उत्पन्न थयो छे. वैद्य भेळा करवाथी तेणे कह्युं के, कोमळ मनुष्यना काळजानुं सवा टांकभार मांस होय तो आ रोग मटे. तमे राजाना प्रियमान्य छो माटे तमारे त्यां ए मांस लेवा आव्यो छउं." प्रत्येक सामंते विचार्युं के काळजानुं मांस हुं मुवाविना शी रीते आपी शकुं? एथी अभयकुमारने पूछ्युंः महाराज, ए तो

केम थई शके ? एम कही पछी अभयकुमारने केटलुंक द्रव्य पोतानी वात राजा आगळ नहीं प्रसिद्ध करवा ते प्रत्येक सामंत आपता गया अने ते अभयकुमार लेता गया. एम सघळा सामंतोने घेर अभयकुमार फरी आव्या. सघळा मांस न आपी शक्या, अने आम तेमणे पोतानी वात छुपाववा द्रव्य आप्युं. पछी बीजे दिवसे ज्यारे सभा भेळी थइ त्यारे सघळा सामंतो पोताने आसने आवीने बेठा. राजा पण सिंहासनपर विराज्या हता. सामंतो आवी आवीने गइ कालनुं कुशळ पूछवा लाग्या. राजा ए वातथी विस्मीत थया. अभयकुमार भणी जोयुं एटले अभयकुमार बोल्याः "महाराज! काले आपना सामंतो सभामां बोल्या हता के हमणा मांस सस्तुं मळे छे. जेथी हुं तेओने त्यां लेवा गयो हतो, त्यारे सघळाए मने बहु द्रव्य आप्युं; परंतु काळजानुं सवा पैसाभार मांस न आप्युं. त्यारे ए मांस सस्तुं के मोंघुं?" बधा सामंतो सांभळी शरमथी नीचुं जोइ रह्या. कोइथी कंइ बोली शकायुं नहीं. पछी अभयकुमारे कह्युं: "आ कंइ में तमने दुःख आपवा कर्युं नथी; परंतु बोध आपवा कर्युं छे. आपणने आपणा शरीरनुं मांस आपवुं पडे तो अनंतभय थाय छे, कारण आपणा देहनी आपणने प्रियता छे, तेम जे जीवनुं ते मांस हशे तेनो पण जीव वहालो हशे. जेम आपणे अमूल्य वस्तुओ आपीने पण पोतानो देह बचावीए छीए तेम ते विचारां पामर प्राणीओने पण होवुं जोइए. आपणे समजणवाळां, बोलतां चालतां प्राणी छइए, ते विचारां

अवाचक अने निराधार प्राणी छे. तेमने मोतरुप दुःख आपीए ए केवुं पापनुं प्रबळ कारण छे? आपणे आ वचन निरंतर लक्षमां राखवुं के सर्व प्राणीने पोतानो जीव वहालो छे; अने सर्व जीवनी रक्षा करवी ए जेवो एके धर्म नथी. अभयकुमारना भाषणथी श्रेणिक महाराजा संतोषाया. सघळा सामंतो पण बोध पाम्या. तेओए ते दिवसथी मांस खावानी प्रतिज्ञा करी, कारण एक तो ते अभक्ष्य छे, अने कोइ जीव हणाया विना ते आवतुं नथी ए मोटो अधर्म छे; माटे अभय प्रधाननुं कथन सांभळीने तेओए अभयदानमां लक्ष आप्युं.

अभयदान आत्माना परम सुखनुं कारण छे.

---

# शिक्षापाठ ३१. प्रत्याख्यान.

'पच्चखाण' नामनो शब्द वारंवार तमारा सांभळवामां आव्यो छे. एनो मूळ शब्द 'प्रत्याख्यान' छे; अने ते (शब्द) अमुक वस्तु भणी चित्त न करवुं एम तत्त्वथी समजी हेतुपूर्वक नियम करवो तेने बदले वपराय छे. प्रत्याख्यान करवानो हेतु महा उत्तम अने सूक्ष्म छे. प्रत्याख्यान नहीं करवाथी गमे ते वस्तु न खाओ के न भोगवो तोपण तेथी संवरपणुं नथी, कारण के तत्त्वरूपे करीने इच्छानुं रुंधन कर्युं नथी. रात्रे

आपणे भोजन न करता होइए; परंतु तेनो जो प्रत्याख्यानरूपे नियम न कर्यो होय तो ते फळ न आपे; कारण आपणी इच्छा खुल्ली रही. जेम घरनुं बारणुं उघाडुं होय अने श्वानादिक जनावर के मनुष्य चाल्युं आवे तेम इच्छानां द्वार खुल्लां होय तो तेमां कर्म प्रवेश करे छे. एटले के ए भणी आपणा विचार छूटथी जाय छे; ते कर्मबंधननुं कारण छे, अने जो प्रत्याख्यान होय तो पछी ए भणी द्रष्टि करवानी इच्छा थती नथी. जेम आपणे जाणीए छीए के वांसानो मध्य भाग आपणाथी जोइ शकातो नथी, माटे ए भणी आपणे द्रष्टि पण करता नथी, तेम प्रत्याख्यान करवाथी आपणे अमुक वस्तु खवाय के भोगवाय तेम नथी एटले ए भणी आपणुं लक्ष स्वाभाविक जतुं नथी, ए कर्म आववाने आडो कोट थइ पडे छे. प्रत्याख्यान कर्या पछी विस्मृति वगेरे कारणथी कोइ दोष आवी जाय तो तेनां प्रायश्चितनिवारण पण महात्माओए कह्यां छे.

प्रत्याख्यानथी एक बीजो पण मोटो लाभ छे; ते एके अमुक वस्तुओमां ज आपणुं लक्ष रहे छे, बाकी बधी वस्तुओनो त्याग थइ जायछे; जे जे वस्तु त्याग करी छे ते ते संबंधी पछी विशेष विचार, ग्रहवुं, मूकवुं के एवी कंइ उपाधि रहेती नथी. एवडे मन बहु वहोळताने पामी नियमरूपी सडकमां चाल्युं जायछे. अश्व जो लगाममां आवी जाय छे, तो पछी गमे तेवो प्रबळ छतां तेने धारेले रस्ते जेम लइ जवाय छे तेम मन ए नियमरूपी लगाममां आववाथी

पछी गमे ते शुभ राहमां लइ जवाय छे; अने तेमां वारंवार पर्यटन करावबाथी ते एकाग्र, विचारशील अने विवेकी थायछे. मननो आनंद शरीरने पण निरोगी करे छे. अभक्ष्य, अनंतकाय, परस्त्रियादिकना नियम कर्याथी पण शरीर निरोगी रही शके छे. मादक पदार्थो मनने अवळे रस्ते दोरेछे, पण प्रत्याख्यानथी मन त्यां जतुं अटके छे; एथी ते विमळ थाय छे.

प्रत्याख्यान ए केवी उत्तम नियम पाळवानी प्रतिज्ञा छे, ते आ उपरथी तमे समज्या हशो. विशेष सद्गुरु मुखथी अने शास्त्रावलोकनथी समजवा हुं बोध करुं छउं.

---

## शिक्षापाठ ३२. विनयवडे तत्त्वनी सिध्धि छे.

राजगृही नगरीनां राज्यासनपर ज्यारे श्रेणिक राजा विराजमान हता, त्यारे ते नगरीमां एक चंडाळ रहेतो हतो. एक वखते ए चंडाळनी स्त्रीने गर्भ रह्यो, त्यारे तेने केरी खावानी इच्छा उत्पन्न थइ. तेणे ते लावी आपवा चंडाळने कह्युं. चंडाळे कह्युं, आ केरीनो वखत नथी, एटले मारो उपाय नथी. नहीं तो हुं गमे तेटले उंचे होय त्यांथी मारी विद्यानां बळवडे लावी तारी इच्छा सिद्ध करुं.

चंडाळणीए कह्युं, राजानी महाराणीना बागमां एक अकाळे केरी देनार आंबो छे. ते पर अत्यारे केरीओ लची रही हशे, माटे त्यां जइने ए केरी लावो. पोतानी स्त्रीनी इच्छा पुरी पाडवा चंडाळ ते बागमां गयो. गुप्त रीते आंबा समीप जई मंत्र भणीने तेने नमाव्यो; अने केरी लीधी. बीजा मंत्रवडे करीने तेने हतो एम करी दीधो. पछी ते घेर आव्यो अने तेनी स्त्रीनी इच्छा माटे निरंतर ते चंडाळ विद्यावळे त्यांथी केरी लाववा लाग्यो. एक दिवसे फरतां फरतां माळीनी द्रष्टि आंबा भणी गई. केरीओनी चोरी थयेली जोईने तेणे जइने श्रेणिकराजा आगळ नम्रता पूर्वक कह्युं. श्रेणिकनी आज्ञाथी अभयकुमार नामना बुद्धिशाळी प्रधाने युक्तिवडे ते चंडाळने शोधी काढ्यो. तेने पोता आगळ तेडावी पूछयुं, एटलां बधां माणसो बागमां रहेछे छतां तुं केवी रीते चढीने ए केरी लई गयो के ए वात कळवामां पण न आवी ? चंडाळे कह्युं, आप मारो अपराध क्षमा करजो. हुं साचुं बोली जउं छउं के मारी पासे एक विद्या छे; तेना योगथी हुं ए केरीओ लइ शक्यो. अभयकुमारे कह्युं, माराथी क्षमा न थइ शके; परंतु महाराजा श्रेणिकने ए विद्या तुं आप तो तेओने एवी विद्या लेवानो अभिलाष होवाथी तारा उपकारना बदलामां हुं अपराध क्षमा करावी शकुं. चंडाळे एम करवानी हा कही. पछी अभयकुमारे चंडाळने श्रेणिकराजा ज्यां सिंहासनपर बेठा हता त्यां लावीने सामो उभो राख्यो; अने सघळी वात राजाने

कही बतावी. ए वातनी राजाए हा कही. चंडाळे पछी सामा उभा रही थरथरते पगे श्रेणिकने ते विद्यानो बोध आपवा मांड्यो ; पण ते बोध लाग्यो नहीं. झडपथी उभा थइ अभयकुमार बोल्याः महाराज ! आपने जो ए विद्या अवश्य शीखवी होय तो सामा आवी उभा रहो; अने एने सिंहासन आपो. राजाए विद्या लेवा खातर एम कर्युं तो तत्काळ विद्या सिद्ध थइ.

आ वात मात्र बोध लेवाने माटे छे. एक चंडाळनो पण विनय कर्या वगर श्रेणिक जेवा राजाने विद्या सिद्ध न थइ, तो तेमांथी तत्त्व ए ग्रहण करवानुं छे के, सद्विद्याने साध्य करवा विनय करवो अवश्यनो छे. आत्मविद्या पामवा निर्ग्रंथगुरुनो जो विनय करीए तो केवुं मंगळदायक थाय !

विनय ए उत्तम वशीकरण छे. उत्तराध्यनमां भगवाने विनयने धर्मनुं मूळ कही वर्णव्यो छे. गुरुनो, मुनिनो, विद्वाननो, मातापितानो अने पोताथी वडानो विनय करवो ए आपणी उत्तमतानुं कारण छे.

---

## शिक्षापाठ ३३. सुदर्शन शेठ.

प्राचीन काळमां शुद्ध एक पत्नीव्रतने पाळनारा असंख्य पुरुषो थइ गया छे ; एमांथी संकट सही नामांकित थयेलो सुदर्शन नामनो एक सत्पुरुष पण छे. ए धनाढ्य

सुंदर मुखमुद्रावाळो कांतिमान अने मध्य वयमां हतो. जे नगरमां ते रहेतो हतो, ते नगरना राज्यदरबार आगळथी कंइ काम प्रसंगने लीधे तेने नीकळवुं पड्युं. ते वेळा राजानी अभया नामनी राणी पोताना आवासना गोखमां बेठी हती. त्यांथी सुदर्शन भणी तेनी द्रष्टि गइ. तेनुं उत्तम रूप अने काया जोइने तेनुं मन ललचायुं. एक अनुचरी मोकलीने कपटभावथी निर्मळ कारण बतावीने सुदर्शनने उपर बोलाव्यो. केटलाक प्रकारनी वातचित कर्या पछी अभयाए सुदर्शनने भोग भोगववा संबंधीनुं आमंत्रण कर्युं. सुदर्शने केटलोक उपदेश आप्यो तोपण तेनुं मन शांत थयुं नहीं. छेवटे कंटाळीने सुदर्शने युक्तिथी कह्युं, बहेन, हुं पुरुषत्वमां नथी! तोपण राणीए अनेक प्रकारना हावभाव कर्या. ए सघळी कामचेष्टाथी सुदर्शन चळ्यो नहीं; एथी कंटाळी जइने राणीए तेने जतो कर्यो.

एक वार ए नगरमां उजाणी हती; तेथी नगर बहार नगरजनो आनंदथी आम तेम भमता हता. धामधुम मची रही हती. सुदर्शन शेठना छ देव कुमार जेवा पुत्रो पण त्यां आव्या हता. अभया राणी कपिला नामनी दासी साथे ठाठमाठथी त्यां आवी हती. सुदर्शनना देवपूतळां जेवा छ पुत्रो तेना जोवामां आव्या, कपिलाने तेणे पूछ्युं: आवा रम्य पुत्रो कोना छे? कपिलाए सुदर्शन शेठनुं नाम आप्युं. नाम सांभळीने राणीनी छातीमां कटार भोकाइ; तेने कारी घा वाग्यो. सघळी धामधुम बीती गया पछी मायाकथन

गोठवीने अभयाए अने तेनी दासीए मळी राजाने कह्युं: "तमे मानता हशो के, मारा राज्यमां न्याय अने नीति वर्ते छे; दुर्जनोथी मारी प्रजा दुःखी नथी; परंतु ते सघळुं मिथ्या छे. अंतःपुरमां पण दुर्जनो प्रवेश करे त्यां सुधी हजु अंधेर छे! तो पछी बीजां स्थळ माटे पूछवुं पण शुं? तमारा नगरना सुदर्शन नामना शेठे मारी कने भोगनुं आमंत्रण कर्युं. नहीं कहेवायोग्य कथनो मारे सांभळवां पड्यां; पण में तेनो तिरस्कार कर्यो. आथी विशेष अंधारुं कयुं कहेवाय?" घणा राजा मूळ कानना काचा होयछे ए वात जाणे बहु मान्य छे, तेमां वळी स्त्रीनां मायावि मधुरां वचन शुं असर न करे? ताता तेलमां टाढां जळ जेवां वचनथी राजा क्रोधा-यमान थया. सुदर्शनने शूळीए चढावी देवानी तत्काळ तेणे आज्ञा करी दीधी, अने ते प्रमाणे सघळुं थइ पण गयुं. मात्र शूळीए सुदर्शन बेसे एटली वार हती.

गमे तेम हो, पण सृष्टिना दिव्य भंडारमां अजवाळुं छे. सत्यनो प्रभाव ढांक्यो रहेतो नथी. सुदर्शनने शूळीए बेसार्यो, के शूळी फीटीने तेनुं झळझळतुं सोनानुं सिंहासन थयुं; अने देव दुंदुंभीना नाद थया; सर्वत्र आनंद व्यापी गयो. सुदर्शननुं सत्यशीळ विश्वमंडळमां झळकी उठ्युं. सत्य शीळनो सदा जय छे.

शीयळ अने सुदर्शननी उत्तम दृढता ए बन्ने आत्माने पवित्र श्रेणिए चढावे छे!

## शिक्षापाठ ३४. ब्रह्मचर्यविषे सुभाषित.

### दोहरा.

निरखीने नवयौवना, लेश न विषयनिदान;
गणे काष्ठनी पूतळी, ते भगवानसमान. १

आ सघळा संसारनी, रमणी नायकरूप;
ए त्यागी, त्याग्युं बधुं, केवळ शोकस्वरूप. २

एक विषयने जीततां, जीत्यो सौ संसार;
नृपति जीततां जीतिये, दळ, पुर, ने अधिकार. ३

विषयरूप अंकूरथी, टळे ज्ञान ने ध्यान;
लेश मदीरापानथी, छाके ज्यम अज्ञान. ४

जे नववाड विशुद्धथी, धरे शियळ सुखदाइ;
भव तेनो लव पछी रहे, तत्त्ववचन ए भाइ. ५

सुंदर शीयळसुरतरू, मन वाणी ने देह;
जे नरनारी सेवशे, अनुपम फळ ले तेह. ६

पात्र विना वस्तु न रहे, पात्रे आत्मिक ज्ञान;
पात्र थवा सेवो सदा, ब्रह्मचर्य मतिमान! ७

# शिक्षापाठ ३५. नमस्कारमंत्र.

नमो अरिहंताणं;
नमो सिद्धाणं;
नमो आयरियाणं;
नमो उवज्झायाणं;
नमो लोए सव्वसाहुणं.

आ पवित्र वाक्योने निर्ग्रंथप्रवचनमां नवकार (नमस्कार) मंत्र के पंचपरमेष्टिमंत्र कहे छे.

अर्हंत भगवंतना बार गुण, सिद्ध भगवंतना आठ गुण, आचार्यना छत्रीश गुण, उपाध्यायना पंचवीश गुण, अने साधुना सत्तावीश गुण मळीने एकसो आठ गुण थया. अंगुठा विना बाकीनी चार आंगळीओनां बार टेरवां थाय छे; अने एथी ए गुणोनुं चिंतवन करवानी योजना होवाथी बारने नवे गुणतां १०८ थाय छे. एटले नवकार एम कहेवामां साथे एवुं सूचवन रह्युं जणाय छे के हे भव्य! तारां ए आंगळीनां टेरवांथी (नवकार) मंत्र नववार गण.—कार एटले करनार एम पण थाय छे. बारने नवे गुणतां जेटला थाय एटला गुणनो भरेलो मंत्र एम नवकार मंत्र तरीके एनो अर्थ थइ शके छे. पंच परमेष्टि एटले आ सकळ जगत्मां पांच वस्तुओ परमोत्कृष्ट छे ते ते कयि कयि?—तो कही बतावी के अरिहंत, सिद्ध, आचार्य, उपाध्याय अने साधु, एने नमस्कार करवानो जे मंत्र ते परमेष्टि मंत्र; अने पांच

परमेष्टिने साथे नमस्कार होवाथी पंचपरमेष्टि मंत्र एवो शब्द थयो. आ मंत्र अनादि सिद्ध मनाय छे; कारण पंचपरमेष्टि अनादि सिद्ध छे. एटले ए पांचे पात्रो आद्यरुप नथी, प्रवाहथी अनादि छे, अने तेना जपनार पण अनादि सिद्ध छे. एथी ए जाप पण अनादि सिद्ध ठरे छे.

प्र०—ए पंचपरमेष्टि मंत्र परिपूर्ण जाणवाथी मनुष्य उत्तम गतिने पामे छे एम सत्पुरुषो कहे छे ए माटे तमारुं शुं मत छे?

उ०—ए कहेवुं न्यायपूर्वक छे, एम हुं मानुं छउं.

प्र०—एने क्यां कारणथी न्यायपूर्वक कही शकाय?

उ०—हा. ए तमने हुं समजावुं: मननी निग्रहता अर्थे एक तो सर्वोत्तम जगद्भूषणना सत्य गुणनुं ए चिंतवन छे. तत्त्वथी जोतां वळी अर्हतस्वरुप, सिद्धस्वरुप, आचार्यस्वरुप, उपाध्याय स्वरुप अने साधुस्वरुप एनो विवेकथी विचार करवानुं पण ए सूचवन छे. कारण के तेओ पूजवा योग्य शाथी छे? एम विचारतां एओनां स्वरुप, गुण इत्यादि माटे विचार करवानी सत्पुरुषने तो खरी अगत्य छे. हवे कहो के ए मंत्र केटलो कल्याण कारक छे?

प्रश्नकार—सत्पुरुषो नमस्कार मंत्रने मोक्षनुं कारण कहे छे. ए आ व्याख्यानथी हुं पण मान्य राखुं छउं.

अर्हत भगवंत, सिद्ध भगवंत, आचार्य, उपाध्याय अने साधु एओनो अकेको प्रथम अक्षर लेतां "असिआउसा"

एवुं महद् वाक्य नीकळे छे. जेनुं ॐ एवुं योगबिंदुनुं स्वरुप थाय छे ; माटे आपणे ए मंत्रनो अवश्य करीने विमळ भावथी जाप करवो.

---

## शिक्षापाठ ३६. अनुपूर्वि.

नर्कानुपूर्वी, तिर्यंचानुपूर्वी, मनुष्यानुपूर्वी, अने देवानु पूर्वी ए अनुपूर्वीओ विषेनो आ पाठ नथी, परंतु "अनुपूर्वी" ए नामना एक अवधानी लघु पुस्तकनां मंत्र स्मरण माटे छे.

| | | | | |
|---|---|---|---|---|
| १ | २ | ३ | ४ | ५ |
| २ | १ | ३ | ४ | ५ |
| १ | ३ | २ | ४ | ५ |
| ३ | १ | २ | ४ | ५ |
| २ | ३ | १ | ४ | ५ |
| ३ | २ | १ | ४ | ५ |

पिता—आवी जातनां कोष्टकथी भरेलुं एक नानुं पुस्तक छे ते तें जोयुं छे ?

पुत्र—हा पिताजी.

पिता—एमां आडा अवळा अंक मूक्या छे, तेनुं कांइ पण कारण तारा समजवामां छे ?

पुत्र—नहीं पिताजी.—मारा समजवामां नथी माटे आप ते कारण कहो.

पिता—पुत्र ! प्रत्यक्ष छे के मन ए एक बहु चंचळ चीज छे; जेने एकाग्र करवुं बहु बहु विकट छे; ते ज्यां सुधी एकाग्र थतुं नथी त्यां सुधी आत्ममलिनता जती नथी, पापना विचारो घटता नथी. ए एकाग्रता माटे बार प्रतिज्ञादिक अनेक महान साधनो भगवाने कह्यां छे. मननी एकाग्रताथी महा योगनी श्रेणिये चढवा माटे अने तेने केटलाक प्रकारथी निर्मळ करवा माटे सत्पुरुषोए आ एक साधनरूप कोष्टकावली करीछे. पंच परमेष्टि मंत्रना पांच अंक एमां पहेला मूक्या छे : अने पछी लोमविलोमस्वरूपमां लक्षबंधएना ए पांच अंक मूकीने भिन्न भिन्न प्रकारे कोष्टको कर्यां छे. एम करवानुं कारण पण मननी एकाग्रता थइने निर्जरा करी शकाय, ए छे.

पुत्र—पिताजी ! अनुक्रमे लेवाथी एम शामाटे न थइ शके?

पिता—लोमविलोम होय तो ते गोठवतां जवुं पडे अने नाम संभारतां जवुं पडे. पांचनो अंक मूक्या पछी बेनो आंकडो आवे के 'नमो लोए सव्वसाहुण' पछी—'नमोअरिहंताणं' ए वाक्य मूकीने 'नमो सिद्धाणं' ए वाक्य संभारवुं पडे. एम पुनः पुनः लक्षनी द्रढता राखतां मन एका-

प्रताए पहोंचे छे. अनुक्रमबंध होय तो तेम थइ शकतुं नथी; कारणके विचार करवो पडतो नथी ए सूक्ष्म वखतमां मन परमेष्टिमंत्रमांथी नीकळीने संसारतंत्रनी खटपटमां जइ पडे छे; अने वखते धर्म करतां धाड पण करी नाखे छे, जेथी सत्पुरुषोए अनुपूर्विनी योजना करी छे, ते बहु सुंदर छे अने आत्मशांतिने आपनारी छे.

---

## शिक्षापाठ ३७ सामायिकविचार भाग १.

आत्मशक्तिनो प्रकाश करनार, सम्यग्ज्ञानदर्शननो उदय करनार, शुद्ध समाधिभावमां प्रवेश करावनार, निर्जरानो अमूल्य लाभ आपनार, रागद्वेषथी मध्यस्थ बुद्धि करनार एवुं सामायिक नामनुं शिक्षाव्रत छे. सामायिक शब्दनी व्युत्पत्ति सम+आय+इक ए शब्दोथी थाय छे. 'सम' एटले रागद्वेषरहित मध्यस्थ परिणाम, 'आय' एटले ते समभावनाथी उत्पन्न थतो ज्ञानदर्शन चारित्ररुप मोक्ष मार्गनो लाभ, अने 'इक' कहेतां भाव एम अर्थ थाय छे. एटले जेवडे करीने मोक्षना मार्गनो लाभदायक भाव उपजे ते सामायिक. आर्त्त, अने रौद्र ए बे प्रकारनां ध्याननो त्याग करीने; मन, वचन कायाना पापभावने रोकीने विवेकी मनुष्यो सामायिक करे छे.

मनना पुद्गळ तरंगी छे. सामायिकमां ज्यारे विशुद्ध परिणामथी रहेवुं कह्युं छे त्यारे पण ए मन आकाश पाताळना घाट घड्या करेछे. तेमज भूल, विस्मृति, उन्माद इत्यादिथी वचनकायामां पण दूषण आववाथी सामायिकमां दोष लागेछे. मन, वचन अने कायाना थईने बत्रीश दोष उत्पन्न थाय छे. दश मनना, दश वचनना अने बार कायाना एम बत्रीश दोष जाणवा अवश्यना छे. जे जाणवाथी मन सावधान रहेछे.

मनना दश दोष कहुं छउं.

१ अविवेकदोष—सामायिकनुं स्वरुप नहीं जाणवाथी मनमां एवो विचार करे के आथी शुं फळ थवानुं हतुं? आथी ते कोण तर्युं हशे? एवा विकल्पनुं नाम अविवेकदोष.

२ यशोवांछादोष—पोते सामायिक करे छे एम बीजा मनुष्यो जाणे तो प्रशंसा करे एवी इच्छाए सामायिक करवुं ते यशोवांछादोष.

३ धनवांछादोष—धननी इच्छाए सामायिक करवुं ते धनवांछादोष.

४ गर्वदोष—मने लोको धर्मी कहे छे अने हुं सामायिक पण तेवुंज करुं छउं? एवो अध्यवसाय ते गर्वदोष.

५ भयदोष—हुं श्रावककुळमां जन्म्यो छउं; मने लोको मोटा तरीके मान देछे, अने जो सामायिक नहीं करुं तो

कहेशे के आटली क्रिया पण नथी करतो; एम निंदाना भयथी सामायिक करे ते भयदोष.

६ निदानदोष—सामायिक करीने तेनां फळथी धन, स्त्री, पुत्रादिक मळवानुं इच्छे ते निदानदोष.

७ संशयदोष—सामायिकनुं फळ हशे के नहीं होय? एवो विकल्प करे ते संशयदोष.

८ कषायदोष—सामायिक क्रोधादिकथी करवा वेसी जाय, किंवा पछी क्रोध, मान, माया, लोभमां वृत्ति धरे ते कषायदोष.

९ अविनयदोष—विनय वगर सामायिक करे ते अविनयदोष.

१० अवहुमानदोष—भक्तिभाव अने उमंग पूर्वक सामायिक न करे ते अवहुमानदोष.

---

## शिक्षापाठ ३८ सामायिकविचार भाग २.

मनना दश दोष कह्या हवे वचनना दश दोष कहुं छउं.

१ कुवोलदोष—सामायिकमां कुवचन वोलवुं ते कुवोलदोष.

२ सहसात्कारदोष—सामायिकमां-साहसथी अविचारपूर्वक वाक्य वोलवुं ते सहसात्कारदोष.

३ असदारोपणदोष–बीजाने खोटो बोध आपे, ते असदारोपणदोष.

४ निरपेक्षदोष–सामायिकमां शास्त्रनी दरकार विना वाक्य बोले ते निरपेक्षदोष.

५ संक्षेपदोष–सूत्रनापाठ इत्यादिक टुंकामां बोली नाखे; अने यथार्थ भाखे नहीं ते संक्षेपदोष.

६ क्लेशदोष–कोइथी कंकास करे ते क्लेशदोष.

७ विकथादोष–चार प्रकारनी विकथा मांडी बेसे ते विकथादोष.

८ हास्यदोष—सामायिकमां कोइनी हांसी मश्करी करे ते हास्यदोष.

९ अशुद्धदोष–सामायिकमां सूत्रपाठ न्यूनाधिक अने अशुद्ध बोले ते अशुद्धदोष.

१० मुणमुणदोष–गडबडगोटाथी सामायिकमां सूत्र-पाठ बोले जे पोते पण पूरुं मांड समजी शके ते मुणमुणदोष.

ए वचनना दश दोष कह्या; हवे कायाना बार दोष कहुं छउं.

१ अयोग्यआसनदोष–सामायिकमां पगपर पग च-ढावी बेसे, ते श्रीगुरु आदि प्रत्ये अविनयरुपआसन ते पहेलो अयोग्यआसनदोष.

२ चलासनदोष—डगडगते आसने वेसी सामायिक करे, अथवा वारंवार ज्यांथी उठवुं पडे तेवे आसने वेसे ते चलासनदोष.

३ चलदृष्टिदोष—कायोत्सर्गमां आंखो चंचळ ए चलदृष्टिदोष.

४ सावद्यक्रियादोष—सामायिकमां कंइ पाप क्रिया के तेनी संज्ञा करे ते सावद्यक्रियादोष.

५ आलंवनदोष—भींतादिक ओठीगण दइ वेसे एथी त्यां वेठेला जंतु आदिकनो नाश थाय के तेने पीडा थाय, तेमज पोताने प्रमादनी प्रवृत्ति थाय, ते आलंवनदोष.

६ आकुंचनप्रसारणदोष—हाथ पग संकोचे, लांवा करे ए आदि ते आकुंचनप्रसारणदोष.

७ आलसदोष—अंग मरडे, टचाका वगाडे ए आदि ते आलसदोष.

८ मोटनदोष—आंगळी वगेरे वांकी करे, टचाका वगाडे ते मोटनदोष.

९ मलदोष—घरडा घरड करी सामायिकमां चळ करी मेल खंखेरे ते मळदोष.

१० विमासणदोष—गळामां हाथ नाखी वेसे इत्यादि ते विमासणदोष.

११ निद्रादोष–सामायिकमां उंघ आवे ते निद्रादोष.

१२ वस्त्रसंकोचन–सामायिकमां टाढ प्रमुखनी भीतिथी वस्त्रथी शरीर संकोचे ते वस्त्रसंकोचनदोष.

ए वत्रिश दूषणरहित सामायिक करवुं. पांच अतिचार टाळवा.

---

## शिक्षापाठ ३९. सामायिकविचार भाग ३.

एकाग्रता अने सावधानी विना ए बत्रीश दोषमांना अमुक दोष पण आवी जाय छे. विज्ञानवेताओए सामायिकनुं जघन्य प्रमाण बे घडीनुं बांध्युं छे. ए व्रत सावधानी पूर्वक करवाथी परमशांति आपे छे. केटलाकनो ए बे घडीनो काळ, ज्यारे जतो नथी त्यारे तेओ बहु कंटाळे छे. सामायिकमां नवराश लइने बेसवाथी काळ जाय पण क्यांथी? आधुनिक काळमां सावधानीथी सामायिक करनारा बहुज थोडा छे. प्रतिक्रमण सामायिकनी साथे करवानुं होय छे त्यारे तो वखत जवो सुगम पडे छे. जो के एवा पामरो प्रतिक्रमण लक्ष पूर्वक करी शकता नथी तोपण केवळ नवराश करतां एमां जरुर कंइक फेर पडे छे. सामायिक पण पुरुं जेओने आवडतुं नथी तेओ विचारा सामायिकमां पछी

बहु मुझाय छे. केटलाक भारे कर्मियो ए अवसरमां व्यवहारना प्रपंचो पण घडी राखे छे. आथी सामायिक बहु दोषित थाय छे.

विधिपूर्वक सामायिक न थाय ए बहु खेदकारक अने कर्मनी बाहुल्यता छे. साठ घडीना अहोरात्र व्यर्थ चाल्या जाय छे. असंख्यात दिवसथी भरेलां अनंता कालचक्र व्यतीत करतां पण जे सार्थक न थयुं ते बे घडीना विशुद्ध सामायिकथी थाय छे. लक्षपूर्वक सामायिक थवा माटे तेमां प्रवेश कर्या पछी चार लोगस्सथी वधारे लोगस्सनो कायोत्सर्ग करी चित्तनी कंइक स्वस्थता आणवी; पछी सूत्रपाठ के उत्तम ग्रंथनुं मनन करवुं, वैराग्यनां उत्तम काव्यो बोलवां, पाछळनुं अध्ययन करेलुं स्मरण करी जवुं, नूतन अभ्यास थाय तो करवो. कोइने शास्त्राधारथी बोध आपवो, एम सामायिकी काळ व्यतीत करवो. मुनिराजनो जो समागम होय तो आगमवाणी सांभळवी अने ते मनन करवी, तेम न होय अने शास्त्र परिचय न होय तो विचक्षण अभ्यासी पासेथी वैराग्यबोधक कथन श्रवण करवुं; किंवा कंइ अभ्यास करवो. ए सघळी योगवाइ न होय तो केटलोक भाग लक्षपूर्वक कायोत्सर्गमां रोकवो; अने केटलोक भाग महापुरुषोनां चरित्रकथामां उपयोगपूर्वक रोकवो; परंतु जेम बने तेम विवेकथी अने उत्साहथी सामायिकीकाळ व्यतीत करवो. कंइ साहित्य न होय तो पंच परमेष्टिमंत्रनो जापज उत्साहपूर्वक करवो. पण व्यर्थ काळ काढी

नाखवो नहीं. धीरजथी, शांतिथी अने यतनाथी सामायिक करवुं. जेम बने तेम सामायिकमां शास्त्रपरिचय वधारवो.

साठघडीना अहोरात्रिमांथी बेघडी अवश्य बचावी सामायिक तो सद्भावथी करवुं.

---

## शिक्षापाठ ४०. प्रतिक्रमणविचार.

प्रतिक्रमण एटले पाछुं फरवुं—फरीथी जोई जवुं एम एनो अर्थ थई शके छे. भावनी अपेक्षाए जे दिवसे जे वखते प्रतिक्रमण करवानुं थाय; ते वखतनी अगाउ अथवा ते दिवसे जे जे दोष थया होय ते एक पछी एक अंतरात्माथी जोई जवा अने तेनो पश्चाताप करी ते दोषथी पाछुं वळवुं तेनुं नाम प्रतिक्रमण कहेवाय.

उत्तम मुनियो अने भाविक श्रावको संध्याकाळे अने रात्रिना पाछळना भागमां दिवसे अने रात्रे एम अनुक्रमे थयेला दोषनो पश्चाताप करे छे के तेनी क्षमापना इच्छेछे एनुं नाम अहीं आगळ प्रतिक्रमण छे ए प्रतिक्रमण आपणे पण अवश्य करवुं. कारणके आ आत्मा मन, वचन अने कायाना योगथी अनेक प्रकारनां कर्म बांधे छे. प्रतिक्रमण सूत्रमां एनुं दोहन करेलुं छे; जेथी दिवस रात्रमां थयेलां

पापनो पश्चाताप ते वडे थई शके छे. शुद्धभाव वडे करी पश्चाताप करवाथी लेश पाप थतां परलोकभय अने अनुकंपा छूटेछे; आत्मा कोमळ थाय छे. त्यागवा योग्य वस्तुनो विवेक आवतो जायछे. भगवत्साक्षीए अज्ञान आदि जे जे दोप विस्मरण थया होय तेनो पश्चाताप पण थई शकेछे. आम ए निर्जरा करवानुं उत्तम साधन छे.

एनुं आवश्यक एवुं पण नाम छे. आवश्यक एटले अवश्य करीने करवा योग्य; ए सत्य छे. ते वडे आत्मानी मलिनता खसे छे, माटे अवश्य करवा योग्य छे.

सायंकाळ जे प्रतिक्रमण करवामां आवे छे तेनुं नाम 'देवसीयपडिक्कमण' एटले दिवस संबंधी पापनो पश्चाताप; अने रात्रिना पाछला भागमां प्रतिक्रमण करवामां आवे छे ते 'राइयपडिक्कमण' कहेवाय छे. 'देवसीय' अने 'राइय' ए प्राकृत भापाना शब्दो छे. पखवाडीए करवानुं प्रतिक्रमण ते पाक्षिक अने संवत्सरे करवानुं ते सांवत्सरिक (छमछरी) कहेवाय छे. सत्पुरुपोए योजनाथी बांधेलो ए सुंदर नियम छे.

केटलाक सामान्य बुद्धिमानो एम कहेछे के दिवस अने रात्रीनुं सवारे प्रायश्चितरुप प्रतिक्रमण कर्युं होय तो कंइ खोटुं नथी, परंतु ए कहेवुं प्रमाणिक नथी. रात्रिये अकस्मात् अमुक कारण आवी पडे के काळधर्म प्राप्त थाय तो दिवस संबंधी पण रही जाय.

प्रतिक्रमण सूत्रनी योजना बहु सुंदर छे. एनां मूळतत्व बहु उत्तम छे. जेम बने तेम प्रतिक्रमण धीरजथी, समजाय एवी भाषाथी, शांतिथी, मननी एकाग्रताथी अने यत्नापूर्वक करवुं.

---

## शिक्षापाठ ४१. भीखारीनो खेद भाग १.

एक पामर भीखारी जंगलमां भटकतो हतो. त्यां तेने भूख लागी. एटले ते बिचारो लडथडीआं खातो खातो एक नगरमां एक सामान्य मनुष्यने घेर पहोंच्यो. त्यां जइने तेणे अनेक प्रकारनी आजीजी करी; तेना कालावालाथी करुणा पामीने ते गृहस्थनी स्त्रीए तेने घरमांथी जमतां वधेलुं मिष्टान्न आणी आप्युं. भोजन मळवाथी भीखारी बहु आनंद पामतो पामतो नगरनी बहार आव्यो, आवीने एक झाड तळे बेठो; त्यां जरा स्वच्छ करीने एक बाजुए अति जूनो थयेलो पोतानो जळनो घडो मूक्यो. एक बाजुए पोतानी फाटीतुटी मलिन गोदडी मूकी अने एक बाजुए पोते ते भोजन लइने बेठो. राजी राजी थतां एणे ते भोजन खाइने पुरुं कर्युं. पछी ओशिके एक पथ्थर मूकीने ते सुतो. भोजनना मदथी जराबारमां तेनी आंखो मिंचाइ गइ. निद्रावश थयो एटले तेने एक स्वप्नुं आव्युं. पोते जाणे

महा राजरीद्धिने पाम्यो छे; सुंदर वस्त्राभूषण धारण कर्यां छे; देश आखामां पोताना विजयनो डंको वागी गयो छे; समीपमां तेनी आज्ञा अवलंबन करवा अनुचरो उभा थइ रह्या छे; आजुबाजु छडीदारो खमा खमा पोकारे छे; एक रमणीय महेलमां सुंदर पलंगपर तेणे शयन कर्युं छे; देवांगना जेवी स्त्रीओ तेना पग चांपे छे; पंखाथी एक बाजुएथी पंखानो मंद मंद पवन ढोळाय छे; एवा स्वप्नामां तेनो आत्मा चढी गयो. ते स्वप्नना भोग लेतां तेनां रोम उल्लसी गयां. एवामां मेघ महाराजा चढी आव्यो; वीजळीना झबकारा थवा लाग्या. सूर्य वादळांथी ढंकाइ गयो; सर्वत्र अंधकार पथराइ गयो; मुशळधार वर्षाद थशे एवुं जणायुं अने एटलामां गाजवीजथी एक प्रबळ कडाको थयो. कडाकाना अवाजथी भय पामीने ते पामर भीखारी जागी गयो.

---

## शिक्षापाठ ४२. भीखारीनो खेद भाग २.

जुए छे तो जे स्थळे पाणीनो खोखरो घडो पड्यो हतो ते स्थळे ते घडो पड्यो छे ज्यां फाटी तुटी गोदडी पडी हती; त्यांज ते पडी छे. पोते जेवां मलिन अने फाटेलां कपडां धारण कर्यां हतां तेवां ने तेवां ते वस्त्रो शरीर उपर छे. नथी तलभार वध्युं के नथी जवभार घट्युं.

नथी ते देश के नथी ते नगरी, नथी ते महेल के नथी ते पलंग; नथी ते चामरछत्र धरनारा के नथी ते छडीदारो; नथी ते स्त्रियो के नथी ते वस्त्रालंकारो; नथी ते पंखा के नथी ते पवन; नथी ते अनुचरो के नथी ते आज्ञा; नथी ते सुख विलास के नथी ते मदोन्मत्तता; भाइ तो पोते जेवा हता तेवाने तेवा देखाया. एथी ते देखाव जोइने ते खेद पाम्यो. स्वप्नामां में मिथ्या आडंबर दीठो तेथी आनंद मान्यो एमांनुं तो अहीं कशुंए नथी; स्वप्नाना भोग भोगव्या नहीं अने तेनुं परिणाम जे खेद ते हुं भोगवुं छउं. एम ए पामर जीव पश्चातापमां पडी गयो.

अहो भव्यो! भीखारीनां स्वप्नां जेवां संसारनां सुख अनित्य छे, स्वप्नामां जेम ते भीखारीए सुख समुदाय दीठो अने आनंद मान्यो तेम पामर प्राणीओ संसार स्वप्नना सुख समुदायमां आनंद माने छे. जेम ते सुख समुदाय जाग्रतिमां मिथ्या जणाया तेम ज्ञान प्राप्त थतां; संसारनां सुख तेवां जणाय छे. स्वप्नाना भोग न भोगव्या छतां जेम भीखारीने खेदनी प्राप्ति थइ, तेम मोहांध प्राणीओ संसारनां सुख मानी बेसे छे; अने भोगव्या सम गणे छे. परंतु परिणामे खेद, दुर्गति अने पश्चाताप ले छे; ते चपळ अने विनाशी छतां स्वप्नानां खेद जेवुं तेनुं परिणाम रह्युं छे. ए उपरथी बुद्धिमान पुरुषो आत्महितने शोधे छे. संसारनी अनित्यतापर एक काव्य छे केः—

## उपजाति.

विद्युत् लक्ष्मी प्रभुता पतंग;
आयुष्य ते तो जळना तरंग;
पुरंदरी चाप अनंगरंग;
शुं राचिये त्यां क्षणनो प्रसंग!

विशेषार्थः—लक्ष्मी वीजळी जेवी छे. वीजळीनो झबकार जेम थइने ओलवाइ जाय छे, तेम लक्ष्मी आवीने चाली जाय छे. अधिकार पतंगना रंग जेवो छे, पतंगनो रंग जेम चार दिवसनी चटकी छे; तेम अधिकार मात्र थोडो काळ रही हाथमांथी जतो रहे छे. आयुष्य पाणीना मोजां जेवुं छे. पाणीनो हिलोळो आव्यो के गयो तेम जन्म पाम्या, अने एक देहमां रह्या के न रह्या त्यां वीजा देहमां पडवुं पडे छे. कामभोग आकाशमां उत्पन्न थता इंद्रना धनुष्य जेवा छे. इंद्रधनुष्य वर्षाकाळमां थइने क्षणवारमां लय थई जाय छे; तेम यौवनमां कामना विकार फळीभूत थई जरा वयमां जता रहे छे; टुंकामां हे जीव! ए सघळी वस्तुओनो संबंध क्षणभर छे. एमां प्रेमबंधननी सांकळे बंधाइने शुं राचवुं? तात्पर्य ए सघळां चपळ अने विनाशी छे, तुं अखंड अने अविनाशी छे; माटे तारा जेवी नित्य वस्तुने प्राप्त कर! ए बोध यथार्थ छे.

---

# शिक्षापाठ ४३. अनुपम क्षमा.

क्षमा ए अंतर्शत्रु जीतवामां खड्ग छे. पवित्र आचारनी रक्षा करवामां बख्तर छे. शुद्धभावे असह्य दुःखमां, समपरिणामथी क्षमा राखनार मनुष्य भवसागर तरी जाय छे.

कृष्ण वासुदेवना गजसुकुमार नामना नाना भाइ महासुरूपवान, सुकुमार मात्र बार वर्षनी वये भगवान् नेमिनाथनी पासेथी संसारत्यागी थइ स्मशानमां उग्र ध्यानमां रह्या हता; त्यारे तेओ एक अद्भुत क्षमामय चरित्रथी महासिद्धिने पामी गया, ते अहीं कहुं छउं.

सोमल नामना ब्राह्मणनी सुरूपवर्णसंपन्न पुत्री जोडे गजसुकुमारनुं सगपण कर्युं हतुं. परंतु लग्न थयां पहेलां गजसुकुमार तो संसार त्यागी गया. आथी पोतानी पुत्रीनुं सुख जवाना द्वेषथी ते सोमल ब्राह्मणने भयंकर क्रोध व्याप्यो. गजसुकुमारनो शोध करतो करतो ए स्मशानमां ज्यां महामुनि गजसुकुमार एकाग्र विशुद्ध भावथी कायोत्सर्गमां छे, त्यां आवी पहोंच्यो. कोमळ गजसुकुमारना माथापर चीकणी माटीनी वाड करी; अने अंदर धखधखता अंगारा भर्या, इंधन पूर्युं एटले महा ताप थयो. एथी गजसुकुमारनो कोमळदेह बळवा मंड्यो एटले ते सोमल जतो रह्यो. ते वखतना गजसुकुमारना असह्य दुःखनुं वर्णन केम थई शके? त्यारे पण तेओ समभाव परिणाममां रह्या. किंचित् क्रोध के द्वेष एना हृदयमां जन्म पाम्यो नहीं.

पोताना आत्माने स्थितिस्थापक करीने वोध दीधो के जो! तुं एनी पुत्रीने परण्यो होत तो ए कन्यादानमां तने पाघडी आपत. ए पाघडी थोडा वखतमां फाटी जाय तेवी अने परिणामे दुःखदायक थात. आ एनो वहु उपकार थयो के ए पाघडी वदल एणे मोक्षनी पाघडी वंधावी. एवा विशुद्ध परिणामथी अडग्ग रही समभावथी असह्य वेदना सहीने तेओ सर्वज्ञ सर्वदर्शी थई अनंत जीवन सुखने पाम्या. केवी अनुपम क्षमा अने केवुं तेनुं सुंदर परिणाम! तत्त्वज्ञानीओनां वचन छे के, आत्मा मात्र स्वसद्भावमां आववो जोइए; अने ते आव्यो तो मोक्ष हथेळीमां ज छे, गजसुकुमारनी नामांकित क्षमा केवो शुद्ध वोध करे छे!

---

## शिक्षापाठ ४४. राग.

श्रमण भगवान् महावीरना अग्रेसर गणधर गौतमनुं नाम तमे वहुवार जाण्युं छे. गौतमस्वामीना वोधेला केटलाक शिष्यो, केवळज्ञान पाम्या छतां गौतम पोते केवळज्ञान पाम्या नहोता, कारण के भगवान महावीरनां अंगोपांग, वर्ण, वाणी, रूप इत्यादिपर हजु गौतमने मोह हतो. निर्ग्रंथ प्रवचननो निष्पक्षपाती न्याय एवो छे के, गमे ते वस्तुपरनो राग दुःखदायक छे. राग ए मोह अने मोह ए संसार ज छे. गौतमना हृदयथी ए राग ज्यां सुधी खस्यो नहीं त्यां

सुधी तेओ केवळज्ञान पाम्या नहीं. श्रमण भगवान ज्ञातपुत्र ज्यारे अनुपमेय सिद्धिने पाम्या, त्यारे गौतम नगरमांथी आवता हता. भगवानना निर्वाणसमाचार सांभळी तेओ खेद पाम्या. विरहथी तेओ अनुराग वचनथी बोल्याः "हे महावीर! तमे मने साथे तो न राख्यो परंतु संभार्योए नहीं. मारी प्रीति सामी तमे द्रष्टि पण करी नहीं! आम तमने छाजतुं नहोतुं. एवा विकल्पो थतां थतां तेनुं लक्ष फर्युं, ने ते निरागश्रेणिए चढ्या; हुं बहु मूर्खता करुं छउं. ए वीत-राग, निर्विकारी अने निरागी ते मारामां केम मोह राखे? एनी शत्रु अने मित्रपर केवळ समान द्रष्टि हती! हुं ए निरा-गीनो मिथ्या मोह राखुं छउं! मोह संसारनुं प्रबळ कारण छे;" एम विचारतां विचारतां तेओ शोक तजीने निरागी थया. एटले अनंतज्ञान प्रकाशित थयुं; अने प्रांते निर्वाण पधार्या.

गौतममुनिनो राग आपणने बहु सूक्ष्म बोध आपे छे. भगवानपरनो मोह गौतम जेवा गणधरने दुःखदायक थयो, तो पछी संसारनो, ते वळी पामर आत्माओनो मोह केवुं अनंत दुःख आपतो हशे! संसाररूपी गाडीने राग अने द्वेष ए बे रूपी बळद छे. ए न होय तो संसारनुं अटकन छे. ज्यां राग नथी त्यां द्वेष नथी; आ मान्य सिद्धांत छे. राग तीव्र कर्मबंधननुं कारण छे; एना क्षयथी आत्मसिद्धि छे.

# शिक्षापाठ ४५. सामान्य मनोर्थ.

## सवैया.

मोहिनिभाव विचार आधीन थइ,
ना निरखुं नयने परनारी;
पत्थरतुल्य गणुं परवैभव,
निर्मळ तात्त्विक लोभ समारी!

द्वादश व्रत्त अने दीनता धरि,
सात्त्विक थाउं स्वरूप विचारी;
ए मुज नेम सदा शुभ क्षेमक,
नित्य अखंड रहो भवहारी. १

ते त्रिशलातनये मन चिंतवि,
ज्ञान, विवेक, विचार वधारुं;
नित्य विशोध करी नव तत्त्वनो,
उत्तम बोध अनेक उच्चारुं.

संशयबीज उगे नहिं अंदर,
जे जिननां कथनो अवधारुं.
राज्य, सदा मुज एज मनोरथ,
धार, थशे अपवर्ग, उतारुं. २

# शिक्षापाठ ४६. कपिलमुनि भाग १.

कौसांबी नामनी एक नगरी हती. त्यांना राजदरबारमां राज्यनां आभूषणरूप काश्यप नामनो एक शास्त्री रहेतो हतो. एनी स्त्रीनुं नाम श्रीदेवी हतुं. तेना उदरथी कपिल नामनो एक पुत्र जन्म्यो हतो. ते पंदर वर्षनो थयो त्यारे तेना पिता परधाम गया. कपिल लाडपाडमां उछरेलो होवाथी कंइ विशेष विद्वता पाम्यो नहतो, तेथी एना पितानी जगो कोइ बीजा विद्वानने मळी. काश्यपशास्त्री जे पुंजी कमाइ गया हता ते कमावामां अशक्त एवा कपिले खाइने पुरी करी. श्रीदेवी एक दिवस घरना वारणामां उभी हती त्यां बे चार नोकरो सहित पोताना पतिनी शास्त्रीयपदवी पामेलो विद्वान जतो तेना जोवामां आव्यो. घणा मानथी जता आ शास्त्रीने जोइने श्रीदेवीने पोतानी पूर्व स्थितिनुं स्मरण थइ आव्युं. ज्यारे मारा पति आ पदवीपर हता त्यारे हुं केवुं सुख भोगवती हती! ए मारुं सुख तो गयुं परंतु मारो पुत्र पण पुरुं भण्यो नहीं. एम विचारमां डोलतां डोलतां तेनी आंखमांथी दड दड आंसु खरवा मंड्यां. एवामां फरतो फरतो कपिल त्यां आवी पहोंच्यो; श्रीदेवीने रडती जोइ तेनुं कारण पूछयुं. कपिलना बहु आग्रहथी श्रीदेवीए जे हतुं ते कही बताव्युं. पछी कपिल बोल्यो "जो मा! हुं बुद्धिशाळी छउं, परंतु मारी बुद्धिनो उपयोग जेवो जोइए तेवो थइ शक्यो नथी. एटले विद्या

वगर हुं ए पदवी पाम्यो नहीं. तुं कहे त्यां जइने हवे हुं माराथी वनती विद्या साध्य करुं; श्रीदेवीए खेद साथे कह्युं: "ए ताराथी बनी शके नहीं, नहीं तो आर्यावर्त्तनी मर्यादापर आवेली श्रावस्ति नगरीमां इंद्रदत्त नामनो तारा पितानो मित्र रहे छे, ते अनेक विद्यार्थियोने विद्यादान दे छे; जो ताराथी त्यां जवाय तो धारेली सिद्धि थाय खरी." एक बे दिवस रोकाइ सज्ज थइ अस्तु कही कपिलजी पंथे पड्या.

अवध वीततां कपिल श्रावस्तिए शास्त्रीजीने घेर आवी पहोंच्या. प्रणाम करीने पोतानो इतिहास कही बताव्यो. शास्त्रीजीए मित्रपुत्रने विद्यादान देवाने माटे बहु आनंद देखाड्यो; पण कपिल आगळ कंइ पुंजी नहोती के ते तेमांथी खाय, अने अभ्यास करी शके; एथी करीने तेने नगरमां याचवा जवुं पडतुं हतुं. याचतां याचतां बपोर थइ जता हता, पछी रसोइ करे, अने जमे त्यां सांजनो थोडो भाग रहेतो हतो; एटले कंइ अभ्यास करी शकतो नहोतो. पंडिते तेनुं कारण पूछयुं त्यारे कपिले ते कही बताव्युं. पंडित तेने एक गृहस्थ पासे तेडी गया. ते गृहस्थे कपिलनी अनुकंपा खातर एने हमेशां भोजन मळे एवी गोठवण एक विधवा ब्राह्मणीने त्यां करी दीधी. जेथी कपिलने ए एक चिंता ओछी थइ.

---

# शिक्षापाठ ४७. कपिलमुनिभाग २.

ए नानी चिंता ओछी थइ त्यां त्रीजी मोटी जंजाळ उभी थइ. भद्रिक कपिल हवे युवान् थयो हतो; अने जेने त्यां ते जमवा जतो ते विधवा वाइ पण युवान् हती. तेनी साथे तेना घरमां वीजुं कोइ माणस नहोतुं. हमेशनो परस्परनो वातचितनो संबंध वध्यो. वधीने हास्यविनोदरूपे थयो; एम करतां करतां बन्नेने प्रीति बंधाइ. कपिल तेनाथी लुब्धायो! एकांत बहु अनिष्ट चीज छे!!

विद्या प्राप्त करवानुं ते भूली गयो. गृहस्थ तरफथी मळतां सीधांथी बन्नेनुं मांड पुरुं थतुं हतुं; पण लूगडांलत्तांना वांधा थया. कपिले गृहस्थाश्रम मांडी बेठां जेवुं करी मूक्युं. गमे तेवो छतां हळुकर्मी जीव होवाथी संसारनी विशेष कोताळनी तेने माहिती पण नहोती. एथी पैसा केम पेदा करवा ते विचारो ते जाणतो पण नहोतो. चंचळ स्त्रीए तेने रस्तो बताव्यो के, मुंझावामां कंइ वळवानुं नथी; परंतु उपायथी सिद्धि छे. आ गामना राजानो एवो नियम छे के, सवारमां पहेलो जइ जे ब्राह्मण आशिर्वाद आपे तेने बे मासा सोनुं आपवुं. त्यां जो जइ शको अने प्रथम आशिर्वाद आपी शको, तो ते बे मासा सोनुं मळे. कपिले ए वातनी हा कही. आठ दिवस सुधी आंटा खाधा पण वखत वीत्या पछी जाय एटले कंइ वळे नहीं. एथी तेणे एक दिवस एवो निश्चय कर्यो के, जो हुं चोकमां सुउं तो चीवट राखीने

उठाशे. पछी ते चोकमां सुतो, अधरात भागतां चंद्रनो उदय थयो. कपिले प्रभात समीप जाणीने मुठीओ वाळीने आशिर्वाद देवा माटे दोडतां जवा मांडयुं. रक्षपाळे चोर जाणीने तेने पकडी राख्यो. एक करतां बीजुं थइ पडयुं. प्रभात थयो एटले रक्षपाळे तेने लइ जइने राजानी समक्ष उभो राख्यो. कपिल बेभान जेवो उभो रह्यो; राजाने तेनां चोरना लक्षण भाश्यां नहीं. एथी तेने सघळुं वृत्तांत पूछयुं. चंद्रना प्रकाशने सूर्य समान गणनारनी भद्रिकतापर राजाने दया आवी. तेनी दरिद्रता टाळवा राजानी इच्छा थइ एथी कपिलने कह्युं, आशिर्वादने माटे थइ तारे जो एटली बधी तरखड थइ पडीछे तो हवे तारी इच्छा पूरतुं तुं मागी ले. हुं तने आपीश. कपिल थोडीवार मूढ जेवो रह्यो. एथी राजाए कह्युं, केम विप्र, कंइ मागता नथी? कपिले उत्तर आप्यो; मारुं मन हजु स्थिर थयुं नथी; एटले शुं मागवुं ते सूझतुं नथी. राजाए सामेना बागमां जइ त्यां बेसीने स्वस्थता पूर्वक विचार करी कपिलने मागवानुं कह्युं. एटले कपिल ते बागमां जइने विचार करवा बेठो.

---

## शिक्षापाठ ४८ कपिलमुनि भाग ३.

बे मासा सोनुं लेवानी जेनी इच्छा हती ते कपिल हवे तृष्णातरंगमां घसडायो. पांच महोर मागवानी इच्छा करी तो त्यां विचार आव्यो के पांचथी कंइ पुरुं थनार

नथी. माटे पंचवीश महोर मागवी. ए विचार पण फर्यो. पंचवीश महोरथी कंइ आखुं वर्ष उतराय नहीं माटे सो महोर मागवी; त्यां वळी विचार फर्यो. सो महोरे बे वर्ष उतरी, वैभव भोगवीए; पाछां दुःखनां दुःख. माटे एक हजार महोरनी याचना करवी ठीक छे; पण एक हजार महोर छोकरांछैयांनां बेचार खर्च आवे के एवुं थाय तो पुरुं पण शुं थाय? माटे दश हजार महोर मागवी के जेथी जींदगी पर्यंत पण चिंता नहीं. त्यां वळी इच्छा फरी. दश हजार महोर खवाई जाय एटले पछी मुडी वगरना थई रहेवुं पडे. माटे एक लाख महोरनी मागणी करुं के जेना व्याजमां बधा वैभव भोगवुं; पण जीव! लक्षाधिपति तो घणाय छे. एमां आपणे नामांकित क्यांथी थवाना? माटे करोड महोर मागवी के जेथी महान् श्रीमंतता कहेवाय. वळी पाछो रंग फर्यो. महान् श्रीमंतताथी पण घेर अमल कहेवाय नहीं माटे राजानुं अर्धुं राज्य मागवुं; पण जो अर्धुं राज्य मागीश तोय राजा मारा तुल्य गणाशे. अने वळी हुं एनो याचक पण गणाइश. माटे मागवुं तो आखुं राज्य मागवुं. एम ए तृष्णामां डुब्यो; परंतु तुच्छ संसारी एटले पाछो वळ्यो; भला जीव! आपणे एवी कृतघ्नता शामाटे करवी पडे के जे आपणने इच्छा प्रमाणे आपवा तत्पर थयो तेनुंज राज्य लई लेवुं; अने तेनेज भ्रष्ट करवो? खरुं जोतां तो एमां आपणीज भ्रष्टता छे. माटे अर्धुं राज्य मागवुं; परंतु ए उपाधिए मारे नथी जोइती. त्यारे नाणांनी उपाधि पण

क्यां ओछींछे? माटे करोड लाख मूकीने सो वर्सें महोरज मागी लेवी. जीव, सो वर्सें महोर हमणां आवशे तो पछी विषयवैभवमांज वखत चाल्यो जशे; अने विद्याभ्यास पण धर्यों रहेशे; माटे पांच महोर हमणां तो लई जवी पछीनी वात पछी. अरे! पांच महोरनीए हमणां कंइ जरुर नथी; मात्र बे मासा सोनुं लेवा आव्यो हतो तेज मागी लेवुं. आ तो जीव बहु थई. तृष्णासमुद्रमां तें बहु गळकां खाधां. आखुं राज्य मागतां पण तृष्णा छीपती नहोती, मात्र संतोष अने विवेकथी ते घटाडी तो घटी. ए राजा जो चक्रवर्त्ती होत तो पछी हुं एथी विशेष शुं मागी शकत? अने विशेष ज्यां सुधी न मळत त्यांसुधी मारी तृष्णा शमात पण नहीं; ज्यां सुधी तृष्णा शमात नहीं त्यांसुधी हुं सुखी पण नहोत. एटलेथी ए मारी तृष्णा टळे नहीं तो पछी बे मासाथी करीने क्यांथी टळे? एनो आत्मा सवळीए आव्यो अने ते बोल्यो, हवे मारे ए बे मासा सोनानुं पण कंइ काम नथी. बे मासाथी वधीने हुं केटले सुधी पहोंच्यो! सुख तो संतोषमांज छे. तृष्णा ए संसार वृक्षनुं बीज छे. एनो हे! जीव, तारे शुं खप छे? विद्या लेतां तुं विषयमां पडी गयो; विषयमां पडवाथी आ उपाधिमां पड्यो; उपाधि वडे करिने अनंत तृष्णा समुद्रना तरंगमां तुं पड्यो. एक उपाधिमांथी आ संसारमां एम अनंत उपाधि वेठवी पडे छे. एथी एनो त्याग करवो उचित छे. सत्य संतोष जेवुं निरुपाधि सुख एके नथी. एम विचा-

रतां विचारतां, तृष्णा शमाववाथी ते कपिलनां अनेक आवरण क्षय थयां. तेनुं अंतःकरण प्रफुल्लित अने बहु विवेकशील थयुं. विवेकमां ने विवेकमां उत्तम ज्ञानवडे ते स्वात्मनो विचार करी शक्यो. अपूर्वश्रेणिए चढी ते कैवल्यज्ञानने पाम्यो.

तृष्णा केवी कनिष्ट वस्तु छे! ज्ञानीओ एम कहेछे के तृष्णा आकाशना जेवी अनंत छे; निरंतर ते नवयौवन रहेछे. कंइक चाहना जेटलुं मळ्युं एटले चाहना वधारी दे छे. संतोष एज कल्पवृक्ष छे; अने एज मात्र मनोवांछितता पूर्ण करे छे.

---

## शिक्षापाठ ४९. तृष्णानी विचित्रता.

### मनहर छंद.

(एक गरीबनी वधती गयेली तृष्णा.)

हती दीनताइ त्यारे ताकी पटेलाइ अने,
मळी पटेलाइ त्यारे ताकी छे शेठाइने;
सांपडी शेठाइ त्यारे ताकी मंत्रिताइ अने,
आवी मंत्रिताइ त्यारे ताकी नृपताइने.
मळी नृपताइ त्यारे ताकी देवताइ अने,

दीठी देवताइ त्यारे ताकी शंकराइने ;
अहो ! राज्यचंद्र मानो मानो शंकराइ मळी ;
वधे तृष्णाइ तोय जाय न मराइने. १

(२)

करोचली पडी दाढी डाचांतणो दाट वळ्यो,
काळी केशपटी विषे, श्वेतता छवाइ गइ ;
सूंघवुं, सांभळवुं ने, देखवुं ते मांडी वळ्युं,
तेम दांत आवली ते, खरी, के खवाइ गइ.
वळी केड वांकी, हाड गयां, अंगरंग गयो,
उठवानी आय जतां लाकडी लेवाइ गइ ;
अरे ! राज्यचंद्र एम, युवानी हराइ पण,
मनथी न तोय रांड, ममता मराइ गइ. २

(३)

करोडोना करजना, शीरपर डंका वागे,
रोगथी रुंधाइ गयुं, शरीर सूकाइने ;
पुरपति पण माथे, पीडवाने ताकी रह्यो,
पेट तणी वेठ पण, शके न पुराइने.
पितृ अने परणी ते, मचावे अनेक धंध,
पुत्र, पुत्री भाखे खाउं खाउं दुःखदाइने,
अरे ! राज्यचंद्र तोय जीव झावा दावा करे,
जंजाळ छडाय नहीं तजी तृपनाइने. ३

(४)

थइ क्षीण नाडी अवाचक जेवो रह्यो पडी,
जीवन दीपक पाम्यो केवळ झंखाइने,
छेल्ली इसे पड्यो भाळी भाइए त्यां एम भाख्युं,
हवे टाढी माटी थाय तो तो ठीक भाइने.
हाथने हलावी त्यां तो खीजी बुढे सूचव्युं ए,
बोल्या विना बेश वाळ तारी चतुराइने!
अरे राज्यचंद्र देखो देखो आशापाश केवो?
जतां गइ नहीं डोशे ममता मराइने! ४

---

## शिक्षापाठ ५०. प्रमाद.

धर्मनी अनादरता, उन्माद, आळस, कषाय ए सघळां प्रमादनां लक्षण छे.

भगवाने उत्तराध्ययन सूत्रमां गौतमने कह्यु के, हे! गौतम, मनुष्यनुं आयुष्य डाभनी अणीपर पडेला जळना बिंदु जेवुं छे. जेम ते बिंदुने पडतां वार लागती नथी तेम आ मनुष्यायु जतां वार लागती नथी. ए बोधना काव्यमां चोथी कडी स्मरणमां अवश्य राखवा जेवी छे 'समयं गोयम मापमाए'—ए पवित्र वाक्यना बे अर्थ थायछे. एक तो हे

गौतम ! समय एटले अवसर पामीने प्रमाद न करवो अने वीजो एके मेषानुमेषमां चाल्या जता असंख्यातमा भागना जे समय कहेवाय छे तेटलो वखत पण प्रमाद न करवो. कारण देह क्षणभंगुर छे; काळशीकारी माथे धनुष्यवाण चढावीने उभो छे. लीधो के लेशे एम जंजाळ थइ रही छे; त्यां प्रमादथी धर्म कर्त्तव्य रही जशे.

अति विचक्षण पुरुषो संसारनी सर्वोपाधि त्यागीने अहो रात्र धर्ममां सावधान थायछे; पळनो पण प्रमाद करता नथी. विचक्षण पुरुषो अहो रात्रना थोडा भागने पण निरंतर धर्मकर्त्तव्यमां गाळे छे; अने अवसरे अवसरे धर्मकर्त्तव्य करता रहे छे. पण मूढ पुरुषो निद्रा, आहार, मोजशोख अने विकथा तेमज रंगरागमां आयु व्यतीत करी नाखे छे. एनुं परिणाम तेओ अधोगति रुप पामे छे.

जेम बने तेम यतना अने उपयोगथी धर्मने साध्य करवो योग्य छे. साठघडीना अहो रात्रमां विशघडी तो निद्रामां गाळीए छीए. बाकीनी चाळीश घडी उपाधि, टेलटप्पा अने रझळवामां गाळीए छीए. ए करतां ए साठ-घडीना वखतमांथी वे चारघडी विशुद्ध धर्मकर्त्तव्यने माटे उपयोगमां लइए तो बनी शके एवुं छे. एनुं परिणाम पण केवुं सुंदर थाय!

पळी ए अमूल्य चीज छे. चक्रवर्त्ती पण एक पळ पामवा आखी रिद्धि आपे तो पण ते पामनार नथी. एक

पळ व्यर्थ खोवाथी एक भव हारी जवा जेवुं छे. एम तत्त्वनी दृष्टिए सिद्ध छे!

---

## शिक्षापाठ ५१. विवेक एटले शुं?

लघु शिष्यो:—भगवन्! आप अमने स्थळे स्थळे कहेता आवो छो के विवेक ए महान् श्रेयस्कर छे. विवेक ए अंधारामां पडेला आत्माने ओळखवानो दीवो छे. विवेक वडे करीने धर्म टकेछे. विवेक नथी त्यां धर्म नथी तो विवेक एटले शुं? ते अमने कहो.

गुरु:—आयुष्यमनो! सत्यासत्यने तेने स्वरुपे करीने समजवां तेनुं नाम विवेक.

लघु शिष्यो:—सत्यने सत्य अने असत्यने असत्य कहेवानुं तो बधाय समजे छे. त्यारे महाराज! एओ धर्मनुं मूळ पाम्या कहेवाय?

गुरु:—तमे जे वात कहोछो तेनुं एक दृष्टांत आपो जोइए.

लघु शिष्यो:—अमे पोते कडवाने कडवुंज कहीए छीए, मधुराने मधुरुं कहीए छीए. झेरने झेर ने अमृतने अमृत कहीए छीए.

गुरुः—आयुष्यमानो! ए वधां द्रव्य पदार्थ छे; परंतु आत्माने कइ कडवाश, कइ मधुराश, कयुं झेर अने कयुं अमृत छे? ए भावपदार्थोनी एथी कंइ परीक्षा थइ शके?

लघु शिष्यः—भगवन्! ए संबंधी तो अमारुं लक्ष पण नथी.

गुरुः—त्यारे एज समजवानुं छे के ज्ञान–दर्शनरुप आत्माना सत्य भाव पदार्थने अज्ञान अने अदर्शन रुप असत् वस्तुए घेरी लीधा छे, एमां एटली बधी मिश्रता थइ गइ छे के परीक्षा करवी अति अति दुर्लभ छे; संसारनां सुखो अनंतिवार आत्माए भोगव्यां छतां, तेमांथी हजु पण मोह टळयो नहीं, अने तेने अमृत जेवो गण्यो ए अविवेक छे; कारण संसार कडवो छे. कडवा विपाकने आपे छे. तेमज वैराग्य जे ए कडवा विपाकनुं औषध छे, तेने कडवो गण्यो; आ पण अविवेक छे. ज्ञान दर्शनादिगुणो अज्ञान दर्शने घेरी लइ जे मिश्रता करी नांखी छे ते ओळखी भाव अमृतमां आववुं; एनुं नाम विवेक छे. कहो त्यारे हवे विवेक ए केवी वस्तु ठरी?

लघु शिष्यः—अहो! विवेक एज धर्मनुं मूळ अने धर्म रक्षक कहेवाय छे ते सत्य छे. आत्म स्वरुपने विवेक विना ओळखी शकाय नहीं ए पण सत्य छे. ज्ञान, शील, धर्म, तत्व अने तप ए सघळां विवेक विना उदय पामे नहीं ए आपनुं कहेवुं यथार्थ छे. जे विवेकी नथी ते अज्ञानी अने

मंद् छे. तेज पुरुष मत भेद अने मिथ्या दर्शनमां लपटाइ रहे छे. आपनी विवेक संबंधीनी शिक्षा अमे निरंतर मनन करीशुं.

---

## शिक्षापाठ ५२. ज्ञानीओए वैराग्य शा माटे बोध्यो ?

संसारनां स्वरुप संबंधी आगळ केटलुंक कहेवामां आव्युं छे. ते तमने लक्षमां हशे.

ज्ञानीओए एने अनंत खेदमय, अनंत दुःखमय, अव्यवस्थित, चळविचळ, अने अनित्य कह्योछे. आ विशेषणो लगाडवा पहेलां एमणे संसार संबंधी संपूर्ण विचार करेलो जणाय छे. अनंत भवनुं पर्यटन, अनंतकाळनुं अज्ञान, अनंत जीवननो व्याघात, अनंत मरण, अनंत शोक ए वडे करीने संसारचक्रमां आत्मा भम्या करेछे. संसारनी देखाती इंद्रवारणा जेवी सुंदर मोहिनीए आत्माने तटस्थ लीन करी नांख्यो छे. ए जेवुं सुख आत्माने क्यांय भासतुं नथी. मोहिनीथी सत्यसुख अने एनुं स्वरुप जोवाथी एणे आकांक्षा पण करी नथी. पतंगनी जेम दीपक प्रत्ये मोहिनी छे तेम आत्मानी संसार संबंधे मोहिनी छे. ज्ञानीओ ए संसारने क्षणभर पण सुखरुप कहेता नथी. ए संसारनी तळ जेटली

जग्या पण झेर विना रही नथी. एक भुंडथी करीने एक चक्रवर्त्ती सुधी भावे करीने सरखापणुं रह्युं छे एटले चक्रवर्त्तीनी संसार संबंधमां जेटली मोहिनी छे, तेटलीज वलके तेथी विशेष भुंडने छे. चक्रवर्त्ती जेम समग्र प्रजापर अधिकार भोगवे छे, तेम तेनी उपाधि पण भोगवे छे. भुंडने एमांनुं कशुंए भोगववुं पडतुं नथी. अधिकार करतां उलटी उपाधि विशेष छे. चक्रवर्त्तीनो पोतानी पत्नी प्रत्येनो जेटलो प्रेम छे, तेटलो ज अथवा तेथी विशेष भुंडनो पोतानी भुंडणी प्रत्ये प्रेम रह्यो छे. चकवर्त्ती भोगथी जेटलो रस लेछे, तेटलोज रस भुंड पण मानी वेठुं छे. चक्रवर्त्तीनी जेटली वैभवनी वहोळता छे, तेटलीज उपाधि छे. भुंडने एना वैभवना प्रमाणमां छे. बन्ने जन्म्यां छे अने बन्ने मरवानां छे. आम सूक्ष्म विचारे जोतां क्षणिकताथी, रोगथी, जरा वगेरेथी बन्ने ग्राहित छे. द्रव्ये चक्रवर्त्ती समर्थ छे, महा पुण्यशाळी छे, मुख्यपणे सातावेदनीय भोगवे छे, अने भुंड विचारुं असातावेदनीय भोगवी रह्युं छे. बन्नेने असाता—सातापण छे; परंतु चक्रवर्त्ती महा समर्थ छे. पण जो ए जीवन पर्यंत मोहांध रह्यो तो सघळी बाजी हारी जवा जेवुं करेछे. भुंडने पण तेमज छे. चक्रवर्त्ती शलाकापुरुष होवाथी भुंडथी ए रूपे एनी तुलयना नथी; परंतु आ स्वरूपे छे. भोग भोगववामां बन्ने तुच्छ छे; बन्नेनां शरीर परु मांसादिकनां छे; असाताथी पराधीन छे; संसारनी आ उत्तमोत्तम पद्वी आवी रही तेमां आवुं दुःख, आवी क्षणिकता, आवी

तुच्छता, आवुं अंधपणुं ए रह्युं छे तो पछी बीजे सुख शा माटे गणवुं जोइए ? ए सुख नथी, छतां सुख गणो तो जे सुख भयवाळां अने क्षणिक छे ते दुःखज छे. अनंत ताप, अनंत शोक, अनंत दुःख जोइने ज्ञानीओए ए संसारने पुंठ दीधी छे; ते सत्य छे. ए भणी पाछुं वाळी जोवा जेवुं नथी. त्यां दुःख दुःखने दुःखज छे. दुःखनो ए समुद्र छे.

वैराग्य एज अनंत सुखमां लइ जनार उत्कृष्ट भोमियो छे.

---

## शिक्षापाठ ५३. महावीरशासन.

हमणां जे जिन शासन प्रवर्त्तमान छे ते भगवान महावीरनुं प्रणीत करेलुं छे. भगवान महावीरने निर्वाण पधार्या २४०० वर्ष उपर थइ गयां. मगध देशना क्षत्रियकुंड नगरमां सिद्धार्थ राजानी राणी त्रिशलादेवी क्षत्रियाणीनी कुखे भगवान महावीर जन्म्या. महावीर भगवानना मोटा भाइनुं नाम नंदीवर्द्धमान हतुं. तेमनी स्त्रीनुं नाम यशोदा हतुं. त्रीश वर्ष तेओ गृहस्थाश्रममां रह्या. एकांतिक विहारे साडाबार वर्ष एक पक्ष तपादिक सम्यकाचारे एमणे अशेष घनघाती कर्मने बाळीने भस्मीभूत कर्यां; अनुपमेय केवळज्ञान अने केवळदर्शन ऋजुवालिका नदीने किनारे पाम्या; एकंदर बहोतेर वर्ष लगभग आयु भोगवी सर्व कर्म भस्मी-

भूत करी सिद्धस्वरुपने पाम्मा. वर्त्तमान चोवीशीना ए छेल्ला जिनेश्वर हता.

एओनुं आ धर्मतीर्थ प्रवर्त्ते छे. ते २१००० हजार वर्ष एटले पंचमकाळनी पूर्णता सुधी प्रवर्त्तशे ; एम भगवतीसूत्रमां कह्युं छे.

आ काळ दश आश्चर्यथी युक्त होवाथी ए श्री धर्मतीर्थ प्रत्ये अनेक विपत्तिओ आवी गइ छे, आवे छे, अने आवशे.

जैनसमुदायमां परस्पर मतभेद बहु पडी गया छे. परस्पर निंदाग्रंथोथी जंजाळ मांडी बेठा छे. मध्यस्थ पुरुषो मतमतांतरमां नहीं पडतां विवेक विचारे जिनशिक्षानां मूळ तत्त्वपर आवे छे ; उत्तम शीळवान मुनियोपर भाविक रहे-छे, अने सत्य एकाग्रताथी पोताना आत्माने दमे छे.

काळप्रभावने लीधे वखते वखते शासन कंइ न्यूनाधिक प्रकाशमां आवे छे.

'वंक जडाय पछिमा' एवुं उत्तराध्ययन सूत्रमां वचन छे ; एनो भावार्थ ए छे के छेल्ला तीर्थंकर (महावीरस्वामी) ना शिष्यो वांका अने जड थशे. अने तेनी सत्यता विषे कोइने बोलवु रहे तेम नथी. आपणे क्यां तत्त्वनो विचार करीए छीए ? क्यां उत्तम शीळनो विचार करीए छीए ? नियमित वखत धर्ममां क्यां व्यतीत करीए छीए ? धर्मतीर्थना उदयने माटे क्यां लक्ष राखीए छीए ? क्यां दाझवडे धर्मतत्त्वने शोधीए छीए ? श्रावक कुळमां जन्म्या एथी क-

रीने श्रावक, ए वात आपणे भावे करीने मान्य करवी जोइती नथी; एने माटे जोइता आचार–ज्ञान–शोध के एमांनां कंइ विशेष लक्षणो होय तेने श्रावक मानिये तो ते यथायोग्य छे. द्रव्यादिक केटलाक प्रकारनी सामान्य दया श्रावकने घेर जन्मे छे अने ते पाळेछे, ए वात वखाणवा लायक छे; पण तत्त्वने कोइकज जाणेछे; जाण्या करतां झाझी शंका करनारा अर्धदग्धो पण छे; जाणीने अहंपद करनार पण छे. परंतु जाणीने तत्त्वना कांटामां तोळनारा कोइक विरलाज छे. परंपर आम्नायथी केवळ, मनःपर्यव अने परम अवधिज्ञान विच्छेद गयां. द्रष्टिवाद विच्छेद गयुं, सिद्धांतनो घणो भाग पण विच्छेद गयो; मात्र थोडा रहेला भागपर सामान्य समजणथी शंका करवी योग्य नथी. जे शंका थाय ते विशेष जाणनारने पूछवी, त्यांथी मनमानतो उत्तर न मळे तोपण जिनवचननी श्रद्धा चळविचळ करवी योग्य नथी, केमके अनेकांत शैलीना स्वरुपने विरला जाणे छे.

भगवानना कथन रुप मणिनां घरमां केटलाक पामर प्राणीयो दोषरुप काणुं शोधवानुं मथन करी अधोगति जन्य कर्मबांधे छे. लीलोत्रीने बदले तेनी सुकवणी करी लेवानुं कोणे केवा विचारथी शोधी काढयुं हशे? आ विषय बहु मोटो छे. अहीं आगळ ए संबंधी कंइ कहेवानी योग्यता नथी. टुंकामां कहेवानुं के आपणे आपणा आत्माना सार्थक अर्थे मतभेदमां पडवुं नहीं.

उत्तम अने शांत मुनिओनो समागम, विमळआचार विवेक, तेमज दया, क्षमा आदिनुं सेवन करवुं. महावीर तीर्थने अर्थे बने तो विवेकी बोध कारण सहित आपवो. तुच्छ बुद्धिथी शंकित थवुं नहीं, एमां आपणुं परम मंगळ छे ए विसर्जन करवुं नहीं.

---

## शिक्षापाठ ८४. अशुचि कोने कहेवी ?

जिज्ञासु—मने जैन मुनियोना आचारनी वात बहु रुची छे. एओना जेवो कोइ दर्शनना संतोमां आचार नथी. गमे तेवा शीयाळानी टाढमां अमुक वस्त्रवडे तेओने रेडववुं पडे छे; उनाळामां गमे तेवो ताप तपता छतां पगमां तेओने पगरखां के माथापर छत्री लेवाती नथी. उनी रेतीमां आतापना लेवी पडे छे. यावज्जीव उनुं पाणी पीए छे. गृहस्थने घेर तेओ बेसी शकता नथी. शुद्ध ब्रह्मचर्य पाळे छे. फूटी बदाम पण पासे राखी शकता नथी. अयोग्य वचन तेनाथी बोली शकातुं नथी. वाहन तेओ लइ शकता नथी. आवा पवित्र आचारो, खरे! मोक्षदायक छे. परंतु नव वाडमां भगवाने स्नान करवानी ना कही छे ए वात तो मने यथार्थ बेसती नथी.

सत्य–शा माटे बेसती नथी.

जिज्ञासु–कारण एथी अशुचि वधे छे.

सत्य–कइ अशुचि वधे छे?

जिज्ञासु–शरीर मलिन रहेछे ए.

सत्य–भाइ, शरीरनी मलिनताने अशुचि कहेवी ए वात कंइ विचार पूर्वक नथी. शरीर पोते शानुं बन्युं छे एतो विचार करो. रक्त, पित, मळ, मूत्र श्लेष्मनो ए भंडार छे. तेपर मात्र त्वचा छे; छतां ए पवित्र केम थाय? वळी साधुए एवुं कंइ संसार कर्त्तव्य कर्युं न होय के जेथी तेओने स्नान करवानी आवश्यकता रहे.

जिज्ञासु–पण स्नान करवाथी तेओने हानि शुं छे?

सत्य–ए तो स्थूळबुद्धिनुंज प्रश्न छे. नहावाथी कामाग्निनी प्रदीप्तता, व्रतनो भंग, परिणामनुं बदलवुं, असंख्याता जंतुनो विनाश, ए सघळी अशुचि उत्पन्न थाय छे अने एथी आत्मा महामलिन थाय छे. प्रथम एनो विचार करवो जोइए. जीवहिंसायुक्त शरीरनी जे मलिनता छे ते अशुचि छे. अन्य मलिनताथी तो आत्मानी उज्जवळता थाय छे, ए तत्त्वविचारे समजवानुं छे; नहावाथी व्रत्तभंग थइ आत्मा मलिन थाय छे; अने आत्मानी मलिनता एज अशुचि छे.

जिज्ञासु–मने तमे बहु सुंदर कारण बताव्युं. सूक्ष्म विचार करतां जिनेश्वरनां कथनथी बोध अने अत्यानंद

प्राप्त थाय छे. वारु, गृहस्थाश्रमीओए सांसारिक प्रवर्त्तनथी थयेली अनिच्छित जीवहिंसादियुक्त एवी शरीर संबंधी अशुचि टाळवी जोइए के नहीं ?

सत्य—समजण पूर्वक अशुचि टाळवीज जोइए. जैन जेवुं एके पवित्र दर्शन नथी; यथार्थ पवित्रतानो बोधक ते छे. परंतु शौचाशौचनुं स्वरुप समजवुं जोईए.

---

## शिक्षापाठ ५५. सामान्य नित्यनियम.

प्रभात पहेलां जागृत थइ नमस्कारमंत्रनुं स्मरण करी मनविशुद्ध करवुं. पापव्यापारनी वृत्ति रोकी रात्रिसंबंधी थयेला दोषनुं उपयोगपूर्वक प्रतिक्रमण करवुं.

प्रतिक्रमण कर्या पछी यथावसर भगवाननी उपासना स्तुति तथा स्वाध्यायथी करी मनने उज्वळ करवुं.

मात पितानो विनय करी संसारीकाममां आत्महितनो लक्ष भूलाय नहीं तेम व्यावहारिक कार्यमां प्रवर्त्तन करवुं.

पोते भोजन करतां पहेलां सत्पात्रे दान देवानी परम आतुरता राखी तेवो योग मळतां यथोचित प्रवृत्ति करवी.

आहारविहारादिमां नियम सहित प्रवर्त्तवुं.

सत्‌शास्त्रना अभ्यासनो नियमित वखत राखवो.

सायंकाळे उपयोगपूर्वक संध्यावश्यक करवुं.

निद्रा नियमितपणे लेवी.

सुता पेहेलां अढार पापस्थानक, द्वादशव्रतदोष, अने सर्व जीव प्रत्ये क्षमावी, पंच परमेष्ठि मंत्रनुं स्मरण करी, समाधि पूर्वक शयन करवुं.

आ सामान्य नियमो बहु मंगळकारी छे. जे अहीं संक्षेपमां कह्या छे. विशेष विचारवाथी अने तेम प्रवर्त्तवाथी ते विशेष मंगळदायक अने आनंदकारक थशे.

---

## शिक्षापाठ ५६. क्षमापना.

हे भगवान्! हुं बहु भूली गयो, में तमारां अमूल्य वचनने लक्षमां लीधां नहीं. में तमारां कहेलां अनुपम तत्त्वनो विचार कर्यो नहीं. तमारां प्रणीत करेलां उत्तम शीलने सेव्युं नहीं. तमारां कहेलां दया, शांति, क्षमा अने पवित्रता में ओळख्यां नहीं. हे भगवान! हुं भूल्यो, आथड्यो–रझळ्यो अने अनंत संसारनी विटम्बनामां पड्यो

छउं. हुं पापी छउं. हुं बहु मदोन्मत्त अने कर्म रजथी करीने मलिन छउं. हे परमात्मा! तमारां कहेलां तत्त्वविना मारो मोक्ष नथी. हुं निरंतर प्रपंचमां पड्यो छउं; अज्ञानथी अंध थयो छउं; मारामां विवेकशक्ति नथी अने हुं मूढ छउं, हुं निराश्रित छउं, अनाथ छउं. निरागी परमात्मा! हवे हुं तमारुं, तमारा धर्मनुं अने तमारा मुनिनुं शरण गृहुं छउं. मारा अपराध क्षय थइ हुं ते सर्व पापथी मुक्त थउं ए मारी अभिलाषा छे. आगळ करेलां पापोनो हुं हवे पश्चाताप करुं छउं. जेम जेम हुं सूक्ष्म विचारथी उंडो उतरुं छउं तेम तेम तमारा तत्त्वना चमत्कारो मारा स्वरुपनो प्रकाश करे छे. तमे निरागी, निर्विकारी, सच्चिदानंदस्वरुप, सहजानंदी, अनंतज्ञानी, अनंतदर्शी, अने त्रैलोक्यप्रकाशक छो. हुं मात्र मारा हितने अर्थे तमारी साक्षीए क्षमा चाहुं छउं. एक पळ पण तमारां कहेलां तत्त्वनी शंका न थाय, तमारा कहेला रस्तामां अहोरात्र हुं रहुं, एज मारी आकांक्षा अने वृत्ति थाओ! हे सर्वज्ञ भगवान्! तमने हुं विशेष शुं कहुं? तमाराथी कंइ अजाण्युं नथी. मात्र पश्चातापथी हुं कर्मजन्य पापनी क्षमा इच्छुं छउं—ॐ शांतिः शांतिः शांतिः

# शिक्षापाठ ९७. वैराग्य ए धर्मनुं स्वरुप छे.

एक वस्त्र लोहीनी मलिनताथी रंगायुं तेने जो लोहीथी धोइए तो ते उजळुं थई शके नहीं; पण वधारे रंगाय छे. जो पाणीथी ए वस्त्रने धोइए तो ते मलिनता जवानो संभव छे. आ द्रष्टांतपरथी आत्मापर विचार लइए. अनादिकाळथी आत्मा संसाररुपी लोहीथी मलिन थयो छे. मलिनता प्रदेशे प्रदेशे व्यापी रही छे! ए मलिनता आपणे विषय शृंगारथी टाळवी धारीए तो टळी शके नहीं. लोहीथी जेम लोही धोवातुं नथी, तेम शृंगारथी करीने विषयजन्य आत्ममलिनता टळनार नथी ए जाणे निश्चयरुप छे. आ जगत्मां अनेक धर्ममतो चाले छे, ते संबंधी अपक्षपाते विचार करतां आगळथी आटलुं विचारवुं अवश्यनुं छे के ज्यां स्त्रिओ भोगववानो उपदेश कर्यो होय, लक्ष्मीलीलानी शिक्षा आपी होय, रंग, राग, गुलतान अने एशआराम करवानुं तत्त्व बताव्युं होय त्यां आपणा आत्मानी सत् शांति नथी, कारण ए धर्ममत गणीए तो आखो संसार धर्ममतयुक्तज छे. प्रत्येक गृहस्थनुं घर एज योजनाथी भरपूर होय छे. छोकरांछैयां, स्त्री, रंग, राग, तान त्यां जाम्युं पड्युं होय छे अने ते घर धर्ममंदिर कहेवुं, तो पछी अधर्मस्थानक कयुं? अने जेम वर्त्तिए छीए तेम वर्त्तवाथी खोटुं पण शुं? कोइ एम कहे के पेलां धर्ममंदिरमां तो प्रभुनी भक्ति थइ शके छे तो तेओने माटे खेदपूर्वक आटलोज

उत्तर देवानो छे के ते परमात्मतत्त्व अने तेनी वैराग्यमय भक्तिने जाणता नथी. गमे तेम हो पण आपणे आपणा मूळ विचारपर आववुं जोइए. तत्त्वज्ञानीनी द्रष्टिए आत्मा संसारमां विषयादिक मलिनताथी पर्यटन करे छे. ते मलिनतानो क्षय विशुद्ध भाव जळथी होवो जोइए. अर्हंतनां तत्त्वरुप साबु अने वैराग्यरुपी जळ वडे, उत्तम आचाररुप पथ्थरपर, आत्मवस्त्रने धोनार निर्ग्रंथ गुरु छे.

आमां जो वैराग्यजळ न होयतो बीजां बधां साहित्यो कंइ करी शकतां नथी; माटे वैराग्यने धर्मनुं स्वरुप कही शकाय. अर्हंतप्रणीत तत्त्व वैराग्यज बोध छे, तो तेज धर्मनुं स्वरुप एम गणवुं.

---

# शिक्षापाठ ५८. धर्मना मतभेद भाग १.

आ जगत्मां अनेक प्रकारथी धर्मना मत पडेला छे. तेना मतभेद अनादिकाळथी छे, ए न्यायसिद्ध छे. पण ए मत भेदो कंइ कंइ रुपांतर पाम्या जाय छे. ए संबंधी केटलोक विचार करीए.

केटलाक परस्पर मळता अने केटलाक परस्पर विरुद्ध छे; केटलाक केवळ नास्तिकना पाथरेला पण छे. केटलाक सामान्य नीतिने धर्म कहे छे. केटलाक ज्ञाननेज धर्म कहे छे. केटलाक अज्ञान एज धर्ममत कहे छे. केटलाक भक्तिने

कहे छे; केटलाक क्रियाने कहे छे; केटलाक विनयने कहे छे अने केटलाक शरीरने साचववुं एनेज धर्ममत कहे छे.

ए धर्ममत स्थापकोए एम बोध कर्यो जणाय छे के अमे जे कहीए छीए ते सर्वज्ञवाणीरुप छे; के सत्य छे. बाकीना सघळा मतो असत्य अने कुतर्कवादी छे; तथा परस्पर ते मत वादीओए योग्य के अयोग्य खंडन कर्युं छे. वेदांतना उपदेशक एज बोधेछे; सांख्यनो पण एज बोध छे. बौधनो पण एज बोध छे. न्यायमतवाळानो पण एज बोध छे; वैशेषिकनो एज बोध छे; शक्तिपंथीनो एज बोध छे; वैष्णवादिकनो एज बोध छे. इस्लामीनो एज बोध छे. अने एज रीते क्राइस्टनो एम बोधछे के आ अमारुं कथन तमने सर्व सिद्धि आपशे. त्यारे आपणे हवे शुं विचार करवो?

वादी प्रतिवादी बन्ने साचा होता नथी, तेम बन्ने खोटा होता नथी. बहु तो वादी कंइक वधारे साचो; अने प्रतिवादी कंइक ओछो खोटो होय. अथवा प्रतिवादी कंइक वधारे साचो, अने वादी कंइक ओछो खोटो होय. केवळ बन्नेनी वात खोटी होवी न जोइए. आम विचार करतां तो एक धर्ममत साचो ठरे; अने बाकीना खोटा ठरे.

जिज्ञासु—ए एक आश्चर्यकारक वात छे. सर्वने असत्य के सर्वने सत्य केम कही शकाय? जो सर्वने असत्य एम कहीए तो आपणे नास्तिक ठरीए! अने धर्मनी सच्चाइ

जाय. आ तो निश्चय छे के धर्मनी सच्चाइ छे, तेम जगत्-पर ते अवश्य छे. एक धर्ममत सत्य अने वाकीना सर्व असत्य एम कहीए तो ते वात सिद्ध करी वताववी जोइए. सर्व सत्य कहीए तो तो ए रेतीनी भींत जेवी वात करी; कारण के तो आटला वधा मतभेद केम पडे? जो कंइ पण मतभेद न होय तो पछी जुदा जुदा पोतपोताना मतो स्थापवा शा माटे यत्न करे? एम अन्योन्यना विरोधथी थोडीवार अटकवुं पडे छे.

तोपण ते संवंधी अत्रे कंइ समाधान करीशुं. ए समाधान सत्य अने मध्यस्थभावनानी द्रष्टिथी कर्युं छे. एकांतिक के मतांतिक द्रष्टिथी कर्युं नथी. पक्षपाती के अविवेकी नथी; उत्तम अने विचारवा जेवुं छे. देखावे ए सामान्य लागशे; परंतु सूक्ष्म विचारथी वहु भेदवाळुं लागशे.

---

## शिक्षापाठ ५९. धर्मना मतभेद भाग २.

आटलुं तो तमारे स्पष्ट मानवुं के गमे ते एक धर्म आ लोकपर संपूर्णसत्यता धरावे छे. हवे एक दर्शनने सत्य कहेतां वाकीना धर्ममतने केवळ असत्य कहेवा पडे; पण हुं एम कही न शकुं. शुद्ध आत्मज्ञानदाता निश्चयनयवडे तो ते असत्यरुप ठरे; परंतु व्यवहारनये ते असत्य कही शकाय नहीं. एक सत्य अने वाकीना अपूर्ण अने सदोष छे एम

कहुं छउं. तेमज केटलाक कुतर्कवादी अने नास्तिक छे ते केवळ असत्य छे; परंतु जेओ परलोक संबंधी के पाप संबंधी कंइपण बोध के भय बतावे छे ते जातना धर्ममतने अपूर्ण अने शदोष कही सकाय छे. एक दर्शन जे निर्दोष अने पूर्ण कहेवानुं छे ते विषेनी वात हमणा एक बाजु राखीए.

हवे तमने शंका थशे के सदोष अने अपूर्ण एवुं कथन एना प्रवर्त्तके शा माटे बोध्युं हशे? तेनुं समाधान थवुं जोइए. एनुं समाधान एम छे के ते धर्ममतवाळाओनी ज्यां सुधी बुद्धिनी गति पहोंची त्यांसुधी तेमणे विचारो कर्या. अनुमान, तर्क अने उपमादिक आधारवडे तेओने जे कथन सिद्ध जणायुं ते प्रत्येक्षरूपे जाणे सिद्ध छे एवुं तेमणे दर्शाव्युं; जे पक्ष लीधो तेमां मुख्य एकांतिक वाद लीधो; भक्ति, विश्वास, नीति, ज्ञान, क्रिया आदि एक पक्षने विशेष लीधो, एथी बीजा मानवा योग्य विषयो तेमणे दूषित करी दीधा. वळी जे विषयो तेमणे वर्णव्या ते सर्व भाव भेदे तेओए कंइ जाण्या नहोता, पण पोतानी बुद्धि अनुसारे बहु वर्णव्या. तार्किक सिद्धांत द्रष्टांतादिकथी सामान्य बुद्धिवाळा आगळ के जडभरत आगळ तेओए सिद्ध करी बताव्यो. कीर्त्ति, लोकहित, के भगवान मनावानी आकांक्षा एमांनी एकादि पण एमना मननी भ्रमणा होवाथी अत्युग्र उद्यमादिथी तेओ जय पाम्या. केटलाके शृंगार अने लोके-

च्छित साधनोथी मनुष्यनां मन हरण कर्यां. दुनिआ मोहमां तो मूळे डुबी पडी छे; एटले ए इच्छित दर्शनथी गाडररुपे थइने तेओए राजी थइ तेनुं कहेवुं मान्य राख्युं. केटलाके नीति, तथा कंइ वैराग्यादि गुण देखी—इत्यादिक देखी ते कथन मान्य राख्युं. प्रवर्त्तकनी बुद्धि तेओ करतां विशेष होवाथी तेने पछी भगवानरुपज मानी लीधा. केटलाके वैराग्यथी धर्ममत फेलावी पाछळथी केटलांक सुखशीलियां साधननो बोध खोशी पोताना मतनी वृद्धि करी. पोतानो मत स्थापन करवानी महान भ्रमणाए अने पोतानी अपूर्णता इत्यादिक गमे ते कारणथी बीजानुं कहेलुं पोताने न रुच्युं एटले तेणे जुदोज राह काढ्यो. आम अनेक मतमतांतरनी जाळ थती गइ. चार पांच पेढी एकनो एक धर्म मत रह्यो एटले पछी ते कुळधर्म थइ पड्यो. एम स्थळे स्थळे थतुं गयुं.

---

## शिक्षापाठ ६०. धर्मना मतभेद भाग ३.

जो एक दर्शन पूर्ण अने सत्य न होय तो बीजा धर्म मतने अपूर्ण अने असत्य कोइ प्रमाणथी कही शकाय नहीं; ए माटे थइने जे एक दर्शन पूर्ण अने सत्य छे तेना तत्त्वप्रमाणथी बीजा मतोनी अपूर्णता अने एकांतिकता जोइए.

ए बीजा धर्ममतोमां तत्त्वज्ञान संबंधी यथार्थ सूक्ष्म विचारो नथी. केटलाक जगत्‌कर्त्तानो बोध करेछे; पण

जगत्कर्त्ता प्रमाणवडे सिद्ध थइ शकतो नथी. केटलाक ज्ञानथी मोक्षछे एम कहेछे ते एकांतिक छे ; तेमज क्रियाथी मोक्ष छे एम कहेनारा पण एकांतिक छे. ज्ञान, क्रिया ए बन्नेथी मोक्ष कहेनारा तेना यथार्थ स्वरुपने जाणता नथी ; अने ए बन्नेना भेद श्रेणिबंध नथी कही शक्या एज एमनी सर्वज्ञतानी खामी जणाइ आवेछे. ए धर्ममतस्थापको सद्देवतत्त्वमां कहेलां अष्टादश दूषणोथी रहित नहोता, एम एओए उपदेशेलां शास्त्रो अथवा तेमना चरित्रोपरथी पण तत्त्वनी द्रष्टिए जोतां देखाय छे. केटलाक मतोमां हिंसा, अब्रह्मचर्य इत्यादि अपवित्र आचरणनो बोध छे ते तो सहजमां अपूर्ण अने सरागीना स्थापेलां जोवामां आवेछे. कोइए एमां सर्वव्यापक मोक्ष, कोइए कंइ नहीं ए रुप मोक्ष, कोइए साकारमोक्ष अने कोइए अमुक काळसुधी रही पतित थवुं ए रुप मोक्ष मान्यो छे ; पण एमांथी कोइ वात तेओनी सप्रमाण थइ शकती नथी. एओना विचारोनुं अपूर्णपणुं निष्पृहीतत्त्ववेत्ताओए दर्शाव्युं छे, ते यथावस्थित जाणवुं योग्य छे.

वेद शिवायना बीजा मतोना प्रवर्त्तकोनां चरित्रो अने विचारो इत्यादिक जाणवाथी ते मतो अपूर्ण छे एम जणाई आवे छे. वर्त्तमानमां जे वेदो छे ते घणा प्राचीन ग्रंथो छे तेथी ते मतनुं प्राचीनपणुं छे, परंतु ते पण हिंसाए करीने दूषित होवाथी अपूर्ण छे, तेमज सरागीनां वाक्य छे एम स्पष्ट जणाय छे.

जे पूर्ण दर्शन विषे अत्रे कहेवानुं छे ते जैन एटले निरागीनां स्थापन करेलां दर्शन विषे छे. एना बोधदाता सर्वज्ञ अने सर्वदर्शी हता; कालभेद छे तोपण ए वात सिद्धांतिक जणाय छे. दया, ब्रह्मचर्य, शील, विवेक, वैराग्य, ज्ञान, क्रियादि एनां जेवां पूर्ण एकेए वर्णव्यां नथी. तेनी साथे शुद्ध आत्मज्ञान, तेनी कोटिओ, जीवनां च्यवन, जन्म, गति, विग्रहगति, योनिद्वार, प्रदेश, काळ, तेनां स्वरुप–ए विषे एवो सूक्ष्म बोधछे के जेवडे तेनी सर्वज्ञतानी निःशंकता थाय. काळभेदे परंपराम्नायथी केवळज्ञानादि ज्ञानो जोवामां नथी आवतां, छतां जे जे जिनेश्वरनां रहेलां सिद्धांतिक वचनो छे ते अखंड छे. तेओनां केटलाक सिद्धांतो एवा सूक्ष्म छे के जे एकेक विचारतां आखी जींदगी वही जाय.

जिनेश्वरनां कहेलां धर्मतत्त्वथी कोइ पण प्राणीने लेश खेद उत्पन्न थतो नथी. सर्व आत्मानी रक्षा अने सर्वात्म शक्तिनो प्रकाश एमां रह्यो छे. ए भेदो, वांचवाथी, समजवाथी अने ते पर अति अति सूक्ष्म विचार करवाथी आत्मशक्ति प्रकाश पामी जैनदर्शननी सर्वोत्कृष्टपणानी हा कहेवरावे छे. बहु मननथी सर्व धर्ममत जाणी पछी तुलना करनारने आ कथन अवश्य सिद्ध थशे.

निर्दोष दर्शननां मूळतत्त्वो अने सदोष दर्शननां मूळतत्त्वो विषे अहीं विशेष कही शकाय एटली जग्या नथी.

## शिक्षापाठ ६१. सुखविषे विचार भाग १.

एक ब्राह्मण दरिद्रावस्थाथी बहु पीडातो हतो. तेणे कंटाळीने छेवटे देवनुं उपासन करी लक्ष्मी मेळववानो निश्चय कर्यो. पोते विद्वान होवाथी उपासन करवा पहेलां विचार कर्यो के कदापि देव तो कोइ तुष्ट थशे; पण पछी ते आगळ सुख कयुं मागवुं ? तप करी पछी मागवानुं कंइ सूजे नहीं, अथवा न्यूनाधिक सूजे तो करेल तप पण निरर्थक जाय; माटे एक वखत आखा देशमां प्रवास करवो. संसारना महत्पुरूषोनां धाम, वैभव अने सुख जोवां. एम निश्चय करी ते प्रवासमां नीकळी पड्यो. भारतनां जे जे रमणीय अने रीद्धिमान शहेरो हतां ते जोयां. युक्तिप्रयुक्तिए राजाधिराजनां अंतःपुर, सुख अने वैभव जोयां. श्रीमंतोना आवास, वहिवट, बागबगीचा अने कुटुंब परिवार जोया; पण एथी तेनुं कोइ रीते मन मान्युं नहीं. कोइने स्त्रीनुं दुःख, कोइने पतिनुं दुःख, कोइने अज्ञानथी दुःख, कोइने वहालांना वियोगनुं दुःख, कोइने निर्धनतानुं दुःख, कोइने लक्ष्मीनी उपाधिनुं दुःख, कोइने शरीर संबंधी दुःख, कोइने पुत्रनुं दुःख, कोइने शत्रुनुं दुःख, कोइने जडतानुं दुःख, कोइने माबापनुं दुःख, कोइने वैधव्य दुःख, कोइने कुटुंबनुं दुःख, कोइने पोतानां नीचकुळनुं दुःख, कोइने प्रीतिनुं दुःख, कोइने इर्ष्यानुं दुःख, कोइने हानिनुं दुःख, एम एक, बे विशेष के बधां दुःख, स्थळे स्थळे ते

विप्रना जोवामां आव्यां. एथी करीने एनुं मन कोइ स्थळे मान्युं नहीं; ज्यां जुए त्यां दुःख, तो खरुंज. कोई स्थळे संपूर्ण सुख तेना जोवामां आव्युं नहीं. हवे त्यारे शुं मागवुं? एम विचारतां विचारतां एक महाधनाढ्यनी प्रशंसा सांभळीने ते द्वारिकामां आव्यो. द्वारिका महारीद्धिमान, वैभवयुक्त, बागबगीचावडे करीने सुशोभित अने वस्तीथी भरपूर शहेर तेने लाग्युं. सुंदर अने भव्य आवासो जोतो, अने पूछतो पूछतो ते पेला महाधनाढ्यने घेर गयो. श्रीमंत सुखग्रहमां बेठा हता. तेणे अतिथि जाणीने ब्राह्मणने सन्मान आप्युं; कुशळता पूछी अने तेओने माटे भोजननी योजना करावी. जरा वार जवा दई धीरजथी शेठे ब्राह्मणने पूछयुं, आपनुं आगमन कारण जो मने कहेवा जेवुं होय तो कहो. ब्राह्मणे कह्युं, हमणा आप क्षमा राखो; आपनो सघळी जातनो वैभव, धाम, बागबगीचा इत्यादि मने देखाडवुं पडशे; ए जोया पछी आगमनकारण कहीश. शेठे एनुं कंई मर्मरुप कारण जाणीने कह्युं, भले, आनंदपूर्वक आपनी इच्छा प्रमाणे करो. जम्या पछी ब्राह्मणे शेठे पोते साथे आवीने धामादिक बताववा विनंति करी. धनाढ्ये ते मान्य राखी; अने पोते साथे जई बागबगीचा, धाम, वैभव ए सघळुं देखाड्युं. शेठनी स्त्री अने पुत्रो पण त्यां ब्राह्मणना जोवामां आव्या. तेओए योग्यतापूर्वक ते ब्राह्मणनो सत्कार कर्यो. एओनां रुप, विनय अने स्वच्छता जोइने तेमज तेओनी मधुरवाणी शांभळीने ब्राह्मण राजी

थयो. पछी तेनी दुकाननो वहिवट जोयो. तेमां सोएक वहिवाटिया त्यां वेठेला जोया. तेओ पण मायाळु, विनयि अने नम्र ते ब्राह्मणना जोवामां आव्या. एथी ते वहु संतुष्ट थयो. एनुं मन अहीं कंइक संतोपायुं. सुखी तो जगत्मां आज जणाय छे एम तेने लाग्युं.

---

## शिक्षापाठ ६२. सुखविषेविचार भाग २.

केवां एनां सुंदर घर छे! केवी सुंदर तेनी स्वच्छता अने जाळवणी छे! केवी शाणी अने मनोज्ञा तेनी सुशीळ स्त्री छे! केवा तेना कांतिमान अने कह्यागरा पुत्रोछे! केवुं संपीलुं तेनुं कुटुंब छे! लक्ष्मीनी महेरपण एने त्यां केवी छे! आखा भारतमां एना जेवो वीजो कोइ सुखी नथी. हवे तप करीने जो हुं मागुं तो आ महाधनाढ्य जेवुंज सघळुं मागुं, वीजी चाहना करुं नहीं.

दीवस वीती गयो अने रात्रि थइ. सुवानो वखत थयो. धनाढ्य अने ब्राह्मण एकांतमां वेठा हता; पछी धनाढ्ये विप्रने आगमन कारण कहेवा विनंति करी.

विप्र—हुं घेरथी एवो विचार करी नीकळ्यो हतो के बधाथी वधारे सुखी कोण छे ते जोवुं; अने तप करीने

पछी एना जेवुं सुख संपादन करवुं. आखा भारत ने तेनां सघळां रमणीय स्थळो जोयां; परंतु कोइ राजाधिराजने त्यां पण मने संपूर्ण सुख जोवामां आव्युं नहीं. ज्यां जोयुं त्यां आधि, व्याधि अने उपाधि जोवामां आवी. आप भणी आवतां आपनी प्रशंसा सांभळी एटले हुं अहीं आव्यो; अने संतोष पण पाम्यो. आपना जेवी रीद्धि, सत्पुत्र, कमाइ, स्त्री, कुटुंब, घर वगेरे मारा जोवामां क्यांय आव्युं नथी. आप पोते पण धर्मशील, सद्गुणी अने जिनेश्वरना उत्तम उपासक छो. एथी हुं एम मानुं छउं के आपना जेवुं सुख बीजे नथी. भारतमां आप विशेष सुखीछो. उपासना करीने कदापि देव कने याचुं तो आपना जेवी सुखस्थिति याचुं.

धनाढ्य—पंडितजी, आप एक बहु मर्मभरेला विचारथी नीकळ्या छो; एटले अवश्य आपने जेम छे तेम स्वानुभवी वात कहुं छउं; पछी जेम तमारी इच्छा थाय तेम करजो. मारे त्यां आपे जेजे सुख जोयां ते ते सुख भारतसंबंधमां क्यांय नथी एम आपे कह्युं तो तेम हशे; पण खरुं ए मने संभवतुं नथी; मारो सिद्धांत एवोछे के जगत्मां कोइ स्थळे वास्तविक सुख नथी. जगत् दुःखथी करीने दाझतुं छे. तमे मने सुखी जुओ छो परंतु वास्तविक रीते हुं सुखी नथी.

विप्र—आपनुं आ कहेवुं कोइ अनुभवसिद्ध अने मार्मिक हशे. में अनेक शास्त्रो जोयां छे; छतां आवा मर्मपूर्वक

विचारो लक्षमां लेवा परिश्रमज लीधो नथी. तेम मने एवो अनुभव सर्वने माटे थइने थयो नथी. हवे आपने शुं दुःख छे? ते मने कहो.

धनाढ्य–पंडितजी आपनी इच्छाछे तो हुं कहुं छउं. ते लक्षपूर्वक मनन करवा जेवुं छे; अने ए उपरथी कंइ रस्तो पामवा जेवुं छे.

---

## शिक्षापाठ ६३. सुखविषेविचार भाग ३.

जे स्थिति हमणां मारी आप जुओछो तेवी स्थिति लक्ष्मी, कुटुंब अने स्त्री संबंधमां आगळ पण हती. जे वखतनी हुं वात करुं छउं, ते वखतने लगभग विश वर्ष थयां. व्यापार, अने वैभवनी वहोळाश ए सघळुं वहिवट अवळो पडवाथी घटवा मंडयुं. कोट्यावधि कहेवातो हुं उपराचापरी खोटना भार वहन करवाथी लक्ष्मी वगरनो मात्र त्रण वर्षमां थइ पड्यो. ज्यां केवळ सवळुं धारीने नांख्युं हतुं त्यां अवळुं पडयुं. एवामां मारी स्त्री पण गुजरी गइ. ते वखतमां मने कंइ संतान नहोतुं. जवरी खोटोने लीधे मारे अहींथी नीकळी जवुं पडयुं. मारां कुटुंबीओए थती रक्षा करी; परंतु ते आभ फाट्यानुं थीगडुं हतुं. अन्नने अने दांतने वेर थयानी स्थितिए, हुं वहु आगळ नीकळी पड्यो. ज्यारे हुं

त्यांथी नीकळ्यो त्यारे मारां कुटुंबीओ मने रोकी राखवा मंड्यां के तें गामनो दरवाजो पण दीठो नथी, माटे तने जवा दइ शकाय नहीं. तारुं कोमळ शरीर कंइ पण करी शके नहीं; अने तुं त्यां जा अने सुखी था तो पछी आव पण नहीं; माटे ए विचार तारे मांडी वाळवो. घणा प्रकारथी तेओने समजावी, सारी स्थितिमां आवीश त्यारे अवश्य अहीं आवीश. एम वचन दइ जावाबंदर हुं पर्यटने नीकळी पड्यो.

प्रारब्ध पाछां वळवानी तैयारी थइ. दैवयोगे मारी कने एक दमडी पण रही नहोती. एक के बे महीना उदर पोषण चाले तेवुं साधन रह्युं नहोतुं. छतां जावामां हुं गयो; त्यां मारी बुद्धिए प्रारब्ध खीलव्यां. जे वहाणमां हुं बेठो हतो ते वहाणना नाविके मारी चंचळता अने नम्रता जोइने पोताना शेठ आगळ मारां दुःखनी वात करी. ते शेठे मने बोलावी अमुक काममां गोठव्यो; जेमां हुं मारा पोषणथी चोगणुं पेदा करतो हतो. ए वेपारमां मारुं चित्त ज्यारे स्थिर थयुं त्यारे भारतसाथे ए वेपार वधारवा में प्रयत्न कर्युं; अने तेमां फाव्यो. बे वर्षमां पांच लाख जेटली कमाइ थइ. पछी शेठ पासेथी राजी खुशीथी आज्ञा लइ में केटलोक माल खरीदी द्वारिकां भणी आववानुं कर्युं. थोडे काळे त्यां आवी पहोंच्यो त्यारे, बहु लोक सन्मान आपवा मने सामा आव्या हता. हुं मारां कुटुंबीओने आनंदभावथी जइ मळ्यो. तेओ मारा भाग्यनी प्रशंसा

करवा लाग्यां. जावेथी लीधेला माले मने एकना पांच कराव्या. पंडितजी! त्यां केटलाक प्रकारथी मारे पाप करवां पड्यां हतां; पुरुं खावा पण हुं पाम्यो नहोतो; परंतु एकवार लक्ष्मी साध्य करवानो जे प्रतिज्ञाभाव कर्यो हतो ते प्रारब्ध योगथी पळ्यो. जे दुःखदायक स्थितिमां हुं हतो ते दुःखमां शुं खामी हती? स्त्री, पुत्र एतो जाणे नहोतांज, मावाप आगळथी परलोक पाम्यां हतां. कुटुंबी-ओना वियोगवडे अने विना दमडीए जावे जे वखते हुं गयो ते वखतनी स्थिति अज्ञानदृष्टिथी आंखमां आंसु आणी दे तेवी छे; आ वखते पण धर्ममां लक्ष राख्युं हतुं. दिवसनो अमुक भाग तेमां रोकातो हतो; ते लक्ष्मी के एवी लालचे नहीं; परंतु संसारदुःखथी ए तारनार साधन छे एम गणीने मोतनो भय क्षण पण दूर नथी, माटे ए कर्त्तव्य जेम बने तेम त्वराथी करी लेवुं, ए मारी मुख्य नीति हती. दुराचारथी कंइ सुख नथी; मननी तृप्ति नथी; अने आत्मानी मलिनता छे. ए तत्त्व भणी में मारुं लक्ष दोरेलुं हतुं.

---

## शिक्षापाठ ६४. सुखविषेविचार भाग ४.

अहीं आव्या पछी हुं सारां ठेकाणांनी कन्या पाम्यो. ते पण सुलक्षणी अने मर्यादशील नीवडी; ए वडे करीने मारे त्रण पुत्र थया. वहिवट प्रबळ होवाथी अने नाणुं

नाणांने वधारतुं होवाथी दश वर्षमां हुं महाकोट्यावधि थइ पड्यो. पुत्रना नीति, विचार, अने बुद्धि उत्तम रहेवा में बहु सुंदर साधनो गोठव्यां. जेथी, तेओ आ स्थिति पाम्या छे. मारां कुटुंबीओने योग्य योग्य स्थळे गोठवी तेओनी स्थितिने सुधरती करी. दुकानना में अमुक नियमो बांध्या. उत्तम धामनो आरंभ पण करी लीधो. आ फक्त एक मम-त्व खातर कर्युं. गयेलुं पाछुं मेळव्युं; अने कुळ परंपरानुं नामांकितपणुं जतुं अटकाव्युं, एम कहेवरावा माटे आ सघळुं कर्युं; एने हुं सुख मानतो नथी. जोके हुं बीजा करतां सुखी छउं; तोपण ए सातावेदनीय छे; सत्सुख नथी. जगत्मां बहुधा करीने असातावेदनी छे. में धर्ममां मारो काळ गाळवानो नियम राख्यो छे. सतशास्त्रोनां वांचन-मनन, सत्पुरुषोना समागम, यमनियम, एक महीनामां बार दिवस ब्रह्मचर्य, बनतुं गुप्तदान, ए आदिधर्मरुपे मारो काळ गाळुं छुं. सर्व व्यवहार संबंधीनी उपाधिमांथी केटलोक भाग बहु अंशे में त्याग्यो छे. पुत्रोने व्यवहारमां यथायोग्य करीने हुं निर्ग्रंथ थवानी इच्छा राखुं छउं. हमणां निर्ग्रंथ थइ शकुं तेम नथी; एमां संसारमोहिनी के एवुं कारण नथी; परंतु ते पण धर्मसंबंधी कारण छे. गृहस्थधर्मनां आचरण बहु कनिष्ट थइ गयांछे; अने मुनियो ते सुधारी शकता नथी. गृहस्थ गृहस्थने विशेष बोध करी शके; आचरणथी पण असर करी शके. एटला माटे थइने धर्म-संबंधे गृहस्थ वर्गने हुं घणे भागे बोधी यमनियममां आणुं

छउं. दरसप्ताहिके आपणे त्यां पांचसें जेटला सद्गृहस्थोनी सभा भराय छे. आठ दिवसनो नवो अनुभव अने वाकीनो आगळनो धर्मानुभव एमने वे त्रण मुहूर्त्त वोधुं छउं. मारी स्त्री धर्मशास्त्रनो केटलोक वोध पामेली होवाथी ते पण स्त्री वर्गने उत्तम यमनियमनो वोध करी सप्ताहिक सभा भरेछे. पुत्रो पण शास्त्रनो वनतो परिचय राखे छे. विद्वानोनुं सन्मान, अतिथिनो विनय, अने सामान्य सत्यता—एकज भाव—एवा नियमो वहुधा मारा अनुचरो पण सेवेछे. एओ वधा एथी साता भोगवी शकेछे. लक्ष्मीनी साथे मारां नीति, धर्म, सद्गुण, विनय एणे जनसमुदायने वहु सारी असर करी छे. राजासहित पण मारी नीतिवात अंगीकार करे तेवुं थयुं छे. आं सघळुं आत्मप्रशंसा माटे हुं कहेतो नथी, ए आपे स्मृतिमां राखवुं; मात्र आपना पूछेला खुलासा दाखल आ सघळुं संक्षेपमां कहेतो जउं छउं.

---

## शिक्षापाठ ६९. सुखविषेविचार भाग ५.

आ सघळां उपरथी हुं सुखी छउं एम आपने लागी शकशे, अने सामान्यविचारे मने वहुसुखी मानो तो मानी शकाय तेम छे. धर्म, शीळ अने नीतिथी तेमज शास्त्रावधानथी मने जे आनंद उपजे छे ते अवर्णनीय छे. पण तत्त्व दृष्टिथी हुं सुखी न मनाउं. ज्यांसुधी सर्व प्रकारे वाह्य अने अभ्यंतर परिग्रह में त्याग्यो नथी, त्यांसुधी, राग दोषनो

भावछे. जो के ते बहु अंशे नथी, पण छे; तो त्यां उपाधि पण छे. सर्वसंग परित्याग करवानी मारी संपूर्ण आकांक्षा छे; पण ज्यांसुधी तेम थयुं नथी त्यांसुधी कोइ प्रियजननो वियोग, व्यवहारमां हानि, कुटुंबीनुं दुःख ए थोडे अंशे पण उपाधि आपी शके. पोताना देहपर मोत शिवाय पण नाना प्रकारना रोगनो संभव छे. माटे केवळ निर्ग्रंथ, बाह्यांभ्यतर परिग्रहनो त्याग, अल्पारंभनो त्याग ए सघळुं नथी थयुं त्यांसुधी, हुं मने केवळ सुखी मानतो नथी. हवे आपने तत्त्वनी द्रष्टिए विचारतां मालम पडशे के लक्ष्मी, स्त्री, पुत्र के कुटुंब एवडे सुख नथी. अने एने सुख गणुं तो ज्यारे मारी स्थिति पतित थइ हती त्यारे ए सुख क्यां गयुं हतुं? जेनो वियोग छे, जे क्षणभंगुर छे अने ज्यां अव्याबाध पणुं नथी ते संपूर्ण के वास्तविक सुख नथी. एटला माटे थइने हुं मने सुखी कही शकतो नथी. हुं बहु विचारी विचारी व्यापार वहिवट करतो हतो, तोपण मारे आरंभोपाधि, अनीति अने लेश पण कपट सेववुं पडयुं नथी, एम तो नथीज. अनेक प्रकारना आरंभ, अने कपट मारे सेववां पड्यां हतां. आप जो धारता होके देवोपासनथी लक्ष्मी प्राप्त करवी, तो ते जो पुण्य नहोय तो कोइ काळे मळनार नथी. पुण्यथी पामेली लक्ष्मीवडे महारंभ, कपट अने मानप्रमुख वधारवां ते महापापनां कारण छे; पाप नरकमां नाखेछे. पापथी आत्मा महान् मनुष्यदेह एळे गुमावी दे छे. एकतो जाणे पुण्यने खाइ जवां; बाकी वळी

पापनुं बंधन करवुं; लक्ष्मीनी अने ते वडे आखा संसारनी उपाधि भोगववी ते हुं धारुं छउं के विवेकी आत्माने मान्य न होय. में जे कारणथी लक्ष्मी उपार्जन करी हती, ते कारण में आगळ आपने जणाव्युं हतुं. जेम आपनी इच्छा होय तेम करो. आप विद्वान् छो. हुं विद्वानने चाहुं छउं. आपनी अभिलाषा होयतो धर्मध्यानमां प्रसक्त थइ सहकुटुंब अहीं भले रहो. आपनी उपजीविकानी सरळ योजना जेम कहो तेम हुं रुचिपूर्वक करावी आपुं. अहीं शास्त्राध्ययन अने सद्वस्तुनो उपदेश करो. मिथ्यारंभोपाधिनी लोलुपतामां हुं धारुं छउं के न पडो, पछी आपनी जेवी इच्छा.

पंडित—आपे आपना अनुभवनी बहु मनन करवा जेवी आख्यायिका कही. आप अवश्य कोइ महात्मा छो. पुण्यानुबंधीपुण्यवान जीव छो; विवेकी छो; आपनी विचारशक्ति अद्भुत छे; हुं दरिद्रताथी कंटाळीने जे इच्छा राखतो हतो ते एकांतिक हती. आवा सर्व प्रकारना विवेकी विचार में कर्या नहोता. आवो अनुभव—आवी विवेकशक्ति हुं गमे तेवो विद्वान् छउं छतां मारामां नथी, ए वात हुं सत्यज कहुं छउं. आपे मारे माटे जे योजना दर्शावी ते माटे आपनो बहु उपकार मानुं छउं; अने नम्रतापूर्वक ए हुं अंगीकार करवा हर्ष बतावुं छउं. हुं उपाधिने चहातो नथी. लक्ष्मीनो फंद उपाधिज आपे छे. आपनुं अनुभवसिद्ध कथन मने बहु रुच्युं छे. संसार बळतोज छे. एमां सुख नथी. आपे निरुपाधि मुनिसुखनी प्रशंसा कही ते

सत्य छे. ते सन्मार्ग परिणामे सर्वोपाधि, आधि व्याधिथी तेमज सर्व अज्ञानभावथी राहित एवा शाश्वत मोक्षनो हेतु छे.

---

## शिक्षापाठ ६६. सुखविषेविचार भाग ६.

धनाढ्य—आपने मारी वात रुची एथी हुं निरभिमानपूर्वक आनंद पामुं छउं. आपने माटे हुं योग्य योजना करीश. मारा सामान्य विचारो कथानुरुप अहीं कहेवानी हुं आज्ञा लउं छउं.

जेओ मात्र लक्ष्मीने उपार्जन करवामां कपट, लोभ अने मायामां मुंझाया पड्या छे ते बहु दुःखी छे. तेनो ते पुरो उपयोग के अधुरो उपयोग करी शकता नथी. मात्र उपाधिज भोगवे छे. ते असंख्यात पाप करे छे. तेने काळ अचानक लइने उपाडी जाय छे. अधोगति पामी ते जीव अनंतसंसार वधारे छे. मळेलो मनुष्य देह निर्माल्य करी नाखे छे जेथी ते निरंतर दुःखीज छे.

जेओए पोताना उपजीविका जेटलां साधनमात्र अल्पारंभथी राख्यां छे, शुद्ध एक पत्नीव्रत, संतोष, परात्मानी रक्षा, यम, नियम, परोपकार, अल्पराग, अल्पद्रव्यमाया अने सत्य तेमज शास्त्राध्ययन राखेल छे, जे सत्पुरुषोने सेवेछे, जेणे निर्ग्रंथतानो मनोर्थ राख्यो छे, बहु प्रकारे

करीने संसारथी जे त्यागी जेवा छे, जेना वैराग्य अने विवेक उत्कृष्ट छे तेवा पुरुषो पवित्रतामां सुखपूर्वक काळ निर्गमन करे छे.

सर्व प्रकारना आरंभ अने परिग्रहथी जेओ रहित थयाछे, द्रव्यथी, क्षेत्रथी, काळथी अने भावथी जेओ अप्रतिबंधपणे विचरे छे, शत्रु–मित्र प्रत्ये जे समान द्रष्टिवाळा छे अने शुद्ध आत्मध्यानमां जेमनो काळ निर्गमन थायछे, अथवा स्वाध्याय ध्यानमां जे लीन छे, एवा जितेंद्रिय अने जितकषाय ते निर्ग्रंथो परम सुखी छे.

सर्व घनघाती कर्मनो क्षय जेमणे कर्यो छे, चार कर्म पातळां जेनां पड्यां छे, जे मुक्त छे, जे अनंतज्ञानी अने अनंतदर्शी छे ते तो संपूर्ण सुखीज छे. मोक्षमां तेओ अनंत जीवनना अनंतसुखमां सर्व कर्मविरक्तताथी विराजे छे.

आम सत्पुरुषोए कहेलो मत मने मान्य छे. पहेलो तो मने त्याज्य छे. बीजो हमणां मान्य छे; अने घणे भागे ए ग्रहण करवानो मारो बोध छे. त्रीजो बहु मान्य छे. अने चोथो तो सर्वमान्य अने सच्चिदानंद स्वरुप छे.

एम पंडितजी आपनी अने मारी सुखसंबंधी वातचित थइ. प्रसंगोपात ते वात चर्चता जइशुं. तेपर विचार करीशुं. आ विचारो आपने कह्याथी मने बहु आनंद थयो छे. आप तेवा विचारने अनुकूळ थया एथी वळी आनंदमां वृद्धि

थइ छे. एम परस्पर वातचित करतां करतां हर्षभेर पछी तेओ समाधिभावथी शयन करी गया.

जे विवेकीओ आ सुखसंबंधी विचार करशे तेओ बहु तत्त्व अने आत्मश्रेणिनी उत्कृष्टताने पामशे. एमां कहेला अल्पारंभी, निरारंभी अने सर्वमुक्त लक्षणो लक्षपूर्वक मनन करवा जेवां छे. जेम बने तेम अल्पारंभी थइ सम्भावथी जनसमुदायना हित भणी वळवुं, परोपकार, दया, शांति, क्षमा अने पवित्रतानुं सेवन करवुं ए बहु सुखदायक छे. निर्ग्रंथताविषे तो विशेष कहेवानुं नथी. मुक्तात्मा अनंत सुखमयज छे.

---

## शिक्षापाठ ६७. अमूल्य तत्त्वविचार.

### हरिगीत छंद.

बहु पुण्यकेरा पुंजथी शुभ देह मानवनो मळ्यो;
तोये अरे! भवचक्रनो आंटो नहिं एके टळ्यो;
सुख प्राप्त करतां सुख टळेछे लेश ए लक्षे लहो;
क्षण क्षण भयंकर भावमरणे कां अहो राची रहो?

लक्ष्मी अने अधिकार वधतां, शुं वध्युं ते तो कहो?
शुं कुटुंब के परिवारथी वधवापणुं, ए नय ग्रहो.
वधवापणुं संसारनुं नर देहने हारी जवो,
एनो विचार नहीं अहोहो! एकपळ तमने हवो!!! २

निर्दोष सुख निर्दोष आनंद, ल्यो गमे त्यांथी भले;
ए दिव्यशक्तिमान् जेथी जंजिरेथी नीकळे!!
परवस्तुमां नहिं मुंझवो, एनी दया मुजने रही;
ए त्यागवा सिद्धांत के पश्चात्‌दुःख ते सुख नहीं. ३

हुं कोण छुं? क्यांथी थयो? शुं स्वरुप छे मारुं खरुं?
कोना संबंधे वळगणा छे? राखुं के ए परिहरुं?
एना विचार विवेक पूर्वक शांत भावे जो कर्या;
तो सर्व आत्मिकज्ञाननां सिद्धांततत्त्व अनुभव्यां. ४

ते प्राप्त करवा वचन कोनुं सत्य केवळ मानवुं?
निर्दोष नरनुं कथन मानो तेह जेणे अनुभव्युं.
रे! आत्म तारो! आत्म तारो! शीघ्र एने ओळखो;
सर्वात्ममां समदृष्टि द्यो आ वचनने हृदये लखो. ५

---

## शिक्षापाठ ६८. जितेंद्रियता.

ज्यांसुधी जीभ स्वादिष्ट भोजन चाहेछे, ज्यांसुधी नासिका सुगंध चाहेछे, ज्यांसुधी कान वारांगनाआदिनां गायन अने वाजित्र चाहेछे, ज्यांसुधी आंख वनोपवन जोवानुं लक्ष राखेछे, ज्यांसुधी त्वचा सुगंधीलेपन चाहेछे, त्यांसुधी ते मनुष्य निरागी, निर्ग्रंथ, निःपरिग्रही, निरारंभी अने ब्रह्मचारी थइ शकतो नथी. मनने वश करवुं ए सर्वो-

त्तम छे. एना वडे सघळी इंद्रियो वश करी शकाय छे. मन जीतवुं बहु दुर्घट छे. एक समयमां असंख्याता योजन चालनार अश्व ते मन छे. एने थकाववुं बहु दुर्लभ छे. एनी गति चपळ अने न झाली शकाय तेवी छे. महा ज्ञानीओए ज्ञानरुपी लगामवडे करीने एने स्थंभित राखी सर्व जय कर्यो छे.

उत्तराध्ययन सूत्रमां नमिराज महर्षिए शक्रेंद्रप्रत्ये एम कह्युं के दश लाख सुभटने जीतनार कइक पड्या छे; परंतु स्वात्माने जीतनारा बहु दुर्लभ छे; अने ते दश लाख सुभटने जीतनार करतां अत्युत्तम छे.

मनज सर्वोपाधिनी जन्मदाता भूमिका छे. मनज बंध अने मोक्षनुं कारण छे. मनज सर्व संसारनी मोहिनी रुपछे. ए वश थतां आत्मस्वरुपने पामवुं लेश मात्र दुर्लभ नथी.

मनवडे इंद्रियोनी लोलुपता छे. भोजन, वाजित्र, सुगंधी, स्त्रीनुं निरीक्षण, सुंदर विलेपन ए सघळुं मनज मागे छे. ए मोहिनी आडे ते धर्मने संभारवा पण देतुं नथी. संभार्या पछी सावधान थवा देतुं नथी. सावधान थया पछी पतितता करवामां प्रवृत्त थाय छे. एमां नथी फावतुं त्यारे सावधानीमां कंइ न्यूनता पहोंचाडे छे. जेओ ए न्यूनता पण न पामतां अडग रहीने ते मनने जीते छे तेओ सर्वथा सिद्धिने पामे छे.

मन कोइथीज अकस्मात् जीती शकाय छे, नहीं तो गृहस्थाश्रमे अभ्यास करीने जीताय छे; ए अभ्यास निर्ग्रंथतामां बहु थइ शके छे; छतां सामान्य परिचय करवा मांगीए तो तेनो मुख्य मार्ग आ छे के ते जे दुरिच्छा करे तेने भूली जवी; तेम करवुं नहीं. ते ज्यारे शब्दस्पर्शादि विलास इच्छे, त्यारे आपवा नहीं. टुंकामां आपणे एथी दोरावुं नहीं पण आपणे एने दोरवुं; मोक्षमार्ग चिंतव्यामां रोकवुं. जितेंद्रियता विना सर्व प्रकारनी उपाधि उभीज रही छे. त्यागे न त्याग्या जेवो थाय छे, लोक लज्जाए तेने सेववो पडे छे. माटे अभ्यासे करीने पण मनने स्वाधीनतामां लई अवश्य आत्महित करवुं.

---

## शिक्षापाठ ६९. ब्रह्मचर्यनी नववाड.

ज्ञानीओए थोडा शब्दोमां केवा भेद अने केवुं स्वरुप बतावेल छे? ए वडे केटली बधी आत्मोन्नति थाय छे! ब्रह्मचर्य जेवा गंभिर विषयनुं स्वरुप संक्षेपमां अति चमत्कारिक रीते आप्युं छे. ब्रह्मचर्यरुपी एक सुंदर झाड अने तेने रक्षा करनारी जे नव विधियो तेने वाडनुं रुप आपी आचार पाळवामां विशेष स्मृति रही शके एवी सरळता करी छे. ए नव वाड जेम छे तेम अहीं कही जउं छउं.

१ वसति—ब्रह्मचारी साधुए स्त्री, पशु के पडंग एथी संयुक्त वसतिमां रहेवुं नहीं. स्त्री बे प्रकारनी छे;—मनुष्यिणी

अने देवांगना. ए प्रत्येकना पाछा वे वे भेद छे. एकतो मूळ अने बीजी स्त्रीनी मूर्त्ति के चित्र. एमांथी गमे ते प्रकारनी स्त्री ज्यां होय त्यां ब्रह्मचारी साधुए न रहेवुं, केमके ए विकारहेतु छे. पशु एटले तिर्यंचिणी. गाय भेंस इत्यादिक जे स्थळे होय ते स्थळे न रहेवुं. अने पडंग एटले नपुंसक एनो वास होय त्यां पण न रहेवुं. एवा प्रकारनो वास ब्रह्मचर्यनी हानि करे छे. तेओना कामचेष्टा हाव भाव इत्यादिक विकारो मनने भ्रष्ट करे छे.

२ कथा—मात्र एकली स्त्रियोनेज के एकज स्त्रीने धर्मोपदेश ब्रह्मचारीए न करवो. कथा ए मोहनी उत्पत्ति रुप छे. ब्रह्मचारीए स्त्रीना रुप कामविलास संबंधी ग्रंथो वांचवा नहीं, तेमज जेथी चित्त चळे एवा प्रकारनी गमे ते शृंगार संबंधी कथा ब्रह्मचारीए करवी नहीं.

३ आसन—स्त्रियोनी साथे एक आसने न बेसवुं, तेमज ज्यां स्त्री बेठी होय त्यां बे घडी सुधीमां ब्रह्मचारीए न बेसवुं. ए स्त्रियोनी स्मृतिनुं कारण छे, एथी विकारनी उत्पत्ति थाय छे. एम भगवाने कह्युं छे.

४ इंद्रियनिरीक्षण—स्त्रीओनां अंगोपांग ब्रह्मचारी साधुए न जोवां; न निरखवां. एनां अमुक अंगपर द्रष्टि एकाग्र थवाथी विकारनी उत्पत्ति थाय छे.

५ कुड्यांतर–भींत, कनात के त्राटानो अंतरपट राखी स्त्री–पुरुष ज्यां मैथुन सेवे त्यां ब्रह्मचारीए रहेवुं नहीं. कारण शब्द, चेष्टादिक विकारनां कारण छे.

६ पूर्वक्रिडा–पोते गृहस्थावासमां गमे तेवी जातना शृंगारथी विषयक्रिडा करी होय तेनी स्मृति करवी नहीं; तेम करवाथी ब्रह्मचर्य भंग थाय छे.

७ प्रणीत–दूध, दहीं, घृतादिमधुरा अने चीकाशवाळा पदार्थोनो बहुधा आहार न करवो. एथी वीर्यनी वृद्धि अने उन्माद थायछे अने तेथी कामनी उत्पति थाय छे. माटे ब्रह्मचारीए तेम करवुं नहीं.

८ अतिमात्राहार–पेट भरीने अतिमात्राहार करवो नहीं; तेम अति मात्रानी उत्पत्ति थाय तेम करवुं नहीं. एथी पण विकार वधे छे.

९ विभूषण–स्नान, विलेपन करवां नहीं, तेमज पुष्पादिक ब्रह्मचारीए ग्रहण करवुं नहीं. एथी ब्रह्मचर्यने हानि उत्पन्न थायछे.

एम विशुद्ध ब्रह्मचर्यने माटे भगवंते नववाड कहीछे. बहुधा ए तमारा सांभळवामां आवी हशे; परंतु गृहस्थावासमां अमुक अमुक दिवस ब्रह्मचर्य धारण करवामां अभ्यासीओने लक्षमां रहेवा अहीं आगळ कंइक समजणपूर्वक कही छे.

# शिक्षापाठ ७०. सनत्कुमार भाग १.

चक्रवर्त्तीना वैभवमां शी खामी होय? सनत्कुमार ए चक्रवर्त्ती हता. तेनां वर्ण अने रुप अत्युत्तम हतां. एक वेळा सुधर्मसभामां ते रुपनी स्तुति थइ; कोइ बे देवोने ते वात रुची नहीं; पछी तेओ ते शंका टाळवाने विप्ररुप सनत्कुमारनां अंतःपुरमां गया. सनत्कुमारनो देह ते वेळा खेळथी भर्यो हतो. तेने अंग मर्दनादिक पदार्थोनुं मात्र विलेपन हतुं. तेणे एक नानुं पंचीयुं पहेर्युं हतुं. अने ते स्नान मज्जन करवा माटे बेठा हता. विप्ररुपे आवेला देवता तेनुं मनोहर मुख, कंचनवर्णी काया, अने चंद्र जेवी कांति जोइने बहु आनंद पाम्या, अने माथुं धुणाव्युं. आ जोईने चक्रवर्त्तीए पूछयुं, तमे माथुं शा माटे धुणाव्युं? देवोए कह्युं अमे तमारुं रुप अने वर्ण निरखवा माटे बहु अभिलाषी हता. स्थळे स्थळे तमारा वर्ण रुपनी स्तुति सांभळी हती; आजे अमे ते प्रत्यक्ष जोयुं, जेथी अमने पूर्ण आनंद उपज्यो. माथुं धुणाव्युं एनुं कारण एके जेवुं लोकोमां कहेवाय छे तेवुंज रुप छे. एथी विशेष छे पण ओछुं नथी. सनत्कुमार स्वरूपवर्णनी स्तुतिथी प्रभुत्व लावी बोल्यो, तमे आ वेळा मारुं रुप जोयुं ते भले, परंतु हुं राजसभामां वस्त्रालंकार धारण करी, केवळ सज्ज थइने ज्यारे सिंहासनपर बेसुं छउं त्यारे, मारुं रुप अने मारो वर्ण जोवा योग्य छे. अत्यारे तो हुं खेळभरी कायाए बेठो छउं. जो

ते वेळा तमे मारां रुप वर्ण जुओ तो अद्भुत चमत्कारने पामो अने चकित थइ जाओ. देवोए कह्युं, त्यारे पछी अमे राजसभामां आवीशुं; एम कहीने त्यांथी चाल्या गया. सनत्कुमारे त्यार पछी उत्तम वस्त्रालंकारो धारण कर्या. अनेक उपचारथी जेम पोतानी काया विशेष आश्चर्यता उपजावे तेम करीने ते राजसभामां आवी सिंहासनपर बेठो. आजुबाजु समर्थ मंत्रियो, सुभटो, विद्वानो अने अन्य सभासदो योग्य आसने बेसी गया हता. राजेश्वर चामर छत्रथी विंझाता अने खमा खमाथी वधावतां विशेष शोभी रह्या छे, त्यां पेला देवताओ पाछा विप्ररुपे आव्या. अद्भुत रुपवर्णथी आनंद पामवाने बदले जाणे खेद पाम्या छे एवा स्वरुपमां तेओए माथुं धुणाव्युं. चक्रवर्त्तीए पूछ्युं, अहो ब्राह्मणो ! गइ वेळा करतां आ वेळा तमे जुदा रुपमां माथुं धुणाव्युं एनुं शुं कारण छे, ते मने कहो. अवधिज्ञानानुसार विप्रे कह्युं के हे, महाराजा! ते रुपमां अने आ रुपमां भूमि आकाशनो फेर पडी गयो छे. चक्रवर्त्तीए ते स्पष्ट समजाववाने कह्युं. ब्राह्मणोए कह्युं, अधिराज! तमारी काया प्रथम अमृततुल्य हती; आ वेळा झेर तुल्य छे. ज्यारे अमृततुल्य अंग हतुं त्यारे आनंद पाम्या, अने आ वेळा झेर तुल्य छे त्यारे खेद पाम्या. अमे कहीए छीए ते वातनी सिद्धता करवी होय तो तमे तांबुल थुंको, तत्काळ ते पर मांखी बेसशे अने ते परलोक पहोंची जशे.

# शिक्षापाठ ७१. सनत्कुमार भाग २.

सनत्कुमारे ए परीक्षा करी तो सत्य ठरी. पूर्वित कर्मनां पापनो जे भाग तेमां आ कायाना मद संबंधीनुं मेळवण थवाथी ए चक्रवर्त्तीनी काया झेरमय थइ गइ हती. विनाशी अने अशुचिमय कायानो आवो प्रपंच जोइने सनत्कुमारने अंतःकरणमां वैराग्य उत्पन्न थयो. आ संसार केवळ तजवा योग्य छे. आवीने आवी अशुचि स्त्री, पुत्र, मित्रादिकनां शरीरमां रही छे. ए सघळुं मोह मान करवा योग्य नथी, एम विचारीने ते छ खंडनी प्रभुता त्यागी चाली नीकळ्या. साधुरुपे ज्यारे विचरता हता त्यारे तेओने महारोग उत्पन्न थयो. तेनां सत्यत्वनी परीक्षा लेवाने कोइ देव त्यां वैदरुपे आव्यो. साधुने कह्युं, हुं बहु कुशळ राजवैद छउं. तमारी काया रोगनो भोग थयेली छे. जो इच्छा होय तो तत्काळ हुं ते रोगने टाळी आपुं. साधु बोल्या, हे वैद्य! कर्मरुपी रोग महोन्मत्त छे; ए रोग टाळवानी तमारी जो समर्थता होय तो भले मारो ए रोग टाळो, ए समर्थता न होयतो आ रोग भले रह्यो. देवता बोल्यो, ए रोग टाळवानी समर्थता नथी. साधुए पोतानी लब्धिनां परिपूर्ण प्रबळवडे थुंकवाळी अंगुलि करी ते रोगने खरडी के तत्काळ ते रोगनो नाश थयो; अने काया पाछी हती तेवी बनी गइ. पछी ते वेळा देवे पोतानुं स्वरुप प्रकाश्युं; धन्यवाद गाइ वंदन करी ते पोताने स्थानक गयो.

रक्तपीत्त जेवा, सदैव लोही परुथी गद्गद्ता, महारोगनी उत्पत्ति जे कायामां छे, पळमां वणसी जवानो जेनो स्वभाव छे, जे प्रत्येक रोमे पोणा बब्बे रोगवाळी होइ रोगनो भंडार छे, अन्न वगेरेनी न्यूनाधिकताथी जे प्रत्येक कायामां देखाव दे छे, मळमूत्र, नर्क, हाड, मांस, परु अने श्लेष्मथी जेनुं बंधारण टक्युं छे, त्वचाथी मात्र जेनी मनोहरता छे ते कायानो मोह खरे विभ्रमज छे. सनत्कुमारे जेनुं लेशमात्र मान कर्युं ते पण जेथी संखायुं नहीं ते कायामां अहो पामर! तुं शुं मोहे छे? ए मोह मंगळदायक नथी.

---

## शिक्षापाठ ७२. बत्रिश योग.

सत्पुरुषो नीचेना बत्रिश योगनो संग्रह करी आत्माने उज्जवळ करवानुं कहे छे.

१. मोक्षसाधकयोग माटे शिष्ये आचार्य प्रत्ये आलोचना करवी.

२. आलोचना बीजा पासे प्रकाशवी नहीं.

३. आपत्तिकाळे पण धर्मनुं द्रढपणुं त्यागवुं नहीं.

४. आ लोक, परलोकनां सुखनां फलनी वांछनाविना तप करवुं.

५. शिक्षा मळी ते प्रमाणे यतनाथी वर्त्तवुं; अने नवी शिक्षा विवेकथी गृहण करवी.

६. ममत्वनो त्याग करवो.

७. गुप्त तप करवुं.

८. निर्लोभता राखवी.

९. परिषह उपसर्गने जीतवा.

१०. सरळ चित्त राखवुं.

११. आत्मसंयम शुद्ध पाळवो.

१२. समकित शुद्ध राखवुं.

१३. चित्तनी एकाग्र समाधि राखवी.

१४. कपटरहित आचार पाळवो.

१५. विनय करवा योग्य पुरुपोनो यथायोग्य विनय करवो.

१६. संतोपथी करीने तृष्णानी मर्यादा टुंकी करी नांखवी.

१७. वैराग्यभावनामां निमग्न रहेवुं.

१८. मायारहित वर्त्तवुं.

१९. शुद्ध करणीमां सावधान थवुं.

२०. सम्वरमे आदरवो अने पापने रोकवां.

२१. पोताना दोप सम्भावपूर्वक टाळवा.

२२. सर्व प्रकारना विषयथी विरक्त रहेवुं.

२३. मूळ गुणे पंचमहाव्रत्त विशुद्ध पाळवां.

२४. उत्तर गुणे पंचमहाव्रत्त विशुद्ध पाळवां.

२५. उत्साहपूर्वक कार्योत्सर्ग करवो.

२६. प्रमादरहित ज्ञान ध्यानमां प्रवर्त्तन करवुं.

२७. हमेशां आत्मचारित्रमां सूक्ष्म उपयोगथी वर्त्तवुं.

२८. ध्यान, जितेंद्रियता अर्थे एकाग्रतापूर्वक करवुं.

२९. मरणांत दुःखथी पण भय पामवो नहीं.

३०. स्त्रियादिकनां संगने त्यागवो.

३१. प्रायश्चित विशुद्धि करवी.

३२. मरणकाळे आराधना करवी.

ए एकेका योग अमूल्य छे. सघळा संग्रह करनार परिणामें अनंत सुखने पामे छे.

---

## शिक्षापाठ ७३. मोक्ष सुख.

आ जगत् मंडळपर केटलीक एवी वस्तुओ अने मनेच्छा रही छे के जे केटलाक अंशे जाणता छतां कही शकाती नथी. छतां ए वस्तुओ कंइ संपूर्ण शाश्वत के अनंत भेदवाळी नथी. एवी वस्तुनुं ज्यारे वर्णन न थइ शके

त्यारें अनंत सुखमय मोक्ष संबंधी तो उपमा क्यांथीज मळे? भगवानने गौतमस्वामीए मोक्षना अनंत सुखविषे प्रश्न कर्युं त्यारे भगवाने उत्तरमां कह्युं, गौतम! ए अनंतसुख हुं जाणुं छउं; पण ते कही शकाय एवी अहीं आगळ कंइ उपमा नथी. जगत्मां ए सुखना तुल्य कोइपण वस्तु के सुख नथी, एम वदी एक भीलनुं द्रष्टांत नीचेना भावमां आप्युं हतुं.

एक जंगलमां एक भद्रिक भील तेनां बाळबच्चां सहीत रहेतो हतो. शहेर वगेरेनी समृद्धिनी उपाधिनुं तेने लेश भान पण नहोतुं. एक दिवस कोइ राजा अश्वक्रीडा माटे फरतो फरतो त्यां नीकळी आव्यो; तेने बहु तृषा लागी हती; जेथी करीने सानवडे भील आगळ पाणी माग्युं. भीले पाणी आप्युं. शीतळ जळथी राजा संतोषायो. पोताने भील तरफथी मळेलां अमूल्य जळदाननो प्रत्युपकार करवा माटे भीलने समजावीने साथे लीधो. नगरमां आव्या पछी तेणे भीलने तेनी जींदगीमां नहीं जोयेली वस्तुमां राख्यो. सुंदर महेलमां, कने अनेक अनुचरो, मनोहर छत्रपलंग, अने स्वादिष्ट भोजनथी मंदमंद पवनमां, सुगंधी विलेपनमां तेने आनंद आनंद करी आप्यो. विविध जातिनां हीरामाणेक, मौक्तिक, मणिरत्न अने रंग बेरंगी अमूल्य चीजो निरंतर ते भीलने जोवा माटे मोकल्यां करे; बागबगीचामां फरवा हरवा मोकले. एम राजा तेने सुख आप्यां करतो हतो. कोइ रात्रे बधां सूइ रह्यां हतां, त्यारे ते भीलने बाळबच्चां

सांभरी आव्यां एटले ते त्यांथी कंइ लीधां कर्यावगर एकाएक नीकळी पड्यो. जइने पोतानां कुटुंबीने मळ्यो. ते बधांये मळीने पूछ्युं के तुं क्यां हतो? भीले कह्युं, बहु सुखमां; त्यां में बहु वखाणवा लायक वस्तुओ जोइ.

कुटुंबीओ-पण ते केवी? ते तो अमने कहे.

भील-शुं कहुं, अहीं एवी एके वस्तुज नथी.

कुटुंबीओ-एम होय के? आ शंखलां, छीप, कोडां केवां मजानां पड्यां छे; त्यां कोइ एवी जोवा लायक वस्तु हती?

भील-नहीं, भाइ, एवी चीज तो अहीं एके नथी. एना सोमा भागनी के हजारमा भागनी पण मनोहर चीज अहीं नथी.

कुटुंबीओ-त्यारे तो तुं बोल्या विना बेठो रहे. तने भ्रमणा थइ छे; आथी ते पछी सारुं शुं हशे?

हे गौतम! जेम ए भील राजवैभवसुख भोगवी आव्यो हतो; तेमज जाणतो हतो; छतां उपमा योग्य वस्तु नहीं मळवाथी ते कंइ कही शकतो नहोतो, तेम अनुपमेय मोक्षने, सच्चिदानंद स्वरुपमय निर्विकारी मोक्षनां सुखना असंख्यातमा भागने पण योग्य उपमेय नहीं मळवाथी हुं तने कही शकतो नथी.

मोक्षनां स्वरुप विषे शंका करनारा तो कुतर्कवादी छे; एओने क्षणिक सुखसंबंधी विचार आडे सत्सुखनो

विचार क्यांथी आवे? कोइ आत्मिकज्ञानहीन एम पण कहेछे के आथी कोइ विशेष सुखनुं साधन त्यां रह्युं नहि एटले अनंत अव्यावाध सुख कही देछे, आ एनुं कथन विवेकी नथी. निद्रा प्रत्येक मानवीने प्रिय छे; पण तेमां तेओ कंइ जाणी के देखी शकता नथी; अने जाणवामां आवे तो मात्र स्वप्नोपाधिनुं मिथ्यापणुं आवे; जेनी कंइ असर पण थाय ए स्वप्ना वगरनी निद्रा जेमां सूक्ष्मस्थूळ सर्व जाणी अने देखी शकाय; अने निरुपाधिथी शांत उंघ लइ शकाय तो तेनुं ते वर्णन शुं करी शके? एने उपमा पण शी आपे? आ तो स्थूळ द्रष्टांत छे; पण वाळविवेकी ए परथी कंइ विचारकरी शके ए माटे कह्युं छे.

भीलनुं द्रष्टांत, समजाववा रुपे भाषाभेद फेरफारथी तमने कही वताव्युं.

---

## शिक्षापाठ ७४. धर्मध्यान भाग १.

भगवाने चार प्रकारनां ध्यान कह्यां छे. आर्त्त, रौद्र, धर्म अने शुक्ल. पहेलां वे ध्यान त्यागवा योग्यछे. पाछळनां वे ध्यान आत्मसार्थकरुप छे. श्रुतज्ञानना भेद जाणवा माटे, शास्त्र विचारमां कुशळ थवा माटे, निर्ग्रंथप्रवचननुं तत्त्व पामवा माटे, सत्पुरुषोए सेववा योग्य, विचारवा योग्य अने ग्रहण करवा योग्य धर्मध्याननां मुख्य सोळ भेद छे.

पहेलां चार भेद कहुं छउं. १ आणाविजय (आज्ञाविचय.) २ आवायविजय (अपायविचय.) ३ विवागविजय (विपाकविचय.) ४ संठाणविजय (संस्थानविचय.) १ आज्ञाविचय–आज्ञा एटले सर्वज्ञ भगवाने धर्मतत्त्व संबंधी जे जे कह्युं छे ते ते सत्य छे; एमां शंका करवा जेवुं नथी; काळनी हीनताथी, उत्तम ज्ञानना विच्छेद जवाथी, बुद्धिनी मंदताथी के एवा अन्य कोइ कारणथी मारा समजवामां ते तत्त्व आवतुं नथी. परंतु अर्हंत भगवंते अंश मात्र पण माया युक्त के असत्य कह्युं नथीज, कारण एओ निरागी, त्यागी, अने निस्पृही हता. मृषा कहेवानुं कंइ कारण एमने हतुं नहीं. तेम एओ सर्वदर्शी होवाथी अज्ञानथी पण मृषा कहे नहीं, ज्यां अज्ञानज नथी, त्यां ए संबंधी मृषा क्यांथी होय? एवुं जे चिंतन करवुं ते 'आज्ञाविचय' नामनो प्रथम भेद छे. २ अपायविचय–राग, द्वेष, काम, क्रोध ए वगेरेथीज जीवने जे दुःख उत्पन्न थाय छे तेथीज तेने भवमां भटकवुं पडे छे. तेनुं जे चिंतवन करवुं ते 'अपायविचय' नामे बीजो भेद छे. अपाय एटले दुःख. ३ विपाकविचय–हुं क्षणे क्षणे जे जे दुःख सहन करुं छउं, भवाटविमां पर्यटन करुं छउं, अज्ञानादिक पामुं छउं, ते सघळुं कर्मनां फळना उदय वडे छे, एम चिंतववुं ते धर्म ध्याननो त्रीजो कर्मविपाक चिंतन भेद छे. ४ संस्थानविचय–त्रण लोकनुं स्वरुप चिंतववुं ते. लोकस्वरुप सुप्रतिष्ठितने आकारे छे; जीव अजीवे करीने संपूर्ण भरपुर छे. असंख्यात

योजननी कोटानुकोटीए त्रिच्छो लोक छे; ज्यां असंख्याता द्वीप—समुद्र छे. असंख्याता ज्योतिषिय, वाणव्यंतरादिकना निवास छे. उत्पाद, व्यय अने ध्रुवतानी विचित्रता एमां लागी पडी छे. अढीद्वीपमां जघन्य तीर्थंकर २०, उत्कृष्टा एकसो सितेर होय. तेओ तथा केवळी भगवान अने निर्ग्रंथ मुनिराज विचरे छे, तेओने "वंदामि, नमंसामि, सक्कारेमि, समाणेमि, कल्लाणं, मंगळं, देवयं, चेइयं, पज्जुवासामि" एम तेमज त्यां वसतां श्रावक, श्राविकानां गुणग्राम करीए. ते त्रिछालोकथकी असंख्यात गुणो अधिक उर्द्ध लोक छे. त्यां अनेक प्रकारना देवताओना निवास छे. पछी इषत् प्राग्भारा छे. ते पछी मुक्तात्माओ विराजे छे. तेने "वंदामि, यावत् पज्जुवासामि" ते उर्द्ध लोकथी कंइक विशेष अधो लोक छे, त्यां अनंत दुःखथी भरेला नर्कावास अने भुवन पतिनां भुवनादिक छे. ए त्रण लोकनां सर्व स्थानक आ आत्माए सम्यकत्व रहितकरणीथी अनंतिवार जन्ममरण करी स्पर्शी मूक्यां छे, एम जे चिंतन करवुं ते संस्थान विचय नामे धर्म ध्यानने चोथो भेद छे. ए चार भेद विचारीने सम्यक्त्व सहित श्रुत अने चारित्र धर्मनी आराधना करवी. जेथी ए अनंत जन्म मरण टळे. ए धर्मध्यानना चार भेद स्मरणमां राखवा.

---

## शिक्षापाठ ७५. धर्मध्यान भाग २.

धर्मध्याननां चार लक्षण कहुं छउं. आज्ञारुचि-एटले वीतराग भगवाननी आज्ञा अंगीकार करवानी रुचि उपजे ते. २ निसर्ग रुचि-आत्मा स्वाभाविकपणे जातिस्मरणादिक ज्ञाने करी श्रुत सहित चारित्र धर्म धरवानी रुचि पामे तेने निसर्ग रुचि कही छे. ३ सूत्र रुचि-श्रुतज्ञान, अने अनंत तत्त्वना भेदने माटे भाखेलां भगवानना पवित्र वचनोनुं जेमां गुंथन थयुं छे, ते सूत्र श्रवण करवा, मनन करवा, अने भावथी पठन करवानी रुचि उपजे ते सूत्र रुचि. ४ उपदेशरुचि-अज्ञाने करीने उपार्जेलां कर्म ज्ञाने करीने खपावीए, तेमज ज्ञानवडे करीने नवां कर्म न बांधीए. मिथ्यात्वे करीने उपार्ज्यां कर्म ते सम्यग्‌भावथी खपावीए, सम्यग्‌भावथी नवां कर्म न बांधीए. अवैराग्य करीने उपार्ज्यां कर्म ते वैराग्ये करीने खपावीए अने वैराग्यवडे करीने पाछां नवां कर्म न बांधीए. कषाये करी उपार्ज्यां कर्म ते कषाय टाळीने खपावीए, क्षमादिथी नवां कर्म न बांधीए. अशुभ योगे करी उपार्ज्यां कर्म ते शुभ योगे करी खपावीए, शुभ योगेकरी नवां कर्म न बांधीए. पांच इंद्रियना स्वादरुप आश्रवे करी उपार्ज्यां कर्म ते संवरे करी खपावीए. तपरुप (इच्छारोध) संवरे करी नवां कर्म न बांधीए. ते माटे अज्ञानादिक आश्रवमार्ग छांडीने ज्ञानादिक संवर मार्ग ग्रहण करवा माटे तीर्थंकर भगवंतनो उपदेश सांभळ-

वानी रुचि उपजे तेने उपदेशरुचि कहीए. ए धर्मध्याननां चार लक्षण कहेवायां.

धर्मध्याननां चार आलंवन कहुं छउं. १ वांचना २ पृच्छना ३ परावर्त्तना ४ धर्मकथा. १ वांचना—एटले विनय सहित निर्जरा तथा ज्ञान पामवाने माटे सूत्र सिद्धांतना मर्मना जाणनार गुरु के सत्पुरुष समीपे सूत्र तत्त्वनुं वांचन लइए तेनुं नाम वांचनाआलंवन. २ पृच्छना. अपूर्व ज्ञान पामवा माटे, जिनेश्वर भगवंतनो मार्ग दीपाववाने तथा शंकाशल्य निवारवाने माटे तेमज अन्यना तत्त्वनी मध्यस्थ परीक्षाने माटे यथायोग्य विनय सहित गुर्वादिकने प्रश्न पूछीए तेने पृच्छना कहीए. ३ परावर्त्तना—पूर्वे जिनभाषित सूत्रार्थ जे भण्या होइए ते स्मरणमां रहेवा माटे, निर्जराने अर्थे शुद्ध उपयोग सहित शुद्ध सूत्रार्थनी वारंवार सज्झाय करीए तेनुं नाम परावर्त्तनालंवन. ४ धर्मकथा—वीतराग भगवाने जे भाव जेवा प्रणीत कर्या छे ते भाव तेवा लइने, ग्रहीने, विशेषे करीने, निश्चय करीने, शंका, कंखा अने वितिगिछा रहितपणे, पोतानी निर्जराने अर्थे सभामध्ये ते भाव तेवा प्रणीत करीए के जेथी सांभळनार, सद्दहनार बन्ने भगवंतनी आज्ञाना आराधक थाय, ए धर्मकथालंवन कहीए. ए धर्मध्यानमां चार आलंवन कहेवायां. धर्मध्याननी चार अनुप्रेक्षा कहुं छउं. १ एकत्वानुप्रेक्षा. २ अनित्यानुप्रेक्षा. ३ अशरणानुप्रेक्षा. ४ संसारानुप्रेक्षा. ए चारेनो

बोध बार भावनाना पाठमां कहेवाइ गयो छे. ते तमने स्मरणमां हशे.

---

## शिक्षापाठ ७६. धर्मध्यान भाग ३.

धर्मध्यान पूर्वाचार्योए अने आधुनिक मुनीश्वरोए पण विस्तारपूर्वक बहु समजाव्युं छे. ए ध्यानवडे करीने आत्मा मुनित्वभावमां निरंतर प्रवेश करे छे.

जे जे नियमो एटले भेद, लक्षण, आलंबन अने अनुप्रेक्षा कह्या ते बहु मनन करवा जेवा छे. अन्य मुनीश्वरोना कहेवा प्रमाणे में सामान्य भाषामां ते तमने कह्या; ए साथे निरंतर लक्ष राखवानी आवश्यकता छे के एमांथी आपणे कयो भेद पाम्या; अथवा कया भेदभणी भावना राखी छे ? ए सोळ भेदमांनो गमे ते भेद हितकारी अने उपयोगी छे; परंतु जेवा अनुक्रमथी लेवो जोइए ते अनुक्रमथी लेवायतो ते विशेष आत्मलाभनुं कारण थइ पडे.

सूत्रसिद्धांतनां अध्ययनो केटलाक मुखपाठे करे छे; तेना अर्थ, तेमां कहेलां मूळतत्त्वो भणी जो तेओ लक्ष पहोंचाडे तो कंइक सूक्ष्मभेद पामी शके. केळनां पत्रमां, पत्रमां पत्रनी जेम चमत्कृति छे तेम सूत्रार्थने माटे छे. ए उपर विचार करतां निर्मळ अने केवळ दयामय मार्गनो जे वीतरागप्रणीत तत्त्वबोध तेनुं बीज अंतःकरणमां उगी

नीकळशे. ते अनेक प्रकारनां शास्त्रावलोकनथी, प्रश्नोत्तरथी, विचारथी अने सत्पुरुषना समागमथी पोषण पामीने वृद्धि थई वृक्षरुपे थशे. जे पछी निर्जरा अने आत्मप्रकाशरूप फळ आपशे.

श्रवण, मनन अने निदिध्यासनना प्रकारो वेदांतवादियोए बताव्या छे; पण जेवा आ धर्मध्यानना पृथक् पृथक् सोळ भेद कह्या छे तेवा तत्त्वपूर्वक भेद कोई स्थळे नथी, ए अपूर्व छे. एमांथी शास्त्रने श्रवण करवानो, मनन करवानो, विचारवानो, अन्यने बोध करवानो, शंकाकंखा टाळवानो, धर्मकथा करवानो, एकत्व विचारवानो, अनित्यता विचारवानो, अशरणता विचारवानो, वैराग्य पामवानो संसारनां अनंत दुःख मनन करवानो, अने वीतराग भगवंतनी आज्ञावडे करीने आखा लोकालोकना विचार करवानो अपूर्व उत्साह मळे छे. भेदे भेदे करीने एना पाछा अनेक भाव समजाव्या छे.

एमांना केटलाक भाव समजवाथी तप, शांति, क्षमा, दया, वैराग्य अने ज्ञाननो बहु बहु उदय थशे.

तमे कदापि ए सोळ भेदनुं पठन करी गया हशो तो पण फरी फरी तेनुं पुनरावर्त्तन करजो.

# शिक्षापाठ ७७. ज्ञान संबंधी बे बोल

## भाग १.

जेवडे वस्तुनुं स्वरुप जाणीए ते ज्ञान. ज्ञान शब्दनो आ अर्थ छे. हवे यथामति विचारवानुं छे के ए ज्ञाननी कंइ आवश्यकता छे? जो आवश्यकता छे तो ते प्राप्तिनां कंइ साधन छे? जो साधन छे तो तेने अनुकुळ द्रव्य, देश, काळ, भाव छे? जो देशकाळादिक अनुकुळ छे तो क्यां सुधी अनुकुळ छे? विशेष विचारमां ए ज्ञानना भेद केटला छे? जाणवारुप छे शुं? एना वळी भेद केटला छे? जाणवानां साधन क्यां क्यां छे? कयि कयि वाटे ते साधनो प्राप्त कराय छे? ए ज्ञाननो उपयोग के परिणाम शुं छे? ए जाणवुं अवश्यनुं छे.

१. ज्ञाननी शी आवश्यकता छे? ते विषे प्रथम विचार करीए. आ चतुर्दश रज्जवात्मक लोकमां, चतुर्गतिमां अनादिकाळथी सकर्मस्थितिमां आ आत्मानुं पर्यटन छे. मेषानुमेष पण सुखनो ज्यां भाव नथी एवां नर्कनिगोदादिक स्थानक आ आत्माए बहु बहु काळ वारंवार सेवन कर्यां छे; असह्य दुःखोने पुनःपुन अने कहो तो अनंतिवार सहन कर्यां छे. ए उतापथी निरंतर तपतो आत्मा मात्र स्वकर्म विपाकथी पर्यटन करे छे. पर्यटननुं कारण अनंत दुःखद ज्ञानावरणीयादि कर्मो छे जेवडे करीने आत्मा स्वस्वरुपने

पामी शकतो नथी; अने विषयादिक मोहबंधनने स्वस्वरुप मानी रह्यो छे. ए सघळांनुं परिणाम मात्र उपर कह्युं तेज छे के अनंत दुःख अनंत भावे करीने सहेवुं; गमे तेटलुं अप्रिय, गमे तेटलुं खेददायक अने गमे तेटलुं रौद्र छतां जे दुःख अनंतकाळथी अनंतिवार सहन करवुं पडयुं; ते दुःख मात्र सह्युं ते अज्ञानादिक कर्मथी माटे ए अज्ञानादिक टाळवा माटे ज्ञाननी परिपूर्ण आवश्यकता छे.

---

## शिक्षापाठ ७८. ज्ञान संबंधी बे बोल भाग २.

२. हवे ज्ञानप्राप्तिनां साधनो विषे कंइ विचार करीए. अपूर्ण पर्याप्तिवडे परिपूर्ण आत्मज्ञान साध्य थतुं नथी ए माटे थइने छ पर्याप्तियुक्त जे देव ते आत्मज्ञान साध्य करी शके. एवो देह ते एक मानवदेह छे. आ स्थळे प्रश्न उठशे के मानवदेह पामेला अनेक आत्माओ छे, तो ते सघळा आत्मज्ञान कां पामता नथी? एना उत्तरमां आपणे मानी शकीशुं के जेओ संपूर्ण आत्मज्ञानने पाम्या छे तेओनां पवित्र वचनामृतनी तेओने श्रुति नहीं होय. श्रुतिविना संस्कार नथी. जो संस्कार नथी तो पछी श्रद्धा क्यांथी होय? अने ज्यां ए एके नथी त्यां ज्ञानप्राप्ति शानी होय? ए माटे मानवदेहनी साथे सर्वज्ञ वचनामृतनी प्राप्ति अने

तेनी श्रद्धा ए पण साधनरुप छे. सर्वज्ञ वचनामृत अकर्म भूमि के केवळ अनार्यभूमिमां मळतां नथी तो पछी मानवदेह शुं उपयोगनो? ए माटे थइने कर्मभूमि अने तेमां पण आर्यभूमि ए पण साधनरुप छे तत्त्वनी श्रद्धा उपजवा अने बोध थवा माटे निर्ग्रंथ गुरुनी अवश्य छे. द्रव्ये करीने जे कुल मिथ्यात्वी छे, ते कुळमां थयेलो जन्म पण आत्मज्ञान प्राप्तिनी हानि रुपज छे. कारण धर्म मत भेद ए अति दुःखदायक छे. परंपराथी पूर्वजोए ग्रहण करेलुं जे दर्शन तेमांज सत्यभावना बंधाय छे; एथी करीने पण आत्मज्ञान अटके छे. ए माटे भलुं कुळ पण जरुरनुं छे. ए सघळां प्राप्त करवा माटे थइने भाग्यशाळी थवुं तेमां सत्पुण्य एटले पुण्यानुबंधी पुण्य इत्यादिक उत्तम साधनो छे. ए द्वितीय साधन भेद कह्यो.

३. जो साधन छे तो तेने अनुकुळ देश काळ छे? ए त्रीजा भेदनो विचार करीए. भरत, महाविदेह इत्यादि कर्मभूमि अने तेमां पण आर्यभूमि ए देश भावे अनुकुळ छे. जिज्ञासु भव्य! तमे सघळा आ काळे भरतमां छो; अने भारत देश अनुकुळ छे. काळभाव प्रमाणे मति अने श्रुत प्राप्त करी शकाय एटली अनुकुळता छे. कारण आ दुषम पंचमकाळमां परमावधि, मनःपर्यव अने केवळ ए पवित्र ज्ञान परंपरा आम्नाय जोतां विच्छेद छे. एटले काळनी परिपूर्ण अनुकुळता नथी.

૪. દેશકાળાદિ જો થોડાં પણ અનુકૂળ છે તો તે ક્યાં સુધી છે? એનો ઉત્તર. કે શેષ રહેલું સિદ્ધાંતિક મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, સામાન્યમતથી જ્ઞાન, કાળ ભાવે એકવીસ હજાર વર્ષ રહેવાનું; તેમાંથી અઢી હજાર ગયાં, બાકી સાડા અઢાર હજાર વર્ષ રહ્યાં; એટલે પંચમકાળની પૂર્ણતા સુધી કાળની અનુકૂળતા છે. દેશકાળ તે લઈને અનુકૂળ છે.

---

# શિક્ષાપાઠ ૭૯. જ્ઞાન સંબંધી બે બોલ ભાગ ૩.

હવે વિશેષ વિચાર કરીએ.

૧. આવશ્યકતા શી છે? એ મહદ્ વિચારનું આવર્તન પુનઃવિશેષતાથી કરીએ. મુખ્ય અવશ્ય સ્વસ્વરૂપસ્થિતિની શ્રેણિએ ચઢવું એ છે. અનંત દુઃખનો નાશ, દુઃખના નાશથી આત્માનું શ્રેયિક સુખ એ હેતુ છે; કેમકે સુખ નિરંતર આત્માને પ્રિય જ છે; પણ જે સ્વસ્વરૂપિક સુખ છે તે. દેશ-કાળ ભાવને લઈને શ્રદ્ધા, જ્ઞાન ઇત્યાદિ ઉત્પન્ન કરવાની આવશ્યકતા અને સમ્યગ્ ભાવ સહિત ઉચ્ચગતિ, ત્યાંથી મહાવિદેહમાં માનવદેહે જન્મ, ત્યાં સમ્યગ્ ભાવની પુનઃ ઉન્નતિ, તત્ત્વજ્ઞાનની વિશુદ્ધતા અને વૃદ્ધિ, છેવટે પરિપૂર્ણ આત્મસાધન જ્ઞાન અને તેનું સત્ય પરિણામ કેવળ સર્વ

दुःखनो अभाव एटले अखंड, अनुपम अनंत शाश्वत पवित्र मोक्षनी प्राप्ति ए सघळां माटे ज्ञाननी आवश्यकता छे?

२. ज्ञानना भेद केटला छे एनो विचार कहुं छउं. ए ज्ञानना भेद अनंत छे. पण सामान्य दृष्टि समजी शके एटला माटे सर्वज्ञ भगवाने मुख्य पांच भेद कह्या छे, ते जेम छे तेम कहुं छउं. प्रथम मति, द्वितीय श्रुत, तृतीय अवधि, चतुर्थ मनःपर्यव अने पांचमुं संपूर्ण स्वरुप केवळ. एना पाछा प्रतिभेद छे तेनी वळी अतींद्रिय स्वरुपे अनंत भंगजाळ छे.

३. शुं जाणवारुप छे? एनो हवे विचार करीए. वस्तुनुं स्वरुप जाणवुं तेनुं नाम ज्यारे ज्ञान; त्यारे वस्तुओ तो अनंत छे, एने कयि पंक्तिथी जाणवी? सर्वज्ञ थया पछी सर्व दर्शिताथी ते सत्पुरुष, ते अनंत वस्तुनुं स्वरुप सर्व भेदे करी जाणे छे अने देखे छे; परंतु तेओ ए सर्वज्ञ श्रेणिने पाम्या कयि कयि वस्तुने जाणवाथी? अनंत श्रेणिओ ज्यांसुधी जाणी नथी त्यांसुधी कयि वस्तुने जाणता जाणता ते अनंत वस्तुओ अनंत रुपे जाणीए? ए शंकानुं समाधान हवे करीए? जे अनंत वस्तुओ मानी ते अनंत भंगे करीने छे. परंतु मुख्य वस्तुत्व स्वरुपे तेनी बे श्रेणिओ छे. जीव अने अजीव. विशेष वस्तुत्व स्वरुपे नवतत्त्व किंवा षड्द्रव्यनी श्रेणिओ जाणवा रुप थइ पडे छे. जे पंक्तिए चढतां चढतां सर्व भावे जणाइ लोकालोक

स्वरुप हस्तामलकवत् जाणी देखी शकाय छे. एटला माटे थइने जाणवारुप पदार्थ ते जीव अने अजीव छे ए जाणवा रुप मुख्य बे श्रेणिओ कहेवाइ.

---

## शिक्षापाठ ८०. ज्ञान संबंधी बे बोल
## भाग ४.

४. एना उपभेद संक्षेपमां कहुं छउं. 'जीव' ए चैतन्य लक्षणे एक रुप छे. देहस्वरुपे अने द्रव्य स्वरुपे अनंतानंत छे. देहस्वरुपे तेना इंद्रियादिक जाणवा रुप छे; तेनी गति, विगति इत्यादिक जाणवा रुप छे; तेनी संसर्ग रीद्धि जाणवा रुप छे. तेमज 'अजीव' तेना रुपी अरुपी पुद्गळ आकाशादिक विचित्र भाव काळचक्र इत्यादि जाणवा रुप छे. जीवाजीव जाणवानी प्रकारांतरे सर्वज्ञ सर्वदर्शीए नव श्रेणि रुप नवतत्त्व कह्यां छे.

जीव, अजीव, पुण्य,

पाप, आश्रव, संवर,

निर्जरा, बंध, मोक्ष.

एमांनां केटलांक ग्राह्यरुप, केटलांक जाणवारुप, केटलांक त्यागवारुप छे. सघळां ए तत्त्वो जाणवारुप तो छेज,

८. जाणवानां साधन. सामान्य विचारमां ए साधनो जो के जाण्यां छे, तोपण विशेष कंइक विचारिये. भगवाननी आज्ञा अने तेनुं शुद्ध स्वरुप यथातथ्य जाणवुं. स्वयं कोइकज जाणे छे. नहीं तो निर्ग्रंथज्ञानी गुरु जणवी शके. निरागी ज्ञाता सर्वोत्तम छे. एटला माटे श्रद्धानुं बीज रोपनार के तेने पोषनार गुरु ए साधन रुप छे; ए साधनादिकने माटे संसारनी निवृत्ति एटले शम, दम ब्रह्मचर्यादिक अन्य साधनो छे. ए साधनो प्राप्त करवानी वाट कहीए तोपण चाले.

६. ए ज्ञाननो उपयोग के परिणामनां उत्तरनो आशय उपर आवी गयो छे; पण काळभेदे कंइ कहेवानुं छे. अने ते एटलुंज के दिवसमां वेघडीनो वखत पण नियमित राखीने जिनेश्वर भगवानना कहेला तत्त्वबोधनी पर्यटना करो. वीतरागना एक सिद्धांतिक शब्दपरथी ज्ञानावरणीयनो वहु क्षयोपशम थशे एम हुं विवेकथी कहुं छउं.

---

## शिक्षापाठ ८१. पंचमकाळ.

काळचक्रना विचारो अवश्य करीने जाणवा योग्य छे. श्री जिनेश्वरे ए काळचक्रना बे मुख्य भेद कह्या छे; १ उत्सर्पिणी २ अवसर्पिणी. एकेका भेदना छ छ आरा छे. आधुनिक वर्त्तन करी रहेलो आरो पंचमकाळ कहेवाय छे;

अने ते अवसर्पिणी काळनो पांचमो आरो छे. अवसर्पिणी एटले उतरतो काळ; ए उतरता काळना पांचमा आरामां केवुं वर्त्तन आ भरतक्षेत्रे थवुं जोइए तेने माटे सत्पुरुषोए केटलाक विचारो जणाव्या छे; ते अवश्य जाणवा जेवा छे.

एओ पंचमकाळनुं स्वरुप मुख्य आ भावमां कहे छे. निर्ग्रंथ प्रवचनपरथी मनुष्योनी श्रद्धा क्षीण थती जशे. धर्मना मूळतत्त्वोमां मतमतांतर वधशे. पाखंडी अने प्रपंची मतोनुं मंडन थशे. जनसमूहनी रुचि अधर्म भणी वळशे. सत्य दया हळवे हळवे पराभव पामशे. मोहादिक दोषोनी वृद्धि थती जशे. दंभी अने पापिष्ट गुरुओ पूज्यरुप थशे. दुष्टवृत्तिनां मनुष्यो पोताना फंदमां फावी जशे. मीठा पण धूर्त्तवक्ता पवित्र मनाशे. शुद्ध ब्रह्मचर्यादिक शीलयुक्त पुरुषो मलिन कहेवाशे. आत्मिकज्ञानना भेदो हणाता जशे; हेतु वगरनी क्रिया वधती जशे. अज्ञानक्रिया बहुधा सेवाशे; व्याकुळ करे एवा विषयोनां साधनो वधतां जशे. एकांतिक पक्षो सत्ताधीश थशे. शृंगारथी धर्म मनाशे.

खरा क्षत्रियो विना भूमि शोकग्रस्त थशे. निर्माल्य राजवंशीओ वेश्याना विलासमां मोह पामशे; धर्म, कर्म अने खरी राजनीति भूली जशे; अन्यायने जन्म आपशे. जेम लूटाशे तेम प्रजाने लूटशे. पोते पापिष्ट आचरणो सेवी प्रजा आगळ ते पळावता जशे. राजबीजने नामे शून्यता आवती जशे. नीच मंत्रियोनी महत्ता वधती जशे. एओ

दीनप्रजाने चूशीने भंडार भरवानो राजाने उपदेश आपशे. शीयळभंग करवानो धर्म राजाने अंगीकार करावशे. शौर्यादिक सद्गुणोनो नाश करावशे. मृगयादिक पापमां अंध बनावशे. राज्याधिकारीओ पोताना अधिकारथी हजारगुणी अहंपदता राखशे. विप्रो लालचु अने लोभी थइ जशे. सद्विद्याने दाटी देशे; संसारी साधनोने धर्म ठरावशे. वैश्यो मायावी, केवळ स्वार्थी अने कठोर हृदयना थता जशे. समग्र मनुष्य वर्गनी सद्वृत्तियो घटती जशे. अकृत अने भयंकर कृत्यो करतां तेओनी वृत्ति अटकशे नहीं. विवेक, विनय, सरळता इत्यादि सद्गुणो घटता जशे. अनुकंपाने नामे हीनता थशे. माता करतां पत्नीमां प्रेम वधशे; पिता करतां पुत्रमां प्रेम वधशे; पातिव्रत्य नियमपूर्वक पाळनारी सुंदरीओ घटी जशे. स्नानथी पवित्रता गणाशे; धनथी उत्तमकुळ गणाशे. गुरुथी शिष्यो अवळा चालशे. भूमिनो रस घटी जशे. संक्षेपमां कहेवानो भावार्थ के उत्तम वस्तुनी क्षीणता छे; अने कनिष्ट वस्तुनो उदय छे. पंचमकाळनुं स्वरुप आमांनुं प्रत्यक्ष सूचवन पण केटलुं बधुं करेछे !

मनुष्य सद्धर्मतत्त्वमां परिपूर्ण श्रद्धावान नहीं थइ शके; संपूर्ण तत्त्वज्ञान नहीं पामी शके; जंबुस्वामीना निर्वाण पछी दश निर्वाणी वस्तु आ भरतक्षेत्रथी व्यवछेद गइ.

पंचमकाळनुं आवुं स्वरुप जाणीने विवेकी पुरुषो तत्त्वने ग्रहण करशे; काळानुसार धर्मतत्त्वश्रद्धा पामीने

उच्चगति साधी परिणामे मोक्ष साधशे. निर्ग्रंथप्रवचन, निर्ग्रंथ गुरु इत्यादि धर्मतत्त्व पामवानां साधनो छे. एनी आराधनाथी कर्मनी विराधना छे.

---

## शिक्षापाठ ८२. तत्त्वावबोध भाग १.

दशवैकालिक सूत्रमां कथन छे के जेणे जीवाजीवना भाव नथी जाण्या ते अबुध संयममां स्थिर केम रही शकशे ? ए वचनामृतनुं तात्पर्य एम छे के तमे आत्मा, अनात्मानां स्वरुपने जाणो, ए जाणवानी परिपूर्ण अवश्य छे.

. आत्मा अनात्मानुं सत्य स्वरुप निर्ग्रंथप्रवचनमांथीज प्राप्त थइ शके छे. अनेक अन्य मतोमां ए बे तत्त्वो विषे विचारो दर्शाव्या छे, 'पण ते यथार्थ नथी. महा प्रज्ञावंत आचार्योए करेला विवेचन सहित प्रकारांतरे कहेलां मुख्य नवतत्त्वने विवेक बुद्धिथी जे ज्ञेय करे छे, ते सत्पुरुष आत्मस्वरुपने ओळखी शके छे.

स्याद्वादशैली अनुपम, अने अनंत भावभेदथी भरेली छे; ए शैलीने परिपूर्ण तो सर्वज्ञ अने सर्वदर्शीज जाणी शके; छतां एओनां वचनामृतानुसार आगम उपयोगथी यथामति नव तत्त्वनुं स्वरुप जाणवुं अवश्यनुं छे. ए नवतत्त्व प्रिय श्रद्धा भावे जाणवाथी परम विवेकबुद्धि, शुद्ध सम्यक्त्व अने प्रभाविक आत्मज्ञाननो उदय थाय छे. नव

तत्त्वमां लोकालोकनुं संपूर्ण स्वरुप आवी जाय छे. जे प्रमाणे जेनी बुद्धिनी गति छे, ते प्रमाणे तेओ तत्त्वज्ञान संबंधी द्रष्टि पहोंचाडे छे; अने भावानुसार तेओना आत्मानी उज्जवळता थाय छे. ते वडे तेओ आत्मज्ञाननो निर्मळ रस अनुभवे छे. जेनुं तत्त्वज्ञान उत्तम अने सूक्ष्म छे, तेमज सुशीलयुक्त जे तत्त्वज्ञानने सेवे छे ते पुरुष महद्भागी छे.

ए नवतत्त्वनां नाम आगळना शिक्षापाठमां हुं कही गयो छउं; एनुं विशेष स्वरुप प्रज्ञावंत आचार्योना महान् ग्रंथोथी अवश्य मेळववुं; कारण सिद्धांतमां जे जे कह्युं छे, ते वे विशेष भेदथी समजवा माटे सहायभूत प्रज्ञावंत आचार्यविरचित ग्रंथो छे. ए गुरुगम्यरुप पण छे. नय, निक्षेपा अने प्रमाणभेद नवतत्त्वनां ज्ञानमां अवश्यनां छे; अने तेनी यथार्थ समजण ए प्रज्ञावंतोए आपी छे.

---

## शिक्षापाठ ८३. तत्त्वावबोध भाग २.

सर्वज्ञ भगवाने लोकालोकनां संपूर्ण भाव जाण्या अने जोया तेनो उपदेश भव्य लोकोने कर्यो. भगवाने अनंत ज्ञानवडे करीने लोकालोकनां स्वरुप विषेना अनंत भेद जाण्या हता; परंतु सामान्य मानवियोने उपदेशथी श्रेणिए चढवा मुख्य देखता नव पदार्थ तेओए दर्शाव्या. एथी लोकालोकना सर्व भावनो एमां समावेश थइ जाय छे.

निर्ग्रंथप्रवचननो जे जे सूक्ष्म बोध छे; ते तत्त्वनी द्रष्टिए नवतत्त्वमां शमाइ जाय छे; तेमज सघळा धर्ममतोना सूक्ष्म विचार ए नवतत्त्वविज्ञानना एक देशमां आवी जाय छे. आत्मानी जे अनंत शक्तियो ढंकाइ रहीछे तेने प्रकाशित करवा अर्हंत भगवाननो पवित्र बोधछे; ए अनंत शक्तियो त्यारे प्रफुल्लित थइ शके के ज्यारे नवतत्त्व विज्ञानमां पारावार ज्ञानी थाय.

सूक्ष्म द्वादशांगी ज्ञान पण ए नवतत्त्व स्वरुप ज्ञानने सहायरुप छे. भिन्न भिन्न प्रकारे ए नवतत्त्वस्वरुप ज्ञाननो बोध करेछे; एथी आ निःशंक मानवा योग्य छे के नवतत्त्व जेणे अनंत भाव भेदे जाण्यां ते सर्वज्ञ अने सर्वदर्शी थयो.

ए नवतत्त्व त्रिपदीने भावे लेवा योग्य छे. हेय, ज्ञेय अने उपादेय एटले त्याग करवा योग्य, जाणवा योग्य अने ग्रहण करवा योग्य एम त्रण भेद नवतत्त्व स्वरुपना विचारमां रहेला छे.

प्रश्नः—जे त्यागवारुप छे तेने जाणीने करवुं शुं? जे गाम न जवुं तेनो मार्ग शा माटे पूछवो?

उत्तरः—ए तमारी शंका सहजमां समाधान थइ शके तेवी छे. त्यागवारुप पण जाणवा अवश्य छे. सर्वज्ञ पण सर्व प्रकारना प्रपंचने जाणी रह्या छे. त्यागवारुप वस्तुने जाणवानुं मूळतत्त्व आ छे के जो ते जाणी न होय तो

अत्याज्य गणी कोइ वखत सेवी जवाय; एक गामथी वीजे पहोंचतां सुधी वाटमां जे जे गाम आववानां होय तेनो रस्तो पण पूछवो पडे छे; नहीं तो ज्यां जवानुं छे त्यां न पहोंची शकाय. ए गाम जेम पूछ्यां पण त्यां वास कर्यो नहीं तेम पापादिक तत्त्वो जाणवां पण ग्रहण करवां नहीं. जेम वाटमां आवतां गामनो त्याग कर्यो तेम तेनो पण त्याग करवो अवश्यनो छे.

---

## शिक्षापाठ ८४. तत्त्वावबोध भाग ३.

नवतत्त्वनुं काळभेदे जे सत्पुरुषो गुरुगम्यताथी श्रवण, मनन अने निदिध्यासन पूर्वक ज्ञान लेछे, ते सत्पुरुषो महा पुण्यशाळी तेमज धन्यवादने पात्र छे. प्रत्येक सुज्ञपुरुषोने मारो विनयभावभूषित एज वोध छे के नवतत्त्वने स्वबुद्ध्यानुसार यथार्थ जाणवां.

महावीर भगवंतनां शासनमां वहु मतमतांतर पडी गया छे, तेनुं मुख्य कारण तत्त्वज्ञान भणीथी उपासक वर्गनुं लक्ष गयुं ए छे. मात्र क्रियाभावपर राचता रह्या; जेनुं परिणाम दृष्टिगोचर छे. वर्त्तमान शोधमां आवेली पृथ्विनी वसति लगभग दोढ अवजनी गणाइ छे; तेमां सर्व गच्छनी मळीने जैनप्रजा मात्र वीश लाख छे. ए प्रजा ते श्रमणोपासक छे. एमांथी हुं धारुं छउं के नवतत्त्वने पठनरुपे

वे हजार पुरुषो पण मांड जाणता हशे; मनन अने विचार पूर्वक तो आंगळीने टेरवे गणी शकीए तेटला पुरुषो पण जाणता नहीं हशे. ज्यारे आवी पतित स्थिति तत्त्वज्ञान संबंधी थइ गइ छे त्यारेज मतमतांतर वधी पड्यां छे. एक लौकिक कथन छे के "सो शाणे एक मत" तेम अनेक तत्त्वविचारक पुरुषोना मतमां भिन्नता बहुधा आवती नथी, माटे तत्वाववोध परम आवश्यक छे.

ए नवतत्त्व विचार संबंधी प्रत्येक मुनिओने मारी विज्ञप्ति छे के विवेक अने गुरुगम्यताथी एनुं ज्ञान विशेष वृद्धिमान करवुं; एथी तेओनां पवित्र पंच महाव्रत दृढ थशे; जिनेश्वरनां वचनामृतना अनुपम आनंदनी प्रसादि मळशे; मुनित्वआचार पाळवामां सरळ थइ पडशे; ज्ञान अने क्रिया विशुद्ध रहेवाथी सम्यक्त्वनो उदय थशे; परिणामे भवांत थइ जशे.

---

## शिक्षापाठ ८५. तत्त्वाववोध भाग ४.

जे जे श्रमणोपासक नवतत्त्व पठनरुपे पण जाणता नथी तेओए ते अवश्य जाणवां. जाण्या पछी वहु मनन करवां. समजाय तेटला गंभिर आशय गुरुगम्यताथी सद्भावे करीने समजवा. एथी आत्मज्ञान उज्ज्वळता पामशे; अने यमनियमादिकनुं वहु पालन थशे.

नवतत्त्व एटले तेनुं एक सामान्यगुंथनयुक्त पुस्तक होय ते नहीं; परंतु जे जे स्थळे जे जे विचारो ज्ञानीओए प्रणीत कर्या छे, ते ते विचारो नवतत्वमांना अमुक एक बे के विशेष तत्त्वना होय छे. केवळी भगवाने ए श्रेणिओथी सकळ जगत्मंडळ दर्शावी दीधुं छे; एथी जेम जेम नयादि भेदथी ए तत्त्वज्ञान मळशे तेम तेम अपूर्व आनंद अने निर्मळतानी प्राप्ति थशे; मात्र विवेक, गुरुगम्यता अने अप्रमाद जोइए. ए नवतत्त्वज्ञान मने बहु प्रिय छे. एना रसानुभवियो पण मने सदैव प्रिय छे.

काळभेदे करीने आ वखते मात्र मति अने श्रुत ए बे ज्ञान भरतक्षेत्रे विद्यमान छे; बाकीनां त्रण ज्ञान व्यवच्छेद छे; छतां जेम जेम पूर्णश्रद्धाभावथी ए नवतत्त्वज्ञानना विचारोनी गुफामां उतराय छे, तेम तेम तेना अंदर अद्भुत आत्मप्रकाश, आनंद, समर्थ तत्त्वज्ञाननी स्फूरणा, उत्तम विनोद अने गंभिर चळकाट दिंग् करी दइ, शुद्ध सम्यग् ज्ञाननो ते विचारो बहु उदय करे छे. स्याद्वाद वचनामृतना अनंत सुंदर आशय समजवानी शक्ति आ काळमां आ क्षेत्रथी विच्छेद गयेली छतां ते परत्वे जे जे सुंदर आशयो समजाय छे ते ते आशयो अति अति गंभिर तत्त्वथी भरेला छे. पुनःपुनः ते आशयो मनन कराय तो चार्वाकमतिना चंचळ मनुष्यने पण सद्धर्ममां स्थिर करी दे तेवा छे. संक्षेपमां सर्व प्रकारनी सिद्धि, पवित्रता, महाशीळ

निर्मळ उंडा अने गंभिर विचार, स्वच्छ वैराग्यनी भेट ए तत्त्वज्ञानथी मळे छे.

---

## शिक्षापाठ ८६. तत्त्वावबोध भाग ५.

एकवार एक समर्थ विद्वानसाथे निर्ग्रंथप्रवचननी चमत्कृति संबंधी वातचित थइ; तेना संबंधमां ते विद्वाने जणाव्युं के आटलुं हुं मान्य राखुं छउं के महावीर ए एक समर्थ तत्त्वज्ञानी पुरुष हता; एमणे जे बोध कर्यो छे, ते झीली लइ प्रज्ञावंत पुरुषोए अंग उपांगनी योजना करी छे; तेना जे विचारो छे ते चमत्कृत्ति भरेला छे; परंतु ए उपरथी लोकालोकनुं ज्ञान एमां रह्युं छे एम हुं कही न शकुं. एम छतां जो तमे कंइ ए संबंधी प्रमाण आपता हो तो हुं ए वातनी कंइ श्रद्धा लावी शकुं. एना उत्तरमां में एम कह्युं के हुं कंइ जैन वचनामृतने यथार्थ तो शुं पण विशेष भेदे करीने पण जाणतो नथी; पण जे सामान्य भावे जाणुं छउं एथी पण प्रमाण आपी शकुं खरो. पछी नवतत्त्वविज्ञान संबंधी वातचित नीकळी. में कह्युं एमां आखी सृष्टिनुं ज्ञान आवी जाय छे; परंतु यथार्थ समजवानी शक्ति जोइए. पछी तेओए ए कथननुं प्रमाण माग्युं, त्यारे आठ कर्म में कही बताव्यां; तेनी साथे एम सूचव्युं के ए शिवाय एनाथी भिन्न भाव दर्शावे एवुं नवमुं कर्म

शोधी आपो; पापनी अने पुण्यनी प्रकृतियो कहीने कह्युं आ शिवाय एक पण वधारे प्रकृति शोधी आपो. एम कहेतां अनुक्रमे वात लीधी. प्रथम जीवना भेद कही पूछयुं एमां कंइ न्यूनाधिक कहेवा मागो छो? अजीवद्रव्यना भेद कही पूछयुं. कंइ विशेषता कहो छो? एम नवतत्व संबंधी वातचित थइ त्यारे तेओए थोडीवार विचार करीने कह्युं आतो महावीरनी कहेवानी अद्भुत चमत्कृति छे के जीवनो एक नवो भेद मळतो नथी; तेम पापपुण्यादिकनी एक प्रकृति विशेष मळती नथी; अने नवमुं कर्म पण मळतुं नथी. आवा आवा तत्त्वज्ञानना सिद्धांतो जैनमां छे ए मारुं लक्ष नहोतुं आमां आखी सृष्टिनुं तत्वज्ञान केटलेक अंशे आवी शके खरुं.

---

# शिक्षापाठ ८७. तत्त्वावबोध भाग ६.

एनो उत्तर आ भणीथी एम थयो के हजु आप आटलुं कहो छो ते पण जैनना तत्त्वविचारो आपना हृदये आव्या नथी त्यांसुधी; परंतु हुं मध्यस्थताथी सत्य कहुं छउं के एमां जे विशुद्धज्ञान बताव्युं छे ते क्यांये नथी; अने सर्व मतोए जे ज्ञान बताव्युं छे ते महावीरना तत्त्वज्ञानना एक भागमां आवी जाय छे. एनुं कथन स्याद्वाद छे, एक पक्षी नथी.

तमे कह्युं के केटलेक अंशे सृष्टिनुं तत्त्वज्ञान एमां आवी शके खरुं; परंतु ए मिश्रवचन छे. अमारी समजवानी

अल्पज्ञताथी एम वने खरुं; परंतु एथी ए तत्त्वोमां कंइ अपूर्णता छे एमतो नथीज. आ कंइ पक्षपाती कथन नथी. विचार करी आखी सृष्टिमांथी ए शिवायनुं एक दशमुं तत्त्व शोधतां कोइ काळे ते मळनार नथी. ए संबंधी प्रसंगोपात आपणे ज्यारे वातचित अने मध्यस्थ चर्चा थाय त्यारे निःशंका थाय.

उत्तरमां तेओए कह्युं के आ उपरथी मने एम तो निःशंकता छे के जैन अद्भुत दर्शन छे. श्रेणिपूर्वक तमे मने केटलाक नवतत्त्वना भाग कही वताव्या एथी हुं एम वेधडक कही शकुं छउं के महावीर गुप्तभेदने पामेला पुरुष हता. एम सहजसाज वात करीने "उपन्नेवा" "विघनेवा" "धुवेवा" ए लब्धिवाक्य मने तेओए कह्युं. ते कही वताव्या पछी तेओए एम जणाव्युं के आ शब्दोना सामान्य अर्थमां तो कंइ चमत्कृति देखाती नथी; उपजवुं, नाश थवुं अने अचळता, एम ए त्रण शब्दोना अर्थ छे. परंतु श्रीमन् गणधरोए तो एम दर्शित कर्युं छे के ए वचनो गुरुमुखथी श्रवण करतां आगळना भाविक शिष्योने द्वादशांगीनुं आशय भरित ज्ञान थतुं हतुं ? ए माटे में कंइक विचारो पहोंचाडी जोया छतां मने तो एम लाग्युं के ए वनवुं असंभवित छे, कारण अति अति सूक्ष्म मानेलुं सिद्धांतिक ज्ञान एमां क्यांथी शमाय ? ए संबंधी तमे कंइ लक्ष पहोंचाडी शकशो?

---

## शिक्षापाठ ८८. तत्त्वावबोध भाग ७.

उत्तरमां में कहुं के आ काळमां त्रण महाज्ञान भारतथी विच्छेद छे; तेम छतां हुं कंइ सर्वज्ञ के महाप्रज्ञावंत नथी छतां मारुं जेटलुं सामान्य लक्ष पहोंचे तेटलुं पहोंचाडी कंइ समाधान करी शकीश, एम मने संभव रहेछे. त्यारे तेमणे कह्युं जो तेम संभव थतो होय तो ए त्रिपदी जीवपर "ना" ने "हा" विचारे उतरो. ते एम के जीव शुं उत्पत्तिरुप छे? तो के ना. जीव शुं विघ्नतारुप छे? तो के ना. जीव शुं ध्रुवतारुप छे? तो के ना. आम एक वखत उतारो अने बीजी वखत जीव शुं उत्पत्तिरुप छे? तो के हा. जीव शुं विघ्नतारुप छे? तो के हा. जीव शुं ध्रुवतारुप छे? तो के हा. आम उतारो. आ विचारो आखा मंडळे एकत्र करी योज्या छे. ए जो यथार्थ कही न शकाय तो अनेक प्रकारथी दूषण आवी शके. विघ्नरुपे होय ए वस्तु ध्रुवरुपे होय नहीं, ए पहेली शंका. जो उत्पत्ति, विघ्नता अने ध्रुवता नथी तो जीव कयां प्रमाणथी सिद्ध करशो? ए बीजी शंका. विघ्नता अने ध्रुवताने परस्पर विरोधाभास ए त्रीजी शंका. जीव केवळ ध्रुव छे तो उत्पत्तिमां हा कही ए असत्य. ए चोथो विरोध. उत्पन्न जीवनो ध्रुव भाव कहो तो उत्पन्न कोणे कर्यो? ए पांचमी शंका अने विरोध. अनादिपणुं जतुं रहेछे ए छट्ठी शंका. केवळ ध्रुव विघ्नरुपे छे एम कहो तो चार्वाकमिश्र वचन थयुं ए सातमो दोष. उत्पत्ति

अने विघ्नरुप कहेशो तो केवळ चार्वाकनो सिद्धांत ए आठमो दोष. उत्पत्तिनी ना, विघ्नतानी ना अने ध्रुवतानी ना कही पछी त्रणनी हा कही एना वळी पाछा छ दोष. एटले सर्वाळे चौद दोष. केवळ ध्रुवता जतां तीर्थंकरनां वचन त्रुटी जाय ए पंदरमो दोष. उत्पत्ति ध्रुवता लेतां कर्त्तानी सिद्धि थाय जेथी सर्वज्ञ वचन त्रुटी जाय ए सोळमो दोष. उत्पत्ति विघ्नतारुपे पापपुण्यादिकनो अभाव एटले धर्माधर्म सघळुं गयुं ए सत्तरमो दोष. उत्पत्ति विघ्नता अने सामान्य स्थितिथी (केवळ अचळ नहीं) त्रिगुणात्मक माया सिद्ध थायछे ए अढारमो दोष.

---

## शिक्षापाठ ८९. तत्त्वावबोध भाग ८.

एटला दोष ए कथनो सिद्ध न थतां आवे छे. एक जैनमुनिए मने अने मारा मित्रमंडळने एम कह्युं हतुं के जैनसप्तभंगी नय अपूर्व छे, अने एथी सर्व पदार्थ सिद्ध थाय छे. नास्ति, अस्तिना एमां अगम्यभेद रह्या छे. आ कथन सांभळी अमे बधा घेर आव्या पछी योजना करतां करतां आ लब्धिवाक्यनी जीवपर योजना करी. हुं धारुं छउं के एवी नास्ति अस्तिना बन्नेभाव जीवपर नही उतरी शके. लब्धिवाक्यो पण क्लेशरुप थइ पडशे. तोपण ए भणी मारी कंइ तिरस्कारनी द्रष्टि नथी.

आना उत्तरमां मैं कह्युं के आपे जे नास्ति अने अस्ति नय जीवपर उतारवा धार्यो ते सनिक्षेप शैलीथी नथी, एटले वखते एमांथी एकांतिक पक्ष लेइ जवाय; तेम वळी हुं कंइ स्याद्वाद शैलीनो यथार्थ जाणनार नथी, मंदमतिथी लेश भाग जाणुं छउं. नास्ति अस्ति नय पण आपे यथार्थ शैली पूर्वक उतार्यो नथी. एटले हुं तर्कथी जे उत्तर दइ शकुं ते आप सांभळो.

उत्पत्तिमां "ना" एवी जे योजना करी छे ते एम यथार्थ थइ शके के "जीव अनादि अनंत छे."

विघ्नतामां "ना" एवी जे योजना करी छे ते एम यथार्थ थइ शके के "एनो कोइ काळे नाश नथी."

ध्रुवतामां "ना" एवी जे योजना करी छे ते एम यथार्थ थइ शके के "एक देहमां ते सदैवने माटे रहेनार नथी."

---

## शिक्षापाठ ९०. तत्त्वावबोध भाग ९.

उत्पत्तिमां "हा" एवी जे योजना करी छे ते एम यथार्थ थइ शके के "जीवनो मोक्ष थया सुधी एक देहमांथी च्यवन पामी ते बीजा देहमां उपजे छे."

विघ्नतामां "हा" एवी जे योजना करी छे ते एम यथार्थ थइ शके के "ते जे देहमांथी आव्यो त्यांथी विघ्न

पाम्यो; वा क्षण क्षण प्रति एनी आत्मिक ऋद्धि विषयादिक मरणवडे रुंधाइ रही छे, ए रूपे विघ्नता योजी शकाय छे.

ध्रुवतामां "ह्रा" एवी जे योजना कही छे ते एम यथार्थ थइ शके के "द्रव्ये करी जीव कोइ काळे नाश रुप नथी, त्रिकाळ सिद्ध छे."

हवे एथी करीने एटले ए अपेक्षाओ लक्षमां राखतां योजेला दोप पण हुं धारुं छउं के टळी जशे.

१ जीव विघ्नरुपे नथी माटे ध्रुवता सिद्ध थइ. ए पहेलो दोप टळ्यो.

२ उत्पत्ति, विघ्नता अने ध्रुवता ए भिन्न भिन्न न्याये सिद्ध थइ; एटले जीवनुं सत्यत्व सिद्ध थयुं ए बीजो दोप गयो.

३ जीवनां सत्यस्वरुपे ध्रुवता सिद्ध थइ एटले विघ्नता गइ. ए त्रीजो दोप गयो.

४ द्रव्य भावे जीवनी उत्पत्ति असिद्ध थइ ए चोथो दोप गयो.

५ अनादि जीव सिद्ध थयो एटले उत्पत्ति संबंधीनो पांचमो दोप गयो.

६ उत्पत्ति असिद्ध थइ एटले कर्त्ता संबंधीनो छठ्ठो दोप गयो.

छे? एनुं कारण मात्र एटलुंज के ते ए शब्दनी वहोळताने समज्युं छे, किंवा एनुं लक्ष एवी अमुक वहोळताए पहोंच्युं छे; जेथी जगत् एम कहेतां एवडो मोटो मर्म समजी शकेछे; तेमज ऋजु अने सरळ सत्पात्र शिष्यो निर्ग्रंथ गुरुथी ए त्रण शब्दोनी गम्यता लइ द्वादशांगी ज्ञान पामता हता. आवी रीते ते लब्धि अल्पज्ञता छतां विवेक जोतां क्लेशरुप नथी.

---

## शिक्षापाठ ९२. तत्त्वावबोध भाग ११.

एमज नवतत्त्व संबंधी छे. जे मध्य वयना क्षत्रियपुत्र जगत् अनादि छे, एम बेधडक कही कर्त्ताने उडाव्यो हशे, ते ते पुरुषे शुं कंइ सर्वज्ञताना गुप्त भेद विना कर्युं हशे? तेम एनी निर्दोषता विषे ज्यारे आप वांचशो त्यारे निश्चय एवो विचार करशो के ए परमेश्वर हता. कर्त्ता नहोता अने जगत् अनादि हतुं तो तेम कह्युं. एना अपक्षपाती अने केवळ तत्त्वमय विचारो आपे अवश्य विशोधवा योग्य छे. जैन दर्शनना अवर्णवादीओ जैनने नथी जाणता एटले एने अन्याय आपे छे, ते ममत्वथी अधोगति सेवशे.

आ पछी केटलीक वातचित थइ. प्रसंगोपात ए तत्त्व विचारवानुं वचन लइने सहर्ष हुं त्यांथी उठ्यो हतो.

तत्त्वावबोधना संबंधमां आ कथन कहेवायुं, अनंतभेदथी भरेला ए तत्त्व विचारो काळभेदथी जेटला ज्ञेय थाय तेटला जाणवा; ग्राह्य थाय तेटला ग्रहवा; अने त्याज्य देखाय तेटला त्यागवा.

ए तत्त्वोने जे यथार्थ जाणेछे, ते अनंत चतुष्टयथी विराजमान थाय छे ए सत्य समजवुं; ए नवतत्त्वनां क्रमवार नाम मुकवामां पण अरधुं सूचवन जीवने मोक्षनी निकटतानुं जणाय छे!


---

## शिक्षापाठ ९३. तत्त्वावबोध भाग १२.

एतो तमारा लक्षमां छे के जीव अजीव ए अनुक्रमथी छेवटे मोक्ष नाम आवे छे. हवे ते एक पछी एक मूकी जइए तो जीव अने मोक्षने अनुक्रमे आद्यंत रहेवुं पडशे.

जीव.
अजीव.
पुण्य.
पाप.
आश्रव.
संवर.
निर्जरा.
बंध.
मोक्ष.

में आगळ कह्युं हतुं के ए नाम मुकवामां जीव अने
मोक्षने निकटता छे. छतां आ निकटता तो न थइ. पण
जीव अने अजीवने निकटता थइ. वस्तुतः एम नथी. अज्ञा-
नवडे तो ए बन्नेनेज निकटता रहीछे; पण ज्ञानवडे जीव
अने मोक्षने निकटता रहीछे जेमके :—




हवे जुओ ए बन्नेने कंइ निकटता आवी छे? हा.
कहेली निकटता आवी गइ छे. पण ए निकटता तो द्रव्य.
रुप छे. ज्यारे भावे निकटता आवे त्यारे सर्व सिद्ध थाय-
ए द्रव्य निकटतानुं साधन सत्परमात्मतत्त्व, सद्गुरुतत्त्व
अने सद्धर्मतत्त्व ओळखी सर्दहवुं ए छे. भावनिकटता
एटले केवल एकज रुप थवा ज्ञान, दर्शन अने चारित्र
साधनरुप छे.

ए चक्रथी एवी पण आशंका थाय के ज्यारे वन्ने निकट छे त्यारे शुं वाकीनां त्यागवां? उत्तरमां एम कहुं छुं के जो सर्व त्यागी शकता हो तो त्यागी द्यो, एटले मोक्षरूपज थशो. नहितो हेय, ज्ञेय, उपादेयनो वोध ल्यो, एटले आत्मसिद्धि प्राप्त थशे.

---

## शिक्षापाठ ९४. तत्त्वावबोध भाग १३.

जे जे हुं कही गयो ते ते: कंइ केवळ जैनकुळथी जन्म पामेला पुरुषने माटे नथी, परंतु सर्वने माटेछे. तेम आ पण निःशंक मानजो के हुं जे कहुं छउं ते अपक्षपाते अने परमार्थ बुद्धिथी कहुं छउं.

तमने जे धर्मतत्त्व कहेवानुं छे, ते पक्षपात के स्वार्थबुद्धिथी कहेवानुं मने कंइ प्रयोजन नथी; पक्षपात के स्वार्थथी हुं तमने अधर्मतत्त्व वोधी अधोगतिने शामाटे साधुं? वारंवार तमने हुं निर्ग्रंथनां वचनामृतो माटे कहुं छउं, तेनुं कारण ते वचनामृतो तत्त्वमां परिपूर्ण छे, ते छे. जिनेश्वरोने एवुं कोइपण कारण नहोतुं के ते निमित्ते तेओ मृषा के पक्षपाती वोधे; तेम एओ अज्ञानी नहता, के एथी मृषा वोधाइ जवाय. आशंका करशो के ए अज्ञानी नहोता ए शा उपरथी जणाय? तो तेना उत्तरमां एओना पवित्र सिद्धांतोनां रहस्यने मनन करवानुं कहुं छउं. अने एम जे करशे ते तो पुनःआशंका लेश पण नहीं करे. जैनमतप्रव-

र्त्तकोप्रति मारे कंइ राग बुद्धि नथी, के एमाटे पक्षपाते हुं कंइपण तमने कहुं; तेमज अन्यमत प्रवर्त्तकोप्रति मारे कंइ वैरबुद्धि नथी के मिथ्या एनुं खंडन करुं बन्नेमां हुंतो मंद-मति मध्यस्थरुप छउं. बहु बहु मननथी अने मारी मति ज्यांसुधी पहोंची त्यांसुधीना विचारथी हुं विनयथी कहुं छउं, के प्रिय भव्यो! जैन जेवुं एके पूर्ण अने पवित्र दर्शन नथी; वीतराग जेवो एके देव नथी, तरीने अनंत दुःखथी पार पामवुं होय तो ए सर्वज्ञ दर्शनरुप कल्पवृक्षने सेवो.

---

## शिक्षापाठ ९९. तत्त्वावबोध भाग १८.

जैन ए एटली बधी सूक्ष्म विचार संकळनाथी भरेलुं दर्शन छे के एमां प्रवेश करतां पण बहु वखत जोइए. उपर उपरथी के कोइ प्रतिपक्षीना कहेवाथी अमुक वस्तु संबंधी अभिप्राय बांधवो के आपवो ए विवेकीनुं कर्त्तव्य नथी. एक तळाव संपूर्ण भर्युं होय, तेनुं जळ उपरथी समान लागे छे; पण जेम जेम आगळ चालीए छीए तेम तेम वधारे वधारे उंडापणु आवतुं जाय छे; छतां उपरतो जळ सपाटज रहेछे; तेम जगत्‌ना सघळा धर्ममतो एक तळाव रुप छे, तेने उपरथी सामान्य सपाटी जोइने सरखा कही देवा ए उचित नथी. एम कहेनारा तत्त्वने पामेला पण नथी. जैनना अकेका पवित्र सिद्धांतपर विचार करतां आयुष्य पूर्ण थाय, तोपण पार पमाय नहीं तेम रह्युं छे. बाकीना

सघळा धर्ममतोना विचार जिनप्रणीत वचनामृतसिंधु आगळ एक बिंदुरुप पण नथी. जैनमत जेणे जाण्यो, अने सेव्यो ते केवळ निरागी अने सर्वज्ञ थइ जाय छे. एना प्रवर्त्तको केवा पवित्र पुरुषो हता! एना सिद्धांतो केवा अखंड संपूर्ण अने दयामय छे! एमां दूषणतो कांइ छेज नहिं! केवळ निर्दोष तो मात्र जेनुं दर्शन छे! एवो एके पारमार्थिक विषय नथी के जे जैनमां नहीं होय अने एवुं एके तत्त्व नथी के जे जैनमां नथी; एक विषयने अनंत भेदे परिपूर्ण कहेनार ते जैनदर्शन छे. प्रयोजनभूततत्त्व एना जेवुं क्यांय नथी. एक देहमां बे आत्मा नथी; तेम आखी सृष्टिमां बे जैन एटले जैननी तूल्य बीजुं दर्शन नथी. आम कहेवानुं कारण शुं? तो मात्र तेनी परिपूर्णता, निरागीता, सत्यता अने जगद् हितेषिता.

---

## शिक्षापाठ ९६. तत्त्वावबोध भाग १५.

न्यायपूर्वक आटलुं मारे पण मान्य राखवुं जोइए के ज्यारे एक दर्शनने परिपूर्ण कही वात सिद्ध करवी होय त्यारे प्रतिपक्षनी मध्यस्थ बुध्धिथी अपूर्णता दर्शाववी जोइए. पण ए बे वातपर विवेचन करवा जेटली अहीं जग्यो नथी; तोपण थोडुं थोडुं कहेतो आव्यो छउं. मुख्यत्वे कहेवानुं के ए वात जेने रुचिकर थती न होय के असंभवित लागती होय तेणे जैनतत्त्वविज्ञानी शास्त्रो अने अन्यतत्त्वविज्ञानी

शास्त्रो मध्यस्थ बुध्धिथी मनन करी न्यायने कांटे तोलन करवुं. ए उपरथी अवश्य एटलुं महावाक्य नीकळशे, के जे आगळ नगारापर डांडी ठोकीने कहेवायुं हतुं ते खरुं छे.

जगत् गाडरियो प्रवाह छे. धर्मना मतभेद संबंधीना शिक्षापाठमां दर्शाव्या प्रमाणे अनेक धर्ममतनी जाळ लागी पडी छे. विशुध्ध आत्मा कोइकज थायछे. विवेकथी तत्त्वने कोइकज शोधे छे. एटले जैन तत्त्वने अन्यदर्शनियो शामाटे जाणता नथी ए खेद के आशंका करवा जेवुंज नथी.

छतां मने बहु आश्चर्य लागे छे के केवळ शुध्ध परमात्मतत्त्वने पामेला, सकळ दूषणरहित, मृषा कहेवानुं जेने कंइ निमित्त नथी एवा पुरुषनां कहेलां पवित्रदर्शनने पोते तो जाण्युं नहीं, पोताना आत्मानुं हित तो कर्युं नहीं, पण अविवेकथी मतभेदमां आवी जइ केवळ निर्दोष अने पवित्र दर्शनने नास्तिक शा माटे कह्युं हशे ? पण ए कहेनारा एनां तत्त्वने जाणता नहोता. वळी एनां तत्त्वने जाणवाथी पोतानी श्रध्धा फरशे, त्यारे लोको पछी पोताना आगळ कहेला मतने गांठशे नहीं; जे लौकिक मतमां पोतानी आजीविका रही छे, एवा वेदादिनी महत्ता घटाडवाथी पोतानी महत्ता घटशे; पोतानुं मिथ्या स्थापित करेलुं परमेश्वर पद चालशे नहीं. एथी जैनतत्त्वमां प्रवेश करवानी रुचिने मूळथीज बंध करवा लोकोने एवी भ्रमभुरकी आपी के जैन नास्तिक छे. लोको तो बिचारा गभरुगाडर छे;

एटले पछी विचार पण क्यांथी करे ? ए कहेवुं केटलुं मृषा अने अनर्थकारक छे ते जेणे वीतराग प्रणीत सिद्धांतो विवेकथी जाण्या छे, ते जाणे. मारुं कहेवुं मंदबुद्धिओ वखते पक्षपातमां लइ जाय.

---

## शिक्षापाठ ९७. तत्त्वावबोध भाग १६.

पवित्र जैन दर्शनने नास्तिक कहेवरावनाराओ एक मिथ्या दलीलथी फाववा इच्छेछे, के जैनदर्शन आ जगत्ना कर्त्ता परमेश्वरने मानतुं नथी. अने जगत्कर्त्ता परमेश्वरने जे नथी मानता ते तो नास्तिकज छे, एवी मानी लीधेली वात भद्रिकजनोने शीघ्र चोंटी रहे छे. कारण तेओमां यथार्थ विचार करवानी प्रेरणा नथी. पण जो ए उपरथी एम विचारमां आवे के त्यारे जैन जगत्ने अनादि अनंत कहे छे ते कया न्यायथी कहेछे ? जगत्कर्त्ता नथी एम कहेवामां एमनुं निमित्त शुं छे ? एम एक पछी एक भेदरूप विचारथी तेओ जैननी पवित्रतापर आवी शके. जगत् रचवानी परमेश्वरने जरुर शी हती ? रच्युं तो सुख दुःख मूकवानुं कारण शुं हतुं ? रचीने मोत शा माटे मूक्युं ? ए लीला कोने बतावबी हती ? रच्युं तो क्यां कर्मथी रच्युं ? ते पहेलां रचवानी इच्छा कां नहोती ? इश्वर कोण ? जगत्ना पदार्थ कोण ? अने इच्छा कोण ? रच्युं तो जगत्मां एकज धर्मनुं प्रवर्त्तन राखवुं हतुं; आम भ्रमणमां नाखवानी जरुर

शी हती? कदापी एम मानो के ए विचारानी भूल थइ ! हशे ! क्षमा करीए ! पण एवुं दोढडहापण क्यांथी सूज्युं के एनेज मूळथी उखेडनार एवा महावीर जेवा पुरुषोने जन्म आप्यो ? एनां कहेलां दर्शनने जगत्मां विद्यमानता कां आपी? पोताना पगपर हाथे करीने कुहाडो मारवानी एने शुं अवश्य हती? एक तो जाणे ए प्रकारे विचार, अने बाकी बीजा प्रकारे ए विचार के जैनदर्शन प्रवर्त्तकोने एनाथी कंइ द्वेष हतो? जगत्कर्त्ता होत तो एम कहेवाथी एओना लाभने कंइ हानि पहोंचती हती ? जगत्कर्त्ता नथी, जगत् अनादि अनंत छे; एम कहेवामां एमने कंइ महत्ता मळी जती हती? आवा अनेक विचारो विचारतां जणाइ आवशे के जगतनुं स्वरुप छे तेमज ते पवित्र पुरुषोए कह्युं छे. एमां भिन्नभाव कहेवानुं एमने लेशमात्र प्रयोजन नहोतुं. सूक्ष्ममांसूक्ष्म जंतुनी रक्षा जेणे प्रणीत करीछे, एक रजकणथी करीने आखा जगत्ना विचारो जेणे सर्व भेदे कह्याछे तेवा पुरुषोनां पवित्र दर्शनने नास्तिक कहेनारा कयि गतिने पामशे ए विचारतां दया आवे छे?

---

## शिक्षापाठ ९८. तत्वावबोध भाग १७.

जे न्यायथी जय मेळवी शकतो नथी; ते पछी गाळो भांडे छे; तेम पवित्र जैनना अखंड तत्त्वसिद्धांतो शंकराचार्य, दयानंद सन्यासी वगेरे ज्यारे तोडी न शक्या त्यारे पछी

जैन नास्तिक है, सो चार्वाकमेंसे उत्पन्न हुआ है एम कहेवा मांड्युं. पण ए स्थळे कोइ प्रश्न करे, के महाराज! ए विवेचन तमे पछी करो. एवा शब्दो कहेवामां कंइ वखत विवेक के ज्ञान जोइतुं नथी; पण आनो उत्तर आपो के जैन वेदथी कयि वस्तुमां उतरतो छे; एनुं ज्ञान, एनो बोध, एनुं रहस्य, अने एनुं सत्शील केवुं छे ते एकवार कहो? आपना वेद विचारो कयी बाबतमां जैनथी चढे छे? आम ज्यारे मर्मस्थानपर आवे त्यारे मौनता शीवाय तेओ पासे बीजुं कंइ साधन रहे नहीं. जे सत्पुरुषोनां वचनामृत अने योगबळथी आ सृष्टिमां सत्यदया, तत्त्वज्ञान अने महाशील उदय पामेछे, ते पुरुषो करतां जे पुरुषो शृंगारमां राच्या पच्या छे, सामान्य तत्त्वज्ञानने पण नथी जाणता, जेनो आचार पण पूर्ण नथी, तेने चढता कहेवा परमेश्वरने नामे स्थापवा अने सत्यस्वरुपनी अवर्ण भाषा बोलवी, परमात्म स्वरुप पामेलाने नास्तिक कहेवा, ए एमनी केटली बधी कर्मनी बहोलतानुं सूचवन करे छे? परंतु जगत् मोहांध छे; मतभेद छे त्यां अंधारुं छे. ममत्व के राग छे त्यां सत्य तत्त्व नथी. ए वात आपणे शा माटे न विचारवी?

हुं एक मुख्य वात तमने कहुं छउं के जे ममत्वरहितनी अने न्यायनी छे. ते ए छे के गमे ते दर्शनने तमे मानो; गमे तो, पछी तमारी द्रष्टिमां आवे तेम जैनने कहो, सर्व दर्शननां शास्त्रतत्त्वने जुओ तेम जैनतत्त्वने पण जुओ स्वतंत्र आत्मिकशक्तिए जे योग्य लागे ते अंगीकार करो. मारुं के

वीजा गमे तेनुं भले एकदम तमे मान्य न करो पण तत्त्वने विचारो?

---

## शिक्षापाठ ९९. समाजनी अगत्य.

आंग्लभौमियो संसार संबंधी अनेक कळा कौशल्यमां शाथी विजय पाम्या छे? ए विचार करतां आपणने तत्काल जणाशे के तेओनो बहु उत्साह अने ए उत्साहमां अनेकनुं मळवुं. कळाकौशल्यना ए उत्साही काममां ए अनेक पुरुषोनी उभी थएली सभा के समाजे परिणाम शुं मेळव्युं? तो उत्तरमां एम आवशे के लक्ष्मी, कीर्त्ति अने अधिकार. ए एमनां उदाहरण उपरथी ए जातिनां कळाकौशल्यो शोधवानो हुं अहीं बोध करतो नथी; परंतु सर्वज्ञ भगवाननुं कहेलुं गुप्त तत्त्व प्रमाद स्थितिमां आवी पडयुं छे, तेने प्रकाशित करवा तथा पूर्वाचार्योनां गुंथेलां महान शास्त्रो एकत्र करवा, पडेला गच्छना मतमतांतरने टाळवा तेमज धर्मविद्याने प्रफुल्लित करवा सदाचरणी श्रीमंत अने धीमंत बन्नेए मळीने एक महान समाज स्थापन करवानी अवश्य छे, एम दर्शावुं छउं. पवित्र स्याद्वादमतनुं ढंकायलुं तत्त्व प्रसिद्धिमां आणवा ज्यां सुधी प्रयोजन नथी, त्यां सुधी शासननी उन्नति पण नथी. लक्ष्मी, कीर्त्ति अने अधिकार संसारी कळाकौशल्यथी मळे छे, परंतु आ धर्मकळाकौशल्यथी तो सर्व सिद्धि सांपडशे. महान् समाजना अंतर्गत उपसमाज

स्थापवा. वाडामां वेसी रहेवा करतां मतमतांतर तजी एम करवुं उचित छे. हुं इच्छुं छउं के ते कृतनी सिद्धि थइ जैनांतर्गच्छ मतभेद टळो; सत्य वस्तु उपर मनुष्यमंडळनुं लक्ष आवो; अने ममत्व जाओ!

---

## शिक्षापाठ १००. मनोनिग्रहनां विघ्न.

वारंवार जे वोध करवामां आव्यो छे तेमांथी मुख्य तात्पर्य नीकळे छे ते ए छे के आत्माने तारो अने तारवा माटे तत्त्वज्ञाननो प्रकाश करो; तथा सत्शीलने सेवो. ए प्राप्त करवा जे जे मार्ग दर्शाव्या ते ते मार्ग मनोनिग्रहताने आधीन छे. मनोनिग्रहता थवा लक्षनी वहोळता करवी जरुरनी छे. वहोळतामां विघ्नरुप नीचेना दोष छे.

| | | | |
|---|---|---|---|
| १ | आळस. | ११ | तुच्छवस्तुथी आनंद. |
| २ | अनियमित उंघ. | १२ | रसगारवलुब्धता. |
| ३ | विशेष आहार. | १३ | अतिभोग. |
| ४ | उन्माद प्रकृति. | १४ | पारकुं अनिष्ट इच्छवुं. |
| ५ | मायाप्रपंच. | १५ | कारणविनानुं रळवुं. |
| ६ | अनियमित काम. | १६ | झाझानो स्नेह. |
| ७ | अकरणीयविलास. | १७ | अयोग्यस्थळे जवुं. |
| ८ | मान. | १८ | एके उत्तम नियम |

९ मर्यादाउपरांतकाम. साध्य न करवो.

१० आपवडाइ.

ज्यांसुधी आ अष्टादश विघ्नथी मननो संबंधछे, त्यां सुधी अष्टादश पापस्थानक क्षय थवानां नथी. आ अष्टादश दोष जवाथी मनोनिग्रहता अने धारेली सिद्धि थइ शकेछे. ए दोष ज्यांसुधी मनथी निकटता धरावेछे त्यांसुधी कोइपण मनुष्य आत्मसार्थक करवानो नथी. अति भोगने स्थळे सामान्य भाग नहीं, पण केवळभोग त्यागवृत्त जेणे थयुंछे, तेमज ए एके दोषनुं मूळ जेनां हृदयमां नथी ते सत्पुरुष महद्भागी छे.

---

## शिक्षापाठ १०१. स्मृतिमां राखवायोग्य महावाक्यो.

१ एक भेदे नियम ए आ जगत्नो प्रवर्त्तक छे.

२ जे मनुष्य सत्पुरुषोनां चरित्ररहस्यने पामेछे ते मनुष्य परमेश्वर थायछे.

३ चंचळ चित्त ए सर्व विषम दुःखनुं मूळियुं छे.

४ झाझानो मेळाप अने थोडा साथे अति समागम ए बन्ने समान दुःखदायक छे.

५ समस्वभाविनुं मळवुं एने ज्ञानीओ एकांत कहेछे.

६ इंद्रियो तमने जीते अने सुख मानो ते करतां तेने तमे जीतवामांज सुख, आनंद अने परमपद प्राप्त करशो.

७ रागविना संसार नथी अने संसारविना राग नथी.

८ युवावयनो सर्व संग परित्याग परमपदने आपेछे.

९ ते वस्तुना विचारमां पहोंचो के जे वस्तु अतींद्रिय स्वरुप छे.

१० गुणीना गुणमां अनुरक्त थाओ.

---

## शिक्षापाठ १०२. विविध प्रश्नो भाग १.

आजे तमने हुं केटलांक प्रश्नो निर्ग्रंथप्रवचनानुसार उत्तर आपवा माटे पूछुं छउं. कहो धर्मनी अगत्य शी छे?

उ०—अनादि काळथी आत्मानी कर्मजाळ टाळवा माटे.

प्र०—जीव पहेलो के कर्म?

उ०—बन्ने अनादि छे. जीव पेहेलो होय तो ए विमळ वस्तुने मळ वळगवानुं कंइ निमित्त जोइए. कर्म पेहेलां कहो तो जीव विना कर्म कर्यां कोणे? ए न्यायथी बन्ने अनादि छे.

प्र०—जीव रुपी के अरुपी?

उ०—रुपी पण खरो; अने अरुपी पण खरो.

प्र०—रुपी कया न्यायथी अने अरुपी कया न्यायथी ते कहो ?

उ०—देह निमित्ते रुपी अने स्वस्वरुपे अरुपी.

प्र०—देह निमित्त शाथी छे ?

उ०—स्वकर्मना विपाकथी.

प्र०—कर्मनी मुख्य प्रकृतियो केटली छे ?

उ०—आठ.

प्र०—कयि कयि ?

उ०—ज्ञानावरणीय, दर्शनावरणीय, वेदनीय, मोहनीय, आयु, नाम, गोत्र अने अंतराय.

प्र०—ए आठे कर्मनी सामान्य समज कहो ?

उ०—ज्ञानावरणीय, एटले आत्मानी ज्ञान संबंधीनी जे अनंतशक्ति छे तेने आच्छादन थइ जवुं ते. दर्शनावरणीय एटले आत्मानी जे अनंत दर्शनशक्तिछे तेने आच्छादन थइ जवुं ते. वेदनीय एटले देहनिमित्ते साता असाता बे प्रकारनां वेदनीय कर्म एथी अव्याबाध सुखरुप आत्मानी शक्ति रोकाइ रहेवी ते. मोहनीय कर्म एटले आत्मचारित्र रुप शक्ति रोकाइ रहेवी ते. आयुकर्म एटले अक्षय स्थिति गुण रोकाइ रहेवो ते. नामकर्म एटले अमूर्त्तिरुप दिव्य शक्ति रोकाइ रहेवी ते. गोत्रकर्म एटले अटल अवगाहनारुप आत्मिकशक्ति रोकाइ

रहेवी ते. अंतराय कर्म एटले अनंत दान, लाभ, वीर्य, भोगोपभोग शक्ति रोकाइ रहेवी ते.

---

## शिक्षापाठ १०३. विविध प्रश्नो भाग २.

प्र०—ए कर्मो टळवाथी आत्मा क्यां जायछे?

उ०—अनंत अने शाश्वत मोक्षमां.

प्र०—आ आत्मानो मोक्ष कोइवार थयो छे?

उ०—ना.

प्र०—कारण?

उ०—मोक्ष थयेलो आत्मा कर्ममल रहित छे. एथी पुनर्जन्म एने नथी.

प्र०—केवळीनां लक्षण शुं?

उ०—चार घनघाती कर्मनो क्षय करी शेष चार कर्मने पातळां पाडी जे पुरुष त्रयोदश गुणस्थानकवर्त्ती विहार करेछे ते.

प्र०—गुणस्थानक केटलां?

उ०—चौद.

प्र०—तेनां नाम कहो?

उ०—१ मिथ्यात्वगुणस्थानक. २ सास्वादन (सासादन) गुणस्थानक. ३ मिश्रगुणस्थानक. ४ अविरातिसम्य-

ग्दृष्टि गुणस्थानक. ५ देशविरतिगुणस्थानक. ६ प्रमत्तसंयतगुणस्थानक. ७ अप्रमत्तसंयतगुणस्थानक. ८ अपूर्वकरण गुणस्थानक. ९ अनिवृत्तिबादरगुणस्थानक. १० सूक्ष्मसंपरायगुणस्थानक. ११ उपशांतमोहगुणस्थानक. १२ क्षीणमोहगुणस्थानक १३. सयोगीकेवळीगुणस्थानक. १४ अयोगी केवळीगुणस्थानक.

---

## शिक्षापाठ १०४. विविध प्रश्नो भाग ३.

प्र०—केवळी अने तीर्थंकर ए बन्नेमां फेर शो?

उ०—केवळी अने तीर्थंकर शक्तिमां समान छे; परंतु तीर्थंकरे पूर्वे तीर्थंकर नामकर्म उपार्ज्युं छे; तेथी विशेषमां बार गुण अने अनेक अतिशय प्राप्त करेछे.

प्र०—तीर्थंकर पर्यटन करीने शा माटे उपदेश आपेछे? ए तो निरागी छे?

उ०—तीर्थंकर नामकर्म जे पूर्वे बांध्युं छे ते वेदवा माटे तेओने अवश्य तेम करवुं पडेछे.

प्र०—हमणां प्रवर्त्ते छे ते शासन कोनुं छे?

उ०—श्रमण भगवान् महावीरनुं.

प्र०—महावीर पहेलां जैनदर्शन हतुं?

उ०—हा.

प्र०-ते कोणे उत्पन्न कर्युं हतुं ?

उ०-ते पहेलानां तीर्थंकरोए.

प्र०-तेओना अने महावीरना उपदेशमां कंइ भिन्नता खरी के ?

उ०-तत्त्वस्वरुपे एकज छे. भिन्न भिन्न पात्रने लइने उपदेश होवाथी अने कंइक काळभेद होवाथी सामान्य मनुष्यने भिन्नता लागे खरी; परंतु न्यायथी जोतां ए भिन्नता नथी.

प्र०-एओनो मुख्य उपदेश शुं छे ?

उ०-आत्माने तारो; आत्मानी अनंतशक्तियोनो प्रकाश करो; एने कर्मरुप अनंत दुःखथी मुक्त करो ए.

प्र०—ए माटे तेओए कयां साधनो दर्शाव्यां छे ?

उ०—व्यवहारनयथी सद्देव, सद्धर्म, अने सद्गुरुनुं स्वरुप जाणवुं; सद्देवना गुणग्राम करवा; त्रिविध धर्म आचरवो अने निर्ग्रंथ गुरुथी धर्मनी गम्यता पामवी ते.

प्र०-त्रिविध धर्म कयो ?

उ०—सम्यग्ज्ञानरुप, सम्यग्दर्शनरुप अने सम्यक्-चारित्ररुप.

---

# शिक्षापाठ १०५. विविध प्रश्नो भाग ४.

प्र०—आवुं जैनदर्शन ज्यारे सर्वोत्तम छे. त्यारे सर्व आत्माओ एना बोधने कां मानता नथी?

उ०—कर्मनी बाहुल्यताथी, मिथ्यात्वनां जामेलां दळियांथी, अने सत्समागमना अभावथी.

प्र०—जैनना मुनियोना मुख्य आचाररुप शुं छे?

उ०—पांच महाव्रत्त, दशविधि यतिधर्म, सप्तदशविधिसंयम, दशविधि वैयाव्रत्य, नवविधि ब्रह्मचर्य, द्वादश प्रकारनो तप, क्रोधादिक चार प्रकारना कषायनो निग्रह; विशेषमां ज्ञान, दर्शन, चारित्रनुं आराधन इत्यादिक अनेक भेदछे.

प्र०—जैनमुनियोना जेवांज सन्यासियोनां पंचयाम छे; अने बौद्धधर्मनां पांच महाशील छे. एटले ए आचारमां तो जैनमुनियो अने सन्यासियो तेमज बौद्धमुनियो सरखा खरा के?

उ०—नहीं.

प्र०—केम नहीं?

उ०—एओनां पंचयाम अने पंचमहाशील अपूर्ण छे. महाव्रत्तना प्रतिभेद जैनमां अति सूक्ष्मछे. पेला बेना स्थूळछे.

प्र०—सूक्ष्मताने माटे द्रष्टांत आपो जोइए?

उ०—द्रष्टांत देखीतुं छे. पंचयामियो कंदमूळादिक अभक्ष्य खायछे; सुखशय्यामां पोढेछे; विविध जातनां वाहनो

अने पुष्पनो उपभोग लेछे; केवळ शीतळ जळथी तेओनो व्यवहारछे. रात्रिये भोजन लेछे. एमां थतो असंख्याता जंतुनो विनाश, ब्रह्मचर्यनो भंग ए आदिनी सूक्ष्मता तेओना जाणवामां नथी. तेमज मांसादिक अभक्ष्य अने सुखशीलियां साधनोथी बौध्धमुनियो युक्तछे. जैन मुनियो तो एथी केवळ विरक्तछे.

---

## शिक्षापाठ १०६. विविध प्रश्नो भाग ५.

प्र०–वेद अने जैन दर्शनने प्रतिपक्षता खरी के ?

उ०–जैनने कंइ असमंजस भावे प्रतिपक्षता नथी; परंतु सत्यथी असत्य प्रतिपक्षी गणायछे, तेम जैनदर्शनथी वेदनो संबंध छे.

प्र०—ए बेमां सत्यरुप तमे कोने कहोछो ?

उ.—पवित्र जैनदर्शनने.

प्र.—वेददर्शनियो वेदने कहेछे तेनुं केम ?

उ०—एतो मतभेद अने जैनना तिरस्कार माटेछे; परंतु न्यायपूर्वक बन्नेनां मूळतत्त्वो आप जोइ जजो.

प्र०—आटलुं तो मने लागेछे के महावीरादिक जिनेश्वरनुं कथन न्यायना कांटापरछे; परंतु जगत्कर्त्ता तेओना कहेछे, अने जगत् अनादि अनंतछे एम कहेछे ते विषे

कंइ कंइ शंका थायछे के आ असंख्यात द्वीपसमुद्रयुक्त जगत् वगर बनाव्ये क्यांथी होय?

उ०—आपने ज्यांसुधी आत्मानी अनंत शक्तिनी लेश पण दिव्य प्रसादी मळी नथी त्यांसुधी एम लागे छे; परंतु तत्त्वज्ञाने एम नहीं लागे. "सम्मतितर्क" आदि ग्रंथनो आप अनुभव करशो एटले ए शंका नीकळी जशे.

प्र०—परंतु समर्थ विद्वानो पोतानी मृषा वातने पण द्रष्टांतादिकथी सिद्धांतिक करी देछे; एथी ए त्रुटी शके नहीं पण सत्य केम कहेवाय?

उ०—पण आने कंइ मृषा कथवानुं प्रयोजन नहोतुं, अने पळभर एम मानीए, के एम आपणने शंका थइ के ए कथन मृषा हशे तो पछी जगत्कर्त्ताए एवा पुरुषने जन्म पण कां आप्यो? नामबोळक पुत्रने जन्म आपवा शुं प्रयोजन हतुं? तेम वळी ए पुरुषो सर्वज्ञ हता; जगत्कर्त्ता सिद्ध होत तो एम कहेवाथी तेओने कंइ हानि नहोती.

---

## शिक्षापाठ १०७. जिनेश्वरनी वाणी.

### मनहर छंद.

अनंत अनंत भाव भेदथी भरेली भली,
अनंत अनंत नय निक्षेपे व्याख्यानी छे,

सकळ जगत् हितकारिणी हारिणी मोह,
तारिणी भवाब्धि मोक्षचारिणी प्रमाणी छे;
उपमा आप्यानी जेने तमा राखवी ते व्यर्थ,
आपवार्थी निज मति मपाइ में मानी छे;
अहो ! राज्यचंद्र बाल ख्याल नथी पामता ए,
जिनेश्वर तणी वाणी जाणी तेणे जाणी छे. १

---

## शिक्षापाठ १०८. पूर्णमालिका मंगल.

### उपजाति.

तपोपध्याने रविरुप थाय,
ए साधिने सोम रही सुहाय;
महान ते मंगळ पंक्ति पामे;
आवे पछी ते बुधना प्रणामे. १

निर्ग्रंथ ज्ञाता गुरु सिद्ध दाता,
कांतो स्वयं शुक्र प्रपूर्ण ख्याता;
त्रियोग त्यां केवळ मंद पामे,
स्वरुप सिद्धे विचरी विरामे. २

---

# शुद्धिपत्रक.

| पृष्ट | पंक्ति | अशुद्ध | शुद्ध |
|---|---|---|---|
| १ | १८ | कीर्ति | कीर्त्ति |
| २ | ७ | वचनां | वचनो |
| ,, | ९ | शुचिच | शुचिच- |
| ,, | १३ | अर्हत | अर्हत् |
| ८ | २८ | योग्यक्षेम | योगक्षेम |
| ११ | ९ | पळाळती हती | पळाळती हती. |
| ,, | १९ | विडवना | विडंबना |
| १२ | ३ | परत्मा | परमात्मा |
| १५ | ४ | सदच्चिदानंद | सच्चिदानंद |
| ,, | ६ | सतुदेव | सद्देव |
| १९ | २३ | निर्गथ | निर्ग्रंथ |
| २० | ११ | गृहाश्रमथा | ग्रहाश्रमथी |
| २२ | १३ | जुगुप्सा | जुगुप्सा, |
| २४ | ५ | उत्पन्न | उत्पन्न थायछे, |
| २७ | १३ | भगवंत कहो. | भवंत कहो. |
| ३१ | १६ | आवा | आवां |

| | | | |
|---|---|---|---|
| ,, | २१ | तिर्यंचना | तिर्यंचनां |
| ३२ | १७ | हेतुथी | गतिथी |
| ,, | ,, | केटलाक | केटलांक |
| ३६ | ९ | शंकट | शकट |
| ,, | १२ | अधोपमा | अधो उपमा |
| ३८ | २० | प्रासादी | प्रसादी |
| ३९ | १९ | देखाडुं, | देखाडुं. |
| ४३ | १६ | कोट्या त्रिधि | कोट्या वधि |
| ४४ | १५ | त्रोध | वोध |
| ४५ | २२ | लागे | लागे, |
| ४६ | ८ | जाय, | मळतुं जाय, |
| ,, | १५ | उत्पत्ति | उपपति |
| ४७ | १० | साधु | साधुं |
| ४९ | १७ २० | ठायंमि | ठायंमि' |
| ५१ | ७ | ,, | ,, |
| ५४ | १३ | आज्ञा | आज्ञा |
| ,, | २४ | बुद्धिशाळा | बुद्धिशाळी |
| ५५ | ३ | धर्ममत | धर्ममत |
| ५६ | २१ | जीवे | जीव तेले |

| | | | |
|---|---|---|---|
| ५७ | ६ | नथी. | नथी." |
| " | २१ | रुंधन | रुंधन |
| ६३ | १० | मूळ | मुळे |
| ६९ | ३ | नथी | नथी. |
| " | २० | करीने; | करीने |
| ७३ | ९ | भींतादिक | भींतादिकने |
| ७६ | १० | थाय; | थाय, |
| " | २० | वाधेछे. | वांधेछे. |
| " | २१ | रात्रनां | रात्रिनां |
| ७८ | २१ | स्वप्नु | स्वप्न |
| ७९ | ८ | स्वप्नामां | स्वप्नमां |
| " | १० | चढी आव्यो; | चढी आव्या; |
| " | ११ | लाग्या. | लाग्या; |
| " | १९ | पड्यो छे | पड्यो छे; |
| " | २० | पडी हती; | पडी हती |
| ८० | ८–९, १०–१२, १७–२१ | स्वप्नां | स्वप्नं |
| ८१ | ३–५ | ; | , |
| " | १० | पाणीना | पाणीनां |
| ८३ | ११ | , | . |

| | | | |
|---|---|---|---|
| ,, | १६ | जाण्युं | सांभळ्युं |
| ,, | १९ | निर्गंथ | निर्ग्रंथ |
| ८५ | ४ | आघीन | अधीन |
| ९३ | २२ | छडाय | छंडाय |
| ९५ | २२ | पछी | पळ |
| ९७ | १५ | दर्शनादिं | दर्शनादि |
| ९८ | १८ | जोवाथी | जोवानी |
| १०४ | ८ | पित | पित्त |
| १०५ | १६ | व्यावहारिक | व्यवहारिक |
| १०९ | ११ | बोध छे, | बोधे छे, |
| ११२ | ५ | शदोष | सदोष |
| ,, | १३ | प्रत्येक्ष | प्रत्यक्ष |
| ,, | १९ | अनुसारे | अनुसार |
| १२१ | ८ | आवीश. | आवीश, |
| १२२ | ११ | वस्वते | वखते |
| १२३ | ३ | पुत्रना | पुत्रनां |
| ,, | ४ | पाम्या | पाम्यां |
| ,, | १२ | वेदनी | वेदनीय |
| ,, | १३ | सतशास्त्रो | सत्शास्त्रो |
| ,, | २२–२३ | शके;-शके. | शके, |

| | | | |
|---|---|---|---|
| १२६ | २१ | चहातो | चाहतो |
| १२८ | ५ | आरभ | आरंभ |
| १२९ | ७ | मम्भाव | समभाव |
| १३२ | ३ | अभ्यास | अभ्यासे |
| १३४ | ६ | क्रिडा | क्रीडा |
| ,, | १० | उत्पति | उत्पत्ति |
| १४० | १४ | परिणामें | परिणामे |
| १४१ | ९ | सहीत | सहित |
| १४३ | ११ | विचारकरी | विचार करो |
| १४४ | १२ | सर्वदर्शी | सर्वज्ञ सर्वदर्शी |
| १४५ | ९–१३ | पज्जुवासामि | पज्जुवासामि. |
| १४६ | ८ | भगवानना | भगवाननां |
| १५० | ४ | स्वरुप | स्वरुप |
| ,, | २२ | कर्मोंछे | कर्मोंछे, |
| १५१ | ७ | कर्मथी | कर्मथी, |
| ,, | ११ | देव | देह |
| १५६ | ८ | दम | दम, |
| १५९ | ९ | वचनामृत्त | वचनामृत |
| १६० | २१ | देखता | देखाता |
| १६१ | १५ | स्वबुध्या | स्वबुध्य |

| | | | |
|---|---|---|---|
| १६१ | ६ | विशेषता | विशेष |
| ,, | २३ | समजवानी | समजाववानी |
| १६८ | ८ | उतरो. | उतारो. |
| १६९ | ६ | जीवता | ध्रुवता |
| १७४ | ६ | विवेक | विवेके |
| ,, | १० | पुत्र | पुत्रे |
| ,, | २० | त्थांथी | त्यांथी |
| १७८ | ४ | करुं | करुं. |
| १७९ | १४ | हितेषिता. | हितैषिता. |
| १८२ | २ | कदापी | कदापि |
| ,, | १२ | जगत | जगत् |
| ,, | २३ | सन्यासी | संन्यासी |
| १८३ | २३ | जुओ | जुओ, |
| १८४ | ९ | काशल्य | कौशल्य |
| १८६ | ९ | भाग | भोग |
| ,, | २१ | हकेछे. | कहेछे. |
| १९१ | ३ | पहेलानां | पहेलाना |
| ,, | १४ | सदेव | सदैव |
| १९२ | १२-१४ | सन्यासियो | संन्यासियो |